રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## ગુજરાતી વાર્તા લેખકોની બે દિવસીય આવાસી વાર્તાલેખન શિબિર લોકભારતી ખાતે યોજાઈ ગઈ.



તારીખ : ૦૧-૦૨, નવેમ્બર ૨૦૨૫

સ્થળ : લોકભારતી

વર્ષ: ૭૯ અંક : ૦૫ ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫


## પંડિત સુખલાલજી લોકવિદ્યાલય-માઈધાર ખાતે યોજાઈ વાચન શિબિર






## ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા ખાતે યોજાઈ વાચન શિબિર



# કોડિયું

વર્ષ : ૭૯ ડિસેમ્બર ૨૦૨૫ અંક : ૦૫


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | સરદાર પટેલઃ 'ઇતિહાસના શિલ્પી'<br>ગુણવંત શાહ | ...૦૬ |
| ૦૨ | બાપુ મારા બાપ છે...<br>જય વસાવડા | ...૦૮ |
| ૦૩ | શિક્ષણ પ્રશિક્ષણ : નીતિઓ અને સમસ્યાઓ ભાગઃ૨<br>સતીશપ્રકાશ એસ. શુકલ | ...૧૦ |
| ૦૪ | સમર્થ પિતાની સમર્પિત પુત્રી<br>પારસકુમાર | ...૧૩ |
| ૦૫ | કથા આશા અને વિકાસની-૧૮ ઘરશાળાનો પ્રયોગ<br>બિંદુ- પાર્થેશ | ...૧૫ |
| ૦૬ | માવતરની માવજત લેખ-૧ બાળકની 'બોડી ઈમેજ' પ્રશ્ન કે પ્રસન્નતા ?<br>ડૉ. કૃણાલ પંચાલ | ...૧૮ |
| ૦૭ | લોકભારતીનું સ્નેહમિલન<br>મનસુખ સલ્લા | ...૨૦ |
| ૦૮ | સ્નેહમિલન- લોકભારતીમાં માણ્યું તેનું સ્મરણ...<br>પ્રવીણભાઈ ઠક્કર | ...૨૨ |
| ૦૯ | લોખંડીપુરુષ સરદારના છેલ્લા દિવસો કેવાં હતાં ?<br>રમેશ તન્ના | ...૨૪ |
| ૧૦ | રાસ રમાડે ગિરિધારી<br>પ્રશાંત મહેતા | ...૨૭ |
| ૧૧ | શું હું તમારી સાથે ખાઈ શકું ?<br>અજ્ઞાત | ...૨૯ |
| ૧૨ | અપંગના ઓજશ<br>ડૉ. સંજય તલસાણીયા | ...૩૧ |
| ૧૩ | ઈજનેર ગાંધી - ઈમારત અને ઈંટો<br>સંકલન : સોનલ પરીખ | ...૩૩ |
| ૧૪ | જીવન અને મરણ<br>ડૉ. બી. એમ. શેલડિયા | ...૩૫ |
| ૧૫ | ધર્મનિષ્ઠ વ્યકિત એટલે કેવી ?<br>અજિત ઠોસર | ...૩૬ |
| ૧૬ | સંસ્થા સમાચાર<br>પ્રશાંત મહેતા | ...૩૮ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


## ◆ સૂચના ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

છેલ્લા દિવસોમાં થયેલાં જળ-વાયુ પરિવર્તન(ક્લાઈમેટ ચેઈન્જ)ના પરિણામે લગભગ તમામ ક્ષેત્રે ગંભીર સમસ્યાઓ ઊભી થઈ રહી છે. ખાસ કરીને કૃષિ-બાગાયત-ગોપાલન સાથે સંકળાયેલ વર્ગને કે સંસ્થાઓને ભારે મોટી ખોટ ભોગવવાની થઈ છે. એક તરફ નવી નવી ટૅકનોલૉજીના આવિષ્કાર સ્વર્ગનાં સ્વપ્નાંઓ દેખાડે છે, તો બીજી તરફ સ્વીકારાઈ અને જીવાઈ રહેલી જીવનશૈલી ખતરાની ઘંટડી વગાડતી અનુભવાય છે! કવિ રમેશ પારેખે એક રચનામાં લાલબત્તી કરી છે :

રસ્તા ધબકે, ટાવર ધબકે, અરધોપરધો માણસ ધબકે,<br>
કોનો ધબકારો કોણ અહીં અટકાવી દે કહેવાય નહીં ?

મૂળ પ્રશ્ન માણસની જીવનશૈલીનો છે. આજે તમામ ક્ષેત્રે શોર્ટ-કટનો અભિગમ પ્રચલિત બનતો જાય છે. કામ વગર વેતન અને ભણ્યા વગર ડિગ્રી જોઈએ છે. ભ્રષ્ટાચાર સહિતનાં શોષણો કરનારને કોઈ શરમ કે પસ્તાવો થતો નથી. ભ્રષ્ટાચાર જાણે શિષ્ટાચાર બનતો જાય છે.

AIનું આકર્ષણ તેની કલ્પનાતિત સક્ષમતાને કારણે વધતું જ જવાનું છે. માણસ કરતાં વધારે ચોક્કસાઈથી અને ક્ષમતાથી કામ કરતાં રૉબોટ ટૂંક સમયમાં આવી રહ્યા છે. આવા સમયે આપણા નિષ્ઠાવાન કર્મયોગીઓની સ્થિતિ શું થશે એ બહુ મોટો ચિંતાનો વિષય છે. માણસની ઝંખના કોઈપણ પ્રકારનો પરિશ્રમ કર્યા વગર, પુરુષાર્થ કર્યા વગર, રાહ જોયા વગર, બીજાની ચિંતા કર્યા વગર, પ્રકૃતિને પહોંચતી હાનિની ચિંતા કર્યા વગર મોજ કરવાની વૃત્તિ વધતી જાય છે! પણ જ્યારે માણસની ક્ષમતા અને બુદ્ધિથી પણ વધારે ચડિયાતા રૉબોટ બની જશે ત્યારે માણસ જે લઘુતાગ્રંથી અનુભવશે એ સમયે રૉબોટ સાથે યુદ્ધ છેડાઈ જવાની પૂરી શક્યતા છે. આથી સંભવ છે કે રૉબોટ પાસે અમુક નિશ્ચિત કામો કરાવવાના ઠરાવો પસાર કરવાનો વારો આવે!

આ અતિ ગંભીર, વિકરાળ, વિનાશક અને બેકાબૂ બનનાર પ્રશ્નનો ઉકેલ માત્ર ભારતીય અધ્યાત્મદર્શન પાસે જ છે. રૉબોટના સર્જકોએ આત્મજ્ઞાન વિકસાવવું પડશે. આ ચૈતન્યસભર સૃષ્ટિના સંચાલકનો પોતે પણ એક અંશ છે અને સર્વાંશે પોતે પણ ઈશ્વરનો અંશ છે તેની પ્રતીતિ કરવી પડશે.

કાળબળથી ઘોડાપૂરે આવી રહેલી ભૌતિક સુવિધાઓની આ સુનામી વિકસી રહેલી ટૅકનોલૉજીના જ જોરે છે, ત્યારે દરેકમાં 'વિવેકનો વિકાસ' કરાવતી AI આધારિત ટૅકનોલૉજી શોધવી રહી, આવા સંસ્કારી AI-દૂત માટે પ્રાર્થના કરીએ.

— [signature]

## ૦૧ સરદાર પટેલ : 'ઇતિહાસના શિલ્પી'

**ગુણવંત શાહ**

સરદાર પટેલને મહાપ્રસ્થાન કર્યે ૭૫ વર્ષ થયાં છે. વડાપ્રધાનો આવશે અને જશે, સમાજવાદ આવશે ત્યારે ખરો, ગરીબી હટશે ત્યારે હટશે. દેશના ખેડૂતો, દેશના કામદારો અને દેશના લોકો જયારે પણ દેશ પર આપત્તિ આવે છે ત્યારે આજેય સરદારને યાદ કરે છે. બધી હતાશા, અનાસ્થા અને આકુળતા વચ્ચે દેશના જનસામાન્યની આંખો સરદારની ખુમારીને ખોળતી રહે છે. સરદારશ્રી નિમિત્તે ભારતની એકતા અને અખંડિતતાનું સંગોપન-સંવર્ધન થયું. દેશ પર સરદારનું જે ઋણ છે તેનું સ્મરણ કરી લઈએ અને ઇતિહાસને આકારનારા એ મહાપુરુષને વંદન કરીએ. આવનારી પેઢીઓ એમને 'ઇતિહાસના શિલ્પી' તરીકે યાદ કરશે. અશોક અને અકબરના સમયમાં પણ નહોતું એવું અખંડભારત એ એક એવું ઇતિહાસકૃત્ય હતું જેનો જોટો દુનિયાના ઇતિહાસમાં જડે તેમ નથી.

સરદાર જેવા એક ઘા અને બે કટકા કરવામાં માનનારા સ્પષ્ટવકતા અને નીડર નેતાને શત્રુઓ ન હોય તો જ નવાઈ. સરદાર પોતે એટલા પ્રતિભાવાન હતા કે એમને વિરોધીઓ પણ પ્રમાણમાં સબળ કહી શકાય તેવા મળેલા. જડતા વગરની દૃઢતા, નમાલાપણાથી જોજન દૂર એવી નમ્રતા, વેદિયાગીરીથી ભિન્ન એવી સિદ્ધાંતનિષ્ઠા, ચોખલિયાવેડાથી અસ્પૃશ્ય એવી વ્યવહારદક્ષતા અને આડંબર વગરની કર્તવ્યનિષ્ઠા સરદારના જીવનમાં ઘણે ઠેકાણે જોવા મળે છે. ભવિષ્યના ઇતિહાસકારે સરદારમાં પલાંઠી વાળીને બેઠેલા 'સૈનિક'ની નોંધ પણ લેવી પડશે. અહિંસા એ કાયરનું શસ્ત્ર નથી, એ બારડોલીની લડતે બતાવી આપ્યું. સરદારને ગાંધીજીના નેતૃત્વમાં ભારોભાર શ્રદ્ધા હતી. સરદાર દંભમુકત ગાંધીભકતોમાં મોખરાનું સ્થાન ધરાવનારી વ્યકિત હતી. સરદારે ગાંધીજીની આમાન્યા કયારેય ન વટાવી. પોતાની 'સ્ટાઇલ'જાળવી રાખીને તેમણે ગાંધીજીના આદેશોનો અમલ કર્યો હતો.

આ દેશની વ્યાપક લોકચેતના ઢંઢોળીને સરદારે ભારતના ઇતિહાસને આકારવાનો ભવ્ય પુરુષાર્થ કર્યો. ઇતિહાસના વ્યકત અવ્યકત પરિબળો જનસામાન્યના જીવનને ઘડે છે એ ખરું, પરંતુ કેટલીક વિરલ વ્યકિતઓ એવી હોય છે જે કાલદેવતાના રચનાકાર્યમાં પોતાના અર્પણ દ્વારા ઇતિહાસની કરવટ બદલવાનું નિમિત્ત બનતી હોય છે. સરદારને હું 'ઇતિહાસના ઘડવૈયા' કહું છું તે આ અર્થમાં.

સરદાર આદર્શઘેલા ન હતા, પણ તેનો અર્થ એ નહીં કે તેઓના જીવનમાં આદર્શને સ્થાન ન હતું. સરદારનો સમાજવાદ જીવનની વાસ્તવિકતા સાથે મેળ પાડનારો હતો. એમને સમાજવાદના શાસ્ત્રાર્થમાં રસ ન હતો. સત્તાની ટોચ પર બેઠેલા રાજકારણીઓ ઝટ રીઝી જાય છે અને કયારેક પ્રિયજનોમાં લાભોની લહાણી કરતા હોય છે. સરદાર આવા રાજકારણી (politician) ન હતા પરંતુ એક રાજપુરુષ (statesman) હતા. સરદારના અંગત જીવનમાં કોઈ સાધુને શોભે એવો દૃઢ વૈરાગ્ય જોવા મળે છે. સરદારનું અંગત જીવન એટલું અણિશુદ્ધ હતું કે આંગળી ચીંધામણ માટેય અવકાશ ન રહે. કયારેક વિચાર આવે છે. વિનોબાજીને સરદારથી અડધી દક્ષતાવાળા એક સેનાપતિ મળ્યા હોત તો ! ક્રાંતદર્શી પુરુષ વિચારોનું વાવેતર કરે પણ પછી નક્કર અનુકર્મ ન હોય તો ઝાઝું વળે નહીં. ખેડૂત દાણા ઓરે પછી હળ ન ફરે તો કશું ઊગે નહીં. ભૂદાન આદોલન દરમિયાન ઓરાયું ઘણું,પણ કળબાયું ઓછું. યુગપુરુષ વિચારોનુ હળ ચલાવે અને જીવન પાંગરે તે માટે સતત મથે. આવા મહાન હાળીની પાછળ નકામું ઘાસ દૂર કરે અને ઓરાયલા દાણા માટી વડે ઢાંકે તેવો દક્ષ કળબિયો જોઈએ. સરદાર એટલે ગાંધીજીના

કર્તવ્યપરાયણ કળબિયાં!

સરદારની શૈલીનું એક લક્ષણ એ હતું કે સાચા માણસે એમનાથી ડરવું ન પડે અને કાચા માણસને ડરવું જ પડે. સરદારે કોઈનેય એવું વચન ન આપ્યું જે એમણે પાળ્યું ન હોય. કોઈ ન પાળી શકાય એવા વાયદા માટે એમણે ‘હું જોઈશ’ એવું નથી કહ્યું. કોણીએ ગોળ લગાડે એ બીજા, સરદાર નહીં. સરદાર ભારે પરાક્રમી વીરપુરુષ હતા. પોતાને યોગ્ય લાગે તે વાત તેઓ સ્પષ્ટ શબ્દોમાં વ્યકત કરતા. સરદારની વાણીમાં ધારદાર વ્યંગ, હૃદય સોંસરી ઊતરી જાય તેવી દલીલો, ઘરગથ્થુ, ઉપમાઓ,હળવો વિનોદ, તર્કનો તિખારો,વેધક કટાક્ષ અને સંયમથી શોભતી શિસ્તનાં દર્શન થાય છે. સામેવાળાને સારું લગાડવા માટે ખોટી નમ્રતા કે મીઠાશ બતાવવાનું એમના લોહીમાં ન હતું.

સરદાર ટોચ પર પહોંચ્યા પછીય ગમાણની ગંધ ભૂલ્યા ન હતા. ટોચ પર પહોંચ્યા પછીય એમની અંદર ભારતનો કિસાન જીવતો -જાગતો બેઠો હતો. બારડોલી સત્યાગ્રહના કેપ્ટન તરીકે તેઓ ગાંધીજીને કહી શકેલા કે પોતાની રજા સિવાય બારડોલી આવવું નહીં. મુશ્કેલીઓએ સરદારની તાવણી તો કરી પણ સસ્તી સફળતાઓને ફંગોળી દઈને એમણે પોતાનું ઇતિહાસકૃત્ય પાર પાડયું. સરદારના જીવનમા ડોકિયું કરીએતો બે ઉત્તુગ શિખરો ધ્યાન ખેચે છેઃ

(૧) બારડોલીની લડત અને

(૨) દેશી રાજયોનું વિલીનીકરણ.

બારડોલી સત્યાગ્રહમા વિજય મળ્યો ત્યારે આખા દેશમા સરદાર છવાઈ ગયા. એ વિજયને કારણે લોકોને એટલું સમજાયું કે બ્રિટિશ હકૂમતને અહિંસક સત્યાગ્રહના માર્ગે પણ નમાવી શકાય છે. દેશ આખામાંથી પત્ર અને તારની વર્ષા થઈ, જેમાં એક તાર સુભાષચંદ્ર બોઝનો પણ હતો. સરદારને પ્રતાપે બારડોલી એ સ્વરાજયની લડત માટેનું પ્રયોગ-ક્ષેત્ર બની રહ્યું. છેવટે સરકારે નમતું જોખ્યું અને ‘બારડોલી’ કોઈ ગામનુ નામ ન રહેતાં એક ઘટના બની રહ્યું ! બારડોલીએ દેશને ‘સરદાર’ ની અણમોલ ભેટ ધરેલી.

સરદાર પટેલ પ્રચંડ સંકલ્પબળ, પારદર્શક પ્રામાણિકતા અને ધ્યેયનિષ્ઠ શાસનશૈલીના માલિક હતા. અનન્ય સંચાલક અને ચાણકય જેવી ચતુરાઈ ધરાવનાર શાસક હતા. સરદાર ચાણકય જેવા મહાન મુત્સદ્દી હતા. મુત્સદ્દી માણસ નિખાલસ હોઈ શકે ? સરદાર એ બાબતે ઉમદા અપવાદ ગણાય. તેઓની નિખાલસતા સત્યની સગીબહેન જેવી હતી. કુશળ શાસક હોવાની બાબતમાં તેઓ નેહરુથી સો ડગલાં આગળ હતા. ચાણકય પછી બાવીસ સદીઓ બાદ દેશને સરદાર મળ્યા હતા. સરદાર ચાણકય કક્ષાના વિચક્ષણ મુત્સદી અને દેશની પરિસ્થિતિના જાણતલ હતા. આજના રાજકારણીઓએ મુત્સદ્દીગીરીને લગભગ ‘મેલી વિદ્યા’ની કક્ષાએ ઉતારી મૂકી છે.

સરદાર જલદી રીઝી જાય એવા ‘આસુતોષ’ન હતા, પરંતુ ગેરસમજો, નિંદા અને વાસનાના ઝેરને પી જનારા ‘નીલકંઠ’ હતા. વાણી અને વર્તન વચ્ચેનું અંતર જેમ ઓછું, તેમ માણસના ચારિત્ર્યનો આંક ઊંચો ગણાય. સરદાર એ અર્થમાં ‘ચારિત્ર્યવાન’ નેતા ગણાય. સરદાર પટેલનું સ્મરણ આજે વિશેષ તીવ્રતાથી થાય છે. ઇસ્લામિક કટ્ટરતાનો સામનો હિંદુ કટ્ટરતાથી નહીં, પરંતુ વિવેકયુકત નિર્ભયતાથી શોભતી ઠંડી મક્કમતાથી જ થઈ શકે. સરદાર પટેલ સદેહે પુનરાગમન કરે એ શકય નથી અને જરૂરી પણ નથી. સરદારનું ‘પુનરામગન’ એટલે શું? મુખ્ય ત્રણ બાબતે એમનું પુનરાગમન થઈ શકેઃ

(૧) તુષ્ટિકરણને બદલે માનવતા અને રાષ્ટ્રનિષ્ઠા જ કેન્દ્રમાં હોય તેવું સેકયુલરિઝમ પ્રચલિત થાય.

(૨) સમાજવાદ નહીં, પરંતુ લિબરલ અર્થનીતિ વિકાસની દિશામાં સિદ્ધ થાય.

(૩) રાષ્ટ્રહિત કેન્દ્રમાં હોય એવી રાજનીતિમાં અવઢવ ગેરહાજર હોય.

સરદાર કર્મફલત્યાગ બાબતે દૃઢ વૈરાગી અને ગીતાપ્રણિત ત્યાગભાવના ધરાવનારા પ્રતિભાયુકત નેતા અને ‘સંસારી સંત’ સાબિત થયા, એમ જ કહેવું પડે.

ટહુકો

વડોદરુ

## ૦૨ બાપુ મારા બાપ છે...

**જય વસાવડા**

---

ડિસેમ્બર-૨૦૨૫માં અમદાવાદમાં રિવરફ્રન્ટ પર ચાલતા રાષ્ટ્રીય પુસ્તક મેળામાં સ્થાનિક અધિકારી મિત્રોની લાગણી ધ્યાનમાં લઈને એક સમયે એના આરંભથી ત્યાં આમંત્રિત રહેતો. એ સ્મરણો કહી પ્રિય મોરારિબાપુને પ્રેમપૂર્વક મેં ત્યાં પગલાં પાડવા અંગત વિનંતી કરેલી. એમણે દીવાળી પહેલા જ એ સ્વીકારી લીધી. 'સાહિત્ય' અને 'કળા' માટે બાપુ કાયમ ચંદનની જેમ જાતે ઘસાઈને બીજાને પવિત્ર અને સુગંધિત કરે, એ એમનો સ્વભાવ. હું તો ન્હોતો પણ બાપુ અતિ વ્યસ્ત હોવા છતાં ખાસ સમય કાઢીને ત્યાં ગયા. વ્હાલા જયદેવભાઈના ત્રણ પુસ્તકોનું પ્રેમાર્પણ એમના હસ્તે ત્યાં થયું એનો અદકેરો આનંદ.

ત્યાં સ્ટોલ નંબર ૩૯, પ્રકાશક નવભારત સાહિત્યમંદિર-અમદાવાદનો. એટલે પુસ્તકો સ્વરૂપે મારી હાજરી ત્યાં હોય. બાપુને રોનક શાહે બધું બતાવ્યું ત્યારે દિનુભાઈ ચુડાસમાએ તૈયાર કરેલ પુસ્તક 'તલગાજરડી આંખ'ની દ્વિતીય સંવર્ધિત આવૃત્તિ ઉપરાંત હવે નવી આવૃત્તિ જેની આવી ગઈ એ 'જય હો' પુસ્તક સાથે પ્રિય મોરારિબાપુએ ફોટો પડાવ્યો. યાદ આવી ગયું કે મારું 'રિમઝિમ ક્રિએશન' સાવ નવું હતું ત્યારે 'જય હો' ગુજરાતીમાં જાતે કરેલું પહેલું મોટું સાહસ હતું. ૨૦૧૨ માં એ વખતે પ્રિય બાપુના દર્શન એરપોર્ટ પર થયા. હું અમેરિકા જતો હતો ને બાપુ પણ. નવું જ આવેલું 'જય હો' મેં બાપુને આપ્યું. જોઈને પ્રસન્ન થયા. જોડે લઈ ગયા પ્લેનમાં.

એ યાત્રામાં છેલ્લે મારે કેલિફોર્નિયા બોલવા જવાનું થયું. વડીલ સ્વજન પ્રવીણભાઈ પટેલ અને હવે સ્વર્ગસ્થ મંજુબહેને જે સ્વામી સચ્ચિદાનંદના કાર્યક્રમો ત્યાં કરતા, એ મારા આધુનિક અને ક્રાંતિકારી વિચારોના ચાહક. એમણે ત્યાં કેલિફોર્નિયામાં કાર્યક્રમ ગોઠવ્યો હતો. ત્યાં પહોંચ્યો કેવી રીતે ડેટ્રોઇટથી એ પણ એક રસપ્રદ કથા છે. પણ એ પછી કોઈવાર. એ વ્યાખ્યાન ખૂબ સફળ રહ્યું. પૂરું કર્યા બાદ ત્યારે ને અત્યારે મોડું ના થતું હોય તો હું થોડી વાર મળું બધાને. એમાં એક બહેન શાંતિ ને શિસ્તથી ઊભા હતા. બીજાની અનુકૂળતા જોઈને પોતે ખસી ગયેલા બાજુમાં. ઓજસ્વી સસ્મિત ચહેરો. ગરિમાપૂર્ણ વ્યક્તિત્વ. એમનો વિનય વગર ઓળખાણે સ્પર્શી ગયો. ધીરજથી એમણે પ્રતીક્ષા કરી. પછી છેક છેલ્લે મને ખલેલ ન પહોંચે એમ હળવેકથી આવીને કહ્યું: **'ભાઈ, અનુકૂળતા હોય તો થોડો સમય ઘેર આવશો ?'**

આવી વાતનો કાયમ અને સાચો જવાબ હોય એ જ મેં એમને આપ્યો કે; 'એવો સમય નહિ રહે. કાલે તો હું સાનફ્રાન્સિસ્કો સાયન્સ મ્યુઝિયમ જોવા જઈશ. પછી તો ભારત નીકળીશ.' બહેન ભાવથી કહે, **'ભાઈ, બાપુને ત્યાં તમને જોઈએ એટલે ઓળખું છું. બાપુ પણ યાદ કરતા હતા. કહ્યું કે જયભાઈ આવે છે તો મળજે'.** મેં કુતૂહલથી પૂછ્યું,

'તમે મોરારિબાપુની કથાના ભાવક છો?'

એમણે સાવ સહજ ભાવે કહ્યું, **'બાપુ મારા બાપ છે.'** મેં કહ્યું, **'હા, એ તો જગતપિતા જેવા બાપ જ છે.'**

તો હસીને કહે... **'પણ મારા તો પપ્પા જ બાપુ છે. હું એમની દીકરી પ્રસન્ના અહીં સાસરે છું.'**

આ વિનમ્રતા અને વિવેક જોઈને હું તો આભો બની ગયો. દંગ રહી ગયા બાદ કળ વળતા મેં કહ્યું કે, **'સોરી, માફ કરો. મને ખબર નહીં. તમારે પહેલા કહેવાય ને. હું**

**જુદી વ્યવસ્થા કરાવત અહીં.'** 'મને સ્નેહથી કહે **'ના, ના બાપુ સાવ સહજ છે, અને અમે એમને જોઈને મોટા થયા છે. એવું કશું ગમે પણ નહીં. મારે ઘેર બોલાવવા હતા ને તમે પૂછ્યું એટલે મળવા માટે ઓળખ આપી. બાકી ચૂપચાપ સાંભળીને નીકળી જાત.'**

બાપુના બધા જ સંતાનોમાં આ સૌજન્ય, આ અભિજાત્ય ભારોભાર જોવા મળે. કોઈ રોફ કે ગુમાન નહીં. કોઈ અહંકાર કે અધૂરપ નહીં. કેવળ પ્રેમ, સ્વીકાર અને ઋજુતાથી સભર એવો વિનય ! હું તો નેચરલી પ્રવીણભાઈ જોડે એમની ઘેર ગયો. પતિ બાળકો સાસુ સસરા સૌને મળ્યો ને બાપુની અહર્નિશ સુવાસ ઝીલી ત્યાં. એમનું આતિથ્ય માણ્યું ત્યારે એમને માટે નવું હોઈ 'જય હો' પુસ્તક જ લઈ ગયેલો. ત્યારે પ્રસન્નાબહેન કહે, 'આ છે મારી પાસે, બાપુએ **હમણાં અમેરિકા આવ્યા ત્યારે જ મને મોકલાવ્યું. નવી પેઢીને ગમે એવું છે એટલે ખાસ વાંચવા કહ્યું.'**

આ છે બાપુ ! આ છે બાપુના પરિવારમાં ઉતરેલો સંસ્કારનો સોના જેવો કાટ ન લાગે એવો સહજ જીવન અને નોખી નમ્રતાનો વારસો ! કોઈની જોડે એક ફોટો પડાવીને ફુલાઈ જનારા કે જરાક અગવડ પડે ત્યાં ફુંગરાઈ જનારા બહુ જોયા છે, ત્યારે બાપુની માફક સંતાનો પણ કેવા સત્ત્વશીલ કે ક્યાંય કોઈ ભાર ન આપે ઓળખનો. રૂઆબ છાંટવાની કે સ્પેશ્યલ ટ્રીટમેન્ટની તો વાત જ નહીં !

અને બાપુ પણ પુસ્તક આપો તો બાજુમાં મૂકી દે એવા નહીં ! એમને ગમે એવા પુસ્તક બીજાને આપે. અરે ક્યારેક કોઈ પુસ્તક વિમોચનમાં ગયા હોય ત્યાં કોઈ જાતના પુરસ્કાર લેવાનો તો સવાલ જ નથી, પણ એમને વધુ નકલ કોઈને આપવી હોય તો જાતે કોઈને મોકલી યજમાનને ખબર પણ ન પડે એમ ખરીદે ! બધા અડધા અડધા થઈને એમને આપવા માંગતા હોય પણ એ સર્જકના સન્માનનો વિવેક રાખે.

બાપુના પરિવારમાં પણ અદલ આ જ વિવેક ઝળકે છે કાયમ. 'જય હો' એમના આશીર્વાદ ને વાચકોના સ્નેહથી ૩૫૦૦૦ નકલો વેંચાઈને નવા કવર સાથે આ એડિશન થઈ, પણ એના પ્રતિભાવો હજુ અદ્ભુત મળે છે. બાપુના હાથમાં ફરી એ જોઈને સ્મરણનો પટારો ઉઘડી ગયો. શબ્દશઃ પ્રસન્નતાના સ્નેહ અને અને સ્મિતની સ્મૃતિ ! કેવળ બાપુની કૃપા...

**ભગવદ્‌ગીતા**

આધ્યાત્મિક અને વ્યાવહારિક માર્ગદર્શનની બાબતમાં મારી શ્રદ્ધા 'ભગવદ્‌ગીતા' પર કેન્દ્રિત થયેલી છે. ગીતાની પહેલાંના હિંદુધર્મમાંના 'વેદ-ઉપનિષદ' આદિ મૂળ ગ્રંથ અને પછીનાં દર્શનો, ભાષ્યો, સંતનાં વચનો વગેરે અપાર સાહિત્ય, તેમજ અન્ય ધર્મોના અનેક ભાષામાંના ગ્રંથોના અવલોકનથી 'ભગવદ્‌ગીતા' પરની મારી શ્રદ્ધા અધિક દૃઢ થઈ. ગીતાનો વ્યાપક અને અવિરોધી અર્થ સમજવામાં આ ગ્રંથોએ મને મદદ કરી. કર્મયોગ અને પ્રેમયોગ, ધ્યાનયોગ અને જ્ઞાનયોગ, બુદ્ધિયોગ અને શુદ્ધિયોગ- એ બધા જ ગીતાએ એક જીવનસૂત્રમાં પરોવી આપ્યાં છે એ મારે ગળે ઊતરી ગયું. 'ભગવદ્‌ગીતા'ના કહ્યા પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરતા રહેવાથી અપાર શાંતિ મળે છે એવો અનુભવ મળ્યો, તેથી અમારા સાથીઓની નિષ્ઠા ગીતા પર સ્થિર થાય એવી સખત તાલાવેલી મને લાગી છે.

વિનોબા ભાવે

સતીશપ્રકાશ એસ. શુક્લ

**શિક્ષક પ્રશિક્ષકનું શિક્ષણઃ**

એક સમયે માનવામાં આવતું હતું કે 'શિક્ષકો જન્મે છે, શિક્ષકો તૈયાર કરી શકાતા નથી.' હવે 'પ્રશિક્ષણ દ્વારા શિક્ષકો તૈયાર કરી શકાય છે' એવી માન્યતા સાથે શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ શરૂ થઈ છે. તેમાં પ્રશિક્ષણ આપનારા પ્રશિક્ષકોને આપણે શિક્ષક પ્રશિક્ષક કહીએ છીએ. તેમણે પ્રશિક્ષણાર્થીઓના કૌશલ્યોનો વિકાસ કરીને તેમને શિક્ષણનાં વ્યવસાય માટે તૈયાર કરવાના હોય છે. તેથી પ્રશિક્ષકો પાસે પણ કેટલીક પાયાની લાયકાત અને કૌશલ્યો હોવા જરૂરી છે.

શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓની શરૂઆત થઈ તે પહેલાં શિક્ષકો તૈયાર કરવા માટેની કોઈ ઔપચારિક સંસ્થાઓ કે રીતો નહોતી. ભારતનાં સંદર્ભમાં પૌરાણિકકાળમાં શાસ્ત્રોનું જ્ઞાન ધરાવતાં ઋષિ શિક્ષણ આપવાનું કામ કરતા હતા. અર્જિત કરેલ જ્ઞાન અને વ્યક્તિગત અનુભવોને આધારે તેઓ અધ્યાપનની પોતાની રીતો નિશ્ચિત કરતા હતા. શિક્ષણ આપવાનું કામ મોટેભાગે બ્રાહ્મણો કરતા હતા. તેઓ શાસ્ત્ર અને શસ્ત્રનું શિક્ષણ આપતા હતા. વિવિધ વ્યવસાયો માટે કૌશલ્યયુક્ત માનવબળ તૈયાર કરવાનું કામ જે તે વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓ કરતી હતી. મોટાભાગના વ્યવસાયીઓ પોતાના કુટુંબનાં સભ્યોને વાસ્તવિક અનુભવની તક પૂરી પાડીને વ્યવસાય માટે તૈયાર કરતા હતા. તે માટે કોઈ વ્યવસાયી શિક્ષકની અનિવાર્યતા જણાતી ન હતી. કૌટુંબિક વ્યવસાયોમાં આજે પણ આ પરિસ્થિતિ જોવા મળે છે.

ઔપચારિક શિક્ષણ વ્યવસ્થાની શરૂઆતના તબક્કામાં અધ્યાપનની નૈસર્ગિક ક્ષમતા ધરાવતા અને જે તે વિષયના અભ્યાસુ વ્યક્તિઓ શિક્ષણ આપવાનું કામ કરતા હતા. તેમની પાસેથી અમુક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ વ્યક્તિ શિક્ષક તરીકે કાર્ય કરી શકતી હતી. તેથી તેમને શિક્ષક પ્રશિક્ષકોની જરૂર પડતી ન હતી. તેઓ જાત અનુભવે શિક્ષણ માટેના આવશ્યક કૌશલ્યો કેળવી લેતા હતા.

સમય આગળ વધ્યો અને એવી માન્યતાએ જન્મ લીધો કે વ્યક્તિને વિશિષ્ટ તાલીમ આપીને શિક્ષક બનાવી શકાય છે. પરિણામે શિક્ષક પ્રશિક્ષણની ઔપચારિક સંસ્થાઓ શરૂ થઈ. પરંતુ તેમાં અનુભવી અને વરિષ્ઠ શિક્ષકો પ્રશિક્ષણાર્થીઓને તાલીમ આપતા. પછી શિક્ષણશાસ્ત્રનો વિકાસ થયો. તેની પૂરક શાખા તરીકે શૈક્ષણિક તત્ત્વજ્ઞાન અને શૈક્ષણિક મનોવિજ્ઞાનનો સ્વીકાર થયો. શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો માટે વિધિવત અભ્યાસક્રમો તૈયાર થયા. નિયમિત શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી. નિયમિત અને કાયમી પ્રશિક્ષકોની જરૂર પડી. તે માટેની નીતિઓ ઘડવામાં આવી અને તેનો અમલ થવા લાગ્યો. શિક્ષક પ્રશિક્ષકો માટેની લઘુત્તમ લાયકાત નિશ્ચિત થઈ. આજે શિક્ષક માટેની લઘુત્તમ લાયકાત ધરાવતી વ્યક્તિ પ્રશિક્ષણ સંસ્થાઓમાં પ્રશિક્ષક તરીકે કાર્ય કરે છે. જો કે શિક્ષક પ્રશિક્ષક તૈયાર કરવા માટેની કોઈ ઔપચારિક પ્રશિક્ષણ સંસ્થાઓ આજે પણ અસ્તિત્વ ધરાવતી નથી.

શિક્ષક પ્રશિક્ષકો માટેની અપેક્ષિત શૈક્ષણિક લાયકાત જોતાં કહી શકાય કે તેમને શિક્ષક પ્રશિક્ષક તરીકેની કોઈ વિશિષ્ટ તાલીમ આપવામાં આવતી નથી. જો કે તેઓ તેમના બી.એડ્.ના પ્રશિક્ષણ દરમિયાન વર્ગખંડ શિક્ષણની તાલીમ મેળવી લે છે. ઉપરાંત એમ.એડ્.ના અભ્યાસ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓને બી.એડ્. કૉલેજમાં ઈન્ટર્નશીપ કરવાની હોય છે. તેથી તેમને બી.એડ્. કૉલેજમાં શિક્ષણ કાર્ય કરવાની

સામાન્ય તાલીમ મળે છે.

એમ.એડ્. કે એમ.એ. (એજ્યુકેશન) કરેલ પ્રશિક્ષકોને તેમના અભ્યાસ દરમિયાન સંશોધન કરવાની તક મળે છે. તેથી તેઓ જે તે કક્ષાએ, તેમની ક્ષમતા અને રૂચિ મુજબ સંશોધન કરીને પ્રશિક્ષક તરીકેની ક્ષમતાનો વિકાસ કરી શકે છે. શિક્ષક પ્રશિક્ષણ માટેની આજની આપણી વ્યવસ્થા શિક્ષક પ્રશિક્ષકોના શિક્ષણ માટેની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં નિષ્ફળ રહી છે.

**શિક્ષક પ્રશિક્ષકોના શિક્ષણ અંગેની સમસ્યાઓ**

●પ્રાથમિક શાળાથી માંડીને ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષકોને જુદા જુદા વિષયના શિક્ષણ માટે પ્રશિક્ષણ આપતી પ્રશિક્ષણ સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે. પરંતુ, શિક્ષક પ્રશિક્ષકોના શિક્ષણ અંગેની સૌથી મોટી સમસ્યા એ છે કે ફક્ત શિક્ષક પ્રશિક્ષકોના શિક્ષણ માટે સમર્પિત હોય, તેવી કોઈ ઔપચારિક સંસ્થા કે અભ્યાસક્રમ વિશ્વના લગભગ કોઈ પણ દેશમાં નથી.

● એમ.એડ્. કે એમ.એ. (એજ્યુકેશન) એ શિક્ષક પ્રશિક્ષકો માટેની અનિવાર્ય શૈક્ષણિક લાયકાત છે. ભારતના જુદાં જુદાં રાજ્યોમાં અને કોઈ એક રાજ્યના જુદાં જુદાં વિશ્વવિદ્યાલયોમાં એમ.એડ્.ના અભ્યાસક્રમમાં એકરૂપતા અને સમાનતા જોવા મળતી નથી. તેથી કોઈ રાજ્ય કે પ્રદેશમાં સ્થાનિક કક્ષાએ પણ શિક્ષક પ્રશિક્ષકો માટે નિપુણતા માટેના સમાન ધોરણો નિશ્ચિત કરી શકાતાં નથી.

● શિક્ષક પ્રશિક્ષક તરીકે કાર્ય કરતા શિક્ષકો વિવિધ શૈક્ષણિક પૃષ્ઠભૂમિ ધરાવે છે. જેમ કે વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન. તેથી તમામને એક તખ્તા પર લાવીને એક પ્રકારનું શિક્ષણ આપવા માટેના અભ્યાસક્રમ રચવાનું કામ મુશ્કેલ બને છે.

● આવા તમામ ઉમેદવારોને એક સાથે સમાન સૈદ્ધાંતિક, શિક્ષણશાસ્ત્રીય અને આધારશીલાના વિષયો શીખવવા પડે છે. પરંતુ જુદી જુદી શૈક્ષણિક પૃષ્ઠભૂમિ ધરાવતાં પ્રશિક્ષકો સમાન કક્ષાએ આવા વિષયોમાં નિપુણતા મેળવી શકતા નથી.

● શિક્ષક પ્રશિક્ષક બનવા માગતા ઉમેદવારો તેમની વિદ્યાશાખામાં જુદી જુદી કક્ષાની પદવી ધરાવે છે. જેમ કે અમુક સ્નાતક કક્ષાની તો અમુક અનુસ્નાતક કક્ષાની પદવી ધરાવે છે. આવા બન્ને પ્રકારના ઉમેદવારોને એક સમાન રીતે શિક્ષક પ્રશિક્ષક તરીકેની તાલીમ આપવાનું કામ અઘરું બને છે.

● જો કે ઉપરોક્ત મર્યાદા દૂર કરવા માટે NCTE એ શિક્ષક પ્રશિક્ષકો માટે કોઈ પણ એક શૈક્ષણિક વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાની પદવી ફરજિયાત કરી છે. પરંતુ તેમાં એમ.એ. (એજયુકેશન)નો વિકલ્પ આપ્યો છે. એમ.એ.(એજયુ.) ની પદવી ધરાવનારને શૈક્ષણિક વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાની પદવી મેળવવાની જરૂર રહેતી નથી. આવા સંજોગોમાં ઉપરોક્ત સમસ્યા ચાલુ રહે છે.

● શિક્ષક પ્રશિક્ષકોએ પ્રશિક્ષણાર્થીઓને 'અધ્યાપન માટે અધ્યયન (Learning to Teach)' અને અધ્યયન માટે અધ્યાપન (Teaching to Learn) કરવા માટેની રીતો શીખવવાની હોય છે. તે માટે શિક્ષક પ્રશિક્ષકો પાસે માધ્યમિક શાળા અને પ્રશિક્ષણ સંસ્થા બન્નેમાં અધ્યાપન કરવાનો અનુભવ હોવો જોઈએ. જેથી તે શાળામાં અધ્યાપનની સમસ્યાઓ અનુભવીને પ્રશિક્ષણાર્થીઓને આ બન્ને પ્રકારનું પ્રશિક્ષણ આપી શકે. પરંતુ પ્રશિક્ષકોના શિક્ષણ માટેનું કોઈ ચોક્કસ માળખું અથવા ઔપચારિક સંસ્થા ન હોવાથી આ કાર્ય થઈ શકતું નથી.

● પ્રશિક્ષકો ઉપર જણાવેલ કાર્ય અસરકારક રીતે કરી શકે તે માટે શાળા કક્ષાએ અધ્યાપનનો અનુભવ ધરાવતા શિક્ષકોને જ પશિક્ષણ સંસ્થામાં નિમણૂક આપવી જોઈએ. પરંતુ શિક્ષક પ્રશિક્ષકો માટેની અનિવાર્ય લઘુત્તમ શૈક્ષણિક લાયકાતમાં તેની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી.

● શૈક્ષણિક વિષયો અને શિક્ષણ પદ્ધતિ શાસ્ત્રનું સંકલન કરીને શાળામાં વિષયવસ્તુની સ્પષ્ટ રજૂઆત કરવા માટેનું પ્રશિક્ષણાર્થીઓનું કૌશલ શિક્ષક પ્રશિક્ષકોએ વિકસાવવું પડે છે. પ્રશિક્ષણાર્થીઓનું આવું કૌશલ વિકસાવવા માટે

પ્રશિક્ષકો પાસે શૈક્ષણિક વિષયોના વિષયવસ્તુ અને શિક્ષણપદ્ધતિઓ અંગેનું ઊંડું જ્ઞાન અને ઊંડી સમજ હોવી આવશ્યક છે. પરંતુ એમ.એડ્. કે એમ.એ. (એજ્યુકેશન) કક્ષાએ અભ્યાસક્રમમાં તે માટેની કોઈ જોગવાઈ નથી. તેથી પ્રશિક્ષક માટેની શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રશિક્ષકો આ ક્ષમતા વિકસાવી શકતા નથી.

● પ્રશિક્ષણાર્થીઓને શૈક્ષણિક તકનિકી અને ICTનો શિક્ષણમાં વિનિયોગ કરવા માટેનું પ્રશિક્ષણ પ્રશિક્ષકોએ આપવાનું હોય છે. પરંતુ એમ.એડ્. કે એમ.એ. (એજ્યુકેશન) કક્ષાએ આવી કોઈ તાલીમ આપવામાં આવતી નથી. તે સંદર્ભમાં પ્રશિક્ષકો માટેનું શિક્ષણ નબળું પૂરવાર થાય છે.

● શિક્ષક પ્રશિક્ષકોએ પ્રશિક્ષણાર્થીઓને શાળા કક્ષાએ શિક્ષણ આપવા માટેનું પ્રશિક્ષણ આપવાનું હોય છે. તેમ છતાં શિક્ષક પ્રશિક્ષકો તૈયાર કરતાં શિક્ષણનાં અનુસ્નાતક કેન્દ્રો અને શાળાઓ વચ્ચે સંકલન, સહયોગ અને સંબંધ પ્રસ્થાપિત કરવા અંગેની કોઈ જોગવાઈ એમ.એડ્. કે એમ.એ.(એજ્યુકેશન) ના અભ્યાસક્રમોમાં નથી.

● એમ.એડ્. કે એમ.એ. (એજ્યુકેશન) કક્ષાએ શાળાની વાસ્તવિક પરિસ્થિતિમાં પ્રશિક્ષણાર્થીઓને અધ્યાપન અંગેની કે વિદ્યાર્થીઓ સાથેની આંતરક્રિયા કરવા માટેની કોઈ તક આપવામાં આવતી નથી. તેથી તેઓ શાળાની વાસ્તવિક સમસ્યાઓ પ્રત્યક્ષ રીતે અનુભવી શકતા નથી અને શાળાકીય સમસ્યા ઉકેલ માટેનું પ્રત્યક્ષ પ્રશિક્ષણ મેળવી શકતા નથી. પરિણામે ભવિષ્યમાં પ્રશિક્ષક તરીકે કાર્ય કરતી વખતે તેઓ પ્રશિક્ષણાર્થીઓને શાળા કક્ષાની સમસ્યા ઉકેલવા માટેનું અસરકારક પ્રશિક્ષણ આપી શકતા નથી.

● શિક્ષક પ્રશિક્ષણ અંગે રાષ્ટ્રીય કક્ષાએ નીતિ ઘડતર કરતી NCTE જેવી સંસ્થાઓ પણ શિક્ષક પ્રશિક્ષકોના શિક્ષણ અંગેની નીતિઓ ઘડવામાં ગંભીર જણાતી નથી.

● સમગ્ર ચર્ચાને આધારે કહી શકાય કે શિક્ષક પ્રશિક્ષણના મૂળભૂત હેતુઓને ધ્યાનમાં રાખીને શિક્ષક પ્રશિક્ષકો તૈયાર કરવા માટેની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે તો શિક્ષક પ્રશિક્ષણની અનેક સમસ્યાઓ દૂર કરી શકાય છે અને પ્રશિક્ષણાર્થીઓને સઘન પ્રશિક્ષણ આપી શકાય છે. જો આ શક્ય બને તો શાળા શિક્ષણ ક્ષેત્રે ભારતમાં પ્રવર્તમાન અનેક સમસ્યાઓ પણ દૂર કરી શકાય.

**જીવન...**

પામ્યા ચીર જીવનનું પાથેય લઈ લો,
નાવડી કલ્યાણથી ભરી લો.
સુખમાં અને દુઃખમાં
અંધકારમાં અને પ્રકાશમાં
અમૃતની શોધમાં જજો.
આળસમાં અને આવેશમાં
બંધાયેલાં ન રહેશો.
તોફાનમાં અને વાવાઝોડામાં
હસતા હસતા ચાલ્યા જજો.
તમારો પ્રેમ વિશ્વમાં, દેશવિદેશમાં
ફેલાવી દેજો.

--રવીન્દ્રનાથ ટાગોર

---

માણસના જીવનનો
ગુરુત્વાકર્ષણના નિયમ જેવો જ
એક અફર નિયમ છે :
આપણે
વસ્તુઓને વાપરતાં
અને
માણસોને પ્રેમ કરતાં
શીખવું જોઈએ;
નહીં કે,
માણસોને વાપરતાં
અને
વસ્તુઓને પ્રેમ કરતાં !

--જહોન પૉવેલ

## ૦૪ સમર્થ પિતાની સમર્પિત પુત્રી

**પારસકુમાર**

---

હિંદુસ્તાનના ઈતિહાસ પર જેટલો ઉપકાર સરદારનો છે તેટલો જ ઉપકાર સરદારની દીકરી મણિબહેનનો છે. મણિબહેન પટેલે સરદારનો પત્રવ્યવહાર અને ઐતિહાસિક વિગતો સાચવી ન હોત તો આપણને હિંદુસ્તાનની આઝાદીનો ઈતિહાસ મોરપીંછ વિનાના મોર જેવો મળ્યો હોત. મણિબહેનના ઉપકારની ઉચ્ચાઈ તો સ્ટેચ્યૂ ઓફ યુનિટીની ઉચ્ચાઈને શરમાવે તેવી છે. મહાત્માને જેમ મહાદેવભાઈ દેસાઈ મળ્યા તેમ સરદારને દીકરી મણિબહેન મળ્યા. મણિબહેને મહાદેવભાઈ દેસાઈની જેમ જ સરદારની ઝીણી ઝીણી વિગતો એકઠી કરી છે પણ મણિબહેને પોતાની ડાયરી ક્યારેય નવજીવન ટ્રસ્ટમાંથી કે બીજે ક્યાંયથી પ્રગટ કરવાનો આગ્રહ રાખ્યો નહોતો. મણિબહેને પોતે લખેલા અંશો સરદારને તો ઠીક બીજા કોઈને પણ ક્યારેય આગ્રહપૂર્વક વાંચવા આપ્યા હોય તેવો દૂર દૂર સુધી ક્યાંય ઉલ્લેખ વાંચવા મળતો નથી. જેટલા સમર્પિત પિતા તેટલી જ સમર્પિત પુત્રી !

સરદારની જેલ ડાયરીમાં સરદારના જેલના અનુભવો છે પણ મણિબહેનની ડાયરીમાં સરદારના ઐતિહાસિક અનુભવો છે. મહાદેવભાઈ દેસાઈની ડાયરીમાં સરદાર અને ગાંધીએ સજોડે ભોગવેલા જેલવાસના અનુભવો તો આપણા પાઠ્યપુસ્તકોમાં સ્થાન પામે તેવા છે અને મણિબહેનની ડાયરી તો ઠીક આપણી પાસે મહાદેવભાઈ દેસાઈની પણ આખી ડાયરી ઉપલબ્ધ નથી. સરદારની કર્તવ્ય-તત્પરતા અને સરદારે યોગ્ય સમયે લીધેલા યોગ્ય પગલાંની ઐતિહાસિક વિગતો મણિબહેનની ડાયરીમાં પાને પાને ઝળુંબે છે. સરદારની ઉત્તુંગ પ્રતિભાનો તાગ મેળવવા મણિબહેનની ડાયરી પણ વાંચવી જ પડે. મણિબહેનની ડાયરીમાં ઝળુંબતા સરદારને જાણ્યા વિના સ્ટેચ્યૂ ઓફ યુનિટીને-સરદારની ગગનચુંબી પ્રતિમાને મળવાનું ટાળવું જોઈએ.

સરદાર-સાહિત્યમાં મણિબહેનની ડાયરીનું સ્થાન મોરપીંછ જેવું છે. મણિબહેન પડછાયાની માફક સરદારની સેવામાં હાજર રહ્યા અને સરદારની ઐતિહાસિક વિગતો ડાયરીમાં નોંધતા રહ્યા. મણિબહેનની દળદાર ડાયરી એક હજાર જેટલા પૃષ્ઠોમાં ફેલાયેલી છે. ડાયરીના કાગળ પીળા પડીને સડી જવાની અણી પર હતા ત્યારે પી.એન.ચોપરા અને પ્રભા ચોપરાએ હિંદુસ્તાનના લોખંડી ઈતિહાસને લુપ્ત થતા બચાવી લીધો. મૂળ ગુજરાતી ભાષામાં લખાયેલી મણિબહેનની ડાયરીનો અંગ્રેજીમાં અનુવાદ થયો 'Inside Story of Sardar Patel: Diary of Maniben Patel:૧૯૩૬-૫૦' નામે અનુવાદ પ્રગટ થયો અને હવે છેક ૨૦૧૧થી ૫૨૩ પેજમાં પથરાયેલી આ અંગ્રેજી ડાયરીને મૂળભાષા ગુજરાતીમાં અનુવાદીત કરીને પ્રગટ કરવાના પ્રયત્નો છેલ્લા એકાદ દાયકાથી થઈ રહ્યા છે. મણિબહેનની ડાયરી મૂળભાષામાં પ્રગટ નહીં થાય તો સરદારની ગગનચુંબી પ્રતિભાને નહીં પણ સરદારની માતૃભાષાને અન્યાય થયો ગણાશે.

સરદારનું અવસાન થયું અને મણિબહેને ડાયરી લખવાનું બંધ કર્યું, સરદારના અવસાન પછી મણિબહેન ચાળીસ વર્ષ જીવ્યા પણ સરદારને થયેલા અન્યાયના સ્મરણમાં કે પોતે કરેલા સંઘર્ષને ઉજાગર કરવા ક્યાંય એક પાનું પણ ના લખ્યું. સ્વયં સરદારને ખુદના દુઃખ ન કહેનાર મણિબહેન દુનિયાને પોતાના દુઃખડા સંભળાવે ખરાં? મણિબહેન જીવ્યા ત્યાં સુધી સરદારને દેશનો સર્વોચ્ચ 'ભારતરત્ન પુરસ્કાર' મળ્યો નહીં. કેટલીક પ્રતિભાઓ સર્વોચ્ચ પુરસ્કારથી પણ પર હોય છે. વર્ષ ૧૯૯૦માં મણિબહેનનું અવસાન થયું અને ૧૯૯૧માં ભારતના ૫૬૨ રત્નોને એક કરનાર સરદારને ભારતરત્ન પુરસ્કાર મળ્યો. એ પહેલાં ૨૪ લોકોને દેશનો સર્વોચ્ચ પુરસ્કાર મળી ચૂક્યો હતો.

સરદાર કોણ હતા તે જાણવા માટે મણિબહેનની ડાયરી વાંચવી પડે અને મણિબહેન કોણ હતા તે જાણવા માટે બાપુએ મણિબહેનને લખેલા પત્રો વાંચવા પડે. મહાત્માને દીકરી નહોતી, મણિબહેનને બા નહોતી, બાપુ જાણે બા વિનાની દીકરીનું ઘડતર કરતા હોય તેમ નિરંતર મણિબહેનને પત્રો લખતા રહ્યા અને બાપુના અવસાન પછી આ પત્રો 'બાપુના પત્રોઃ મણિબહેન પટેલને' ચાર દળદાર ભાગમાં પ્રગટ થયા. મણિબહેને ડાયરીમાં સરદાર માટે 'બાપુ' અને મહાત્મા માટે 'બાપુજી' શબ્દ પ્રયોજ્યો છે. મણિબહેને પોતાની જેલ ડાયરી કે જેલયાત્રા વિશે ક્યારેય કશું લખ્યું નથી. પણ મહાત્મા સરદારને લખે છેઃ મણિબહેનનો જેલનિવાસ જ તેમના મનોબળને લોખંડી બનાવે છે. બાપુએ મણિબહેનને લખેલા પત્રોની જેમ મણિબહેને મહાત્માને લખેલા પત્રોનું પૂર્ણપણે દસ્તાવેજીકરણ થયું હોત તો આપણે લોખંડી પુરુષની લોખંડી દીકરીના દર્શન કરવા વધુ સંઘર્ષ ના કરવો પડ્યો હોત.

સરદાર ખાનગીમાં ગાંધીને કહેતા કે હું મણિબહેનના લોખંડી મનોબળથી ખુશ છું અને બાપુ મણિબહેનને લોખંડી સ્વભાવ જાળવી રાખવાનો આગ્રહ કરતા રહેતા. બારડોલી સત્યાગ્રહમાં પુરુષો કરતાં સ્ત્રીઓનો વધુ પ્રમાણમાં હાજર રહેવાનો યશ મણિબહેનના લોખંડી મનોબળને જ મળે છે. સરદાર માટે પારિવારિક આનંદની ક્ષણ કઈ? સ્વયં સરદાર લખે છેઃ 'મણિબહેન શરમસંકોચ વિના પત્રો લખતા શીખી ગયા તે આનંદની પળ હતી.'

બાપુની હત્યા થઈ ત્યારે માઉન્ટબેટને સરદાર અને નહેરુને બોલાવીને કહ્યું, બાપુએ છેલ્લી મુલાકાત વખતે મને કહેલું કે, 'મારી ઈચ્છા છે કે સરદાર અને જવાહર એક થઈ જાય' અને માઉન્ટબેટનની હાજરીમાં બંને એકમેકને ભેટીને નાના બાળકની માફક રડી પડે છે. સરદારના આંસુમાં હિંદુસ્તાનનું ભવિષ્ય તરવરતું હતું. પણ સરદારના અવસાન વખતે મણિબહેનના આંસુમાં હિંદુસ્તાનની એકલતા તરવરતી હતી. મણિબહેને સરદારની અંતિમ ક્ષણો વિશે લખ્યું છે પણ સરદારની અંતિમયાત્રા વિશે કે અંતિમયાત્રામાં નહેરુની હાજરી વિશે કશું જ લખ્યું નથી.

સરદારની શોભા સ્થિતપ્રજ્ઞ બનીને જીવવામાં અને મક્કમતાપૂર્વક અડગ નિર્ણયો લેવામાં પ્રગટ થાય છે. સરદાર કાગળ પર કવિતાને બદલે ઇતિહાસ કંડારવામાં માટે જન્મેલા મહાપુરુષ હતા. મહાત્માએ જેમ પોતાના ગીતાભાષ્યનું નામ 'અનાસક્તિયોગ' રાખ્યું તેમ કોઈકે સરદારની છેલ્લી અવસ્થામાં સરદાર પર આત્મકથા લખી હોત તો કદાચ બાપુએ સરદારના વ્યક્તિત્વ માટે 'અનાસક્ત' શબ્દ જ પ્રયોજ્યો હોત.

સરદારને નિરંતર થયેલા અન્યાયમાં આપણે સુધારો કરી શકીએ તેમ નથી પણ સરદારને પ્રતિદિન આપણા તરફથી જે અપમાન થાય છે તેમાં આપણાથી ફેરફાર થઈ શકે તેમ છે. સરદારને ભારતના બિસ્માર્ક કહેવા તે સરદારનું સૌથી મોટું અપમાન છે. બિસ્માર્ક જેવી ખૂની, શરાબી વ્યક્તિની લગોલગ સરદારને મૂકવાનો વિચાર જ સરદારને મરણોપરાંત આપણા તરફથી થયેલો અન્યાય કહેવાય. સરદારનો સ્વભાવ જ નહીં સરદારના નિર્ણયો પણ લોખંડી હતા. સરદાર કલમધર્મના નહીં પણ સ્વધર્મના સ્વામી હતા. કુશળ નિર્ણય લેવાની એમની નીડરતા, તત્કાળ પગલાં લેવાની શીઘ્રતા અને ઓલિયા જેવી એમની ત્યાગવૃત્તિમાં નિરંતર તાજગી હતી. ગુજરાતના વિચારપુરુષ ગુણવંત શાહ લખે છેઃ 'ગીતામાં કૃષ્ણ દૈવી સંપતિનાં લક્ષણોની યાદીમાં અભયને પ્રથમ સ્થાને મૂકે છે. અભયને કારણે સરદાર ઠંડી મક્કમતાના સ્વામી હતા. તેઓ દંભથી જોજન દૂર હતા, નિખાલસતા એમનો સ્થાયીભાવ હતો.'

હિંદ છોડો આંદોલન વખતે સરદાર અહમદનગર જેલમાં હતા અને મણિબહેન યરવડા જેલમાં હતા ત્યારે સરદારે પત્રમાં લખ્યુંઃ 'આ દુનિયામાં મારો વખત પૂરો થવા આવ્યો છે,તમે છૂટો પછી કોઈ કામનું ક્ષેત્ર પસંદ કરીને વળગી જશો. જેથી તમને મારા ગયા પછી એકદમ અઘરું ન લાગે!' અને આઠેક વર્ષ પછી સરદારની વિદાય પછીના મણિબહેનની એકલતા વિશે આપણે ત્યાં ખૂબ ઓછું લખાયું છે. મણિબહેનના સ્મારક સરદારની છાતીમાં ઝળુંબે છે.

જય સરદાર !

મો ૯૮૨૫૯ ૯૬૫૩૯

## ૦૫ કથા આશા અને વિકાસની-૧૮ ઘરશાળાનો પ્રયોગ

**બિંદુ- પાર્થેશ**

---

એ બે...... ન ! ક્યાં ખોવાઈ ગયા?

મુખ્યમંત્રીનું સરનામું આપોને?

હેતલના અવાજથી આશા પાછી વર્તમાનમાં આવી.

બાજુના ગામના વેપારીઓ, પ્રતિષ્ઠિત માણસો, વિકાસના સંબંધીઓ, ગાંધીનગરના અધિકારીઓ, શિક્ષણમાં રસ લેતા લોકો, એક અઠવાડિયું આ બધાના સરનામા શોધવામાં ગયો. હવે પ્રશ્ન આવ્યો છાપુ મોકલવું શેમાં? એટલે કવર બનાવવાનું નક્કી થયું. ૧૦૦ કવર બનાવવા માટે ૧૦૦ કાગળ જોઈએ. દર સાત દિવસે ૧૦૦ કોરા કાગળ પોસાય તેમ ન હતું. એટલે નક્કી થયું કે પોસ્ટ દ્વારા મોકલવાના કવર સફેદ રાખવા, રૂબરૂ આપવા કવર છાપામાંથી બનાવવાં. ૧૦૦ સરનામા લખવામાં ખૂબ સમય લાગતો. તેથી સરનામાની નકલો કરાવી. લેપટોપ તો વિકાસ પાસે હોય તેથી બાળકોએ હાથથી લખવાનું શરૂ કર્યું. તે માટે ચિત્રના જાણકાર વિદ્યાર્થી બોર્ડર દોરે. અંદર આછી લીટી દોરે. સરસ અક્ષરે યોગ્ય જગ્યા છોડી લખે. એ પહેલાં રફ સમાચાર લખે. આશા 'પ્રૂફ રીડિંગ' કરે. હવે બાળકો એક સાપ્તાહિક છાપુ બહાર પાડી શકાય તેમ ન હતું. તેથી સાપ્તાહિકના બદલે પાક્ષિક કર્યું.

વળી વિકાસે વધુ અઘરું કર્યું. કહ્યું કે ૬૦% પોસ્ટમાં મોકલવા અને ૪૦% રૂબરૂ આપવા જવા! બાળકો મુંઝાણા. આસપાસના ૮ કિલોમીટરમાં આવેલાં ગામોમાં સાયકલ લઈને આપવા જવું તેવું નક્કી કર્યું. રસ્તામાં કૂતરાં આવે, સાયકલ પડી જાય. પણ બાળકો મજબૂત. છાપા આપીને જ આવે. લોકો પૂછે પણ ખરાં કે આ શું છે. તો કહે કે આ અમારું ભણવાનું !

એક દિવસ તેઓ નિબંધનો એક પ્રકાર આત્મકથા વિશે ભણી રહ્યાં હતાં. વિકાસે એક વિચાર રજૂ કર્યો... તમે ચારેય જણા તમારી આત્મકથા આપણા રાજપુર સમાચારમાં મૂકો તો કેવું? વિચાર અમલમાં મૂકાયો. હેતલે તેની આત્મકથા લખી ત્યારે બધાંને ખબર પડી કે તેની બહેન બે વર્ષની હતી ત્યારે રમતાં રમતાં પાણીની કૂંડીમાં પડી જતાં મૃત્યુ પામી હતી !

બિપિને તો વાચકોને મોજ કરાવી દીધી. તેણે લખ્યું કે મારો જન્મ જ્યાં થયો હતો તે ન તો ગામ હતું ન તો શહેર હતું. વાચક વિચારમાં પડી ગયાં કે તો પછી આ જન્મ્યો ક્યાં! આગળ બિપિન લખે છે કે હું જ્યાં જન્મ્યો તે ખેતર હતું. કારણકે મારા માબાપ બાજુના ગામના સીમતળમાં એક પટેલના ખેતરમાં ભાગિયા તરીકે કામે હતા....

આગળ ઘરશાળામાં બે સરસ બદલાવ આવ્યાં. એક તો નવા શૈક્ષણિક વર્ષે આ ચાર વિદ્યાર્થી નવમાં ધોરણમાં ગયાં અને બીજા ત્રણ આઠમાં ધોરણમાં આવ્યાં. એ કારણે બાજુના ગામના એક યુવાનને શિક્ષક તરીકે લીધો. યુવાન તોખાર ઘોડા જેવો. ઘરશાળાનું આખું વાતાવરણ એના કારણે બદલાઈ ગયું. ભણવા સાથે ધમાલ મસ્તી પણ ચાલું થયાં.

બીજો બદલાવ એ આવ્યો કે 'મારી શાળા'ના પાંચમાં, છઠ્ઠા અને સાતમાં ધોરણનાં વિદ્યાર્થીઓને 'રાજપુર સમાચાર'માં રસ પડ્યો. એમણે કહ્યું કે, 'આપણે પણ છાપું બહાર પાડીએ તો?' એટલે હવે દર ૧૫ દિવસે છાપું બહાર પડે પણ એક વખતે મારી શાળાના બાળકો બહાર પાડે અને બીજા વખતે 'ઘરશાળા'નાં બાળકો છાપું બહાર પાડે. દર પંદર દિવસે બહાર પડે પણ 'મારી શાળા'ના બાળકોને કે

ઘરશાળાના બાળકોને એક મહિને છાપું બહાર પાડવાનું થાય. વાચકો સુધી દર ૧૫ દિવસે છાપું પહોંચે.

છાપું ગામના જાગૃત લોકો સુધી પણ પહોંચતું હતું. એટલે ગામ પણ સજાગ થયું. ગામમાં ઝાડવા કપાયા હોય કે કોઈ પણ સારી કે નબળી ઘટના બની હોય, રાજપુર સમાચારમાં આવી જતી. ગામવાળા એકબીજાને ટોકતાં કે જાળવજો નહીં તો રાજપુર સમાચારમાં વાત છપાઈ જશે.

જોત જોતામાં ઘરશાળાને બે વર્ષ થઈ ગયાં. નવાં છ બાળકો આઠમાં ધોરણમાં પ્રવેશ લે છે, હેતલ, કિશન વગેરે દસમાં ધોરણમાં આવે છે. હવે વિકાસને વધારે સાથીઓની જરૂર પડી. લોકો તેની મદદે આવ્યાં. પણ ખરાં. ગણિત ભણાવવા માટે ગાંધીનગરમાં રહેતાં ઉમાબહેન તૈયાર થયાં. વિજ્ઞાન ભણાવવા માટે તેની શિષ્યા જેવી શિક્ષિકા નીમાબેન તૈયાર થયાં. અંગ્રેજી અને સામાજિક વિજ્ઞાન ભણાવવાનું કામ પેલા ઉત્સાહી યુવાન- રોનકભાઈ સંભાળે, ગુજરાતી અને હિન્દી ભાષા ભણાવવા માટે બાજુના ગામની એક સેવાસંસ્થાના કાર્યકરે જવાબદારી ઉપાડી.. એ જ સંસ્થાના બીજા એક યુવાને કૉમ્પ્યૂટર શીખવાની જવાબદારી લીધી હવે. ૧૪ વિદ્યાર્થીઓ હતાં અને સાત શિક્ષકો હતા. બાળકો સવારે પ્રાર્થના કરે પછી અંગ્રેજી અને સામાજિક વિજ્ઞાન ભણે. જે 'હોમવર્ક' કરીને આવ્યાં હોય તેને બંધુકથી નિશાનબાજી કરવાં મળે. જે 'હોમવર્ક' કર્યા વગર આવ્યાં હોય તેણે લેશન કરવાં બેસવાનું! બપોર પછી તેઓ બાજુના ગામે જાય. ત્યાં હિન્દી ગુજરાતી અને કૉમ્પ્યૂટર ભણે. શનિ-રવિમાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષક ગાંધીનગરથી ભણાવવા માટે આવે.

દસમાં ધોરણની બોર્ડની પરીક્ષા આવી. ચારેય વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા ગયા. એક વિષયમાં તેઓને પરીક્ષાલક્ષી ભણાવેલું. કારણકે વર્ષોથી પેપરની સ્ટાઇલ એ પ્રમાણે રહેથી તેથી તેના વિષય શિક્ષકે એ પ્રમાણે કર્યું. એ જ વર્ષે પેપરની સ્ટાઇલ બદલાઈ. ચારેયએ વિષયમાં બીજા પ્રયત્ને પાસ થયાં. આશાની માન્યતા દૃઢ થઈ કે કોઈ પણ શિક્ષણ હોય, જો પરીક્ષાલક્ષીના બદલે જીવનલક્ષી શિક્ષણ-કેળવણી આપવામાં આવે તો બાળકો પરીક્ષામાં પણ સારું પ્રદર્શન કરી શકે છે.

બોર્ડની પરીક્ષા વખતે આશા અને વિકાસને લાગ્યું કે ઘરશાળામાં ભણતાં સંતાનના વાલીઓ એકદમ બેફીકર થઈ ગયા હતાં. સંતાનોના શિક્ષણની સંપૂર્ણ જવાબદારી જાણે આશા અને વિકાસની હોય તેવું થઈ ગયું હતું. વાલીઓ નહીં બેજવાબદાર વાલીઓ કહી શકાય તેવું વર્તન હતું. નવું આઠમું ધોરણ ઘરશાળામાં આવવા થનગનતું હતું. પણ ઘરશાળા કેટલાક વહીવટી પ્રશ્નો સામે સંઘર્ષ કરી રહી હતી. જે ખાનગી શાળાના સંચાલકે ચારેય બાળકોને તેમની શાળામાં પ્રવેશ આપેલો તે સજ્જને એ શાળા છોડી દીધી. તેથી પછીના વર્ષે અન્ય શાળામાં પ્રવેશ અપાયો. એ શાળાવાળા પરીક્ષા આપવા માટે શાળામાં બોલાવતા. પછી તો તેઓ પર પણ વહીવટી પંજો કસાયો. તેથી નવા વિદ્યાર્થીઓને પ્રવેશ ક્યાં અપાવવો? હવે વિકાસ એવા હોદ્દા પર પહોંચ્યો હતો કે સમય કાઢી શકે તેમ ન હતો. વિકાસની આવેજીમાં બધી જવાબદારી આશા પર આવી પડતી. એ બંને માટે હવે એ અઘરું થઈ રહ્યું હતું.

ઘરાશાળાનો ત્રણ વર્ષનો પ્રયોગ ખૂબ મજાનો રહ્યો હતો. સફળ રહ્યો હતો. બાળકો માટે આ પણ એક સારો વિકલ્પ છે તે અનુભવે નક્કી થયું. આ બધી વાત ઘરશાળાના વર્તમાન અને ભાવિ વિદ્યાર્થીઓ અને શિક્ષકો - હિતેચ્છુઓને કરી. બધાંએ મળી નિર્ણય લીધો કે, ઘરશાળામાં આઠમું અને નવમું ધોરણ બંધ કરવું અને દસમાં ધોરણના ત્રણ વિદ્યાર્થીઓ શ્રેયા, જગદીશ અને સવિતા(બાજુના ગામની)ને NIOS (નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન

સ્કૂલિંગ)માં ભણાવવા. આ નિર્ણય લેવા પાછળના કેટલાક કારણોમાં એક હતું,

તેમાં ઘરે રહી ભણી શકાતું હતું.

બીજું, તેમાં વિષય પસંદગી માટે ૩૭ વિકલ્પો મળતા હતા.

ત્રણ અંગ્રેજી, વિજ્ઞાન, ગણિત જેવા વિષયો લેવા ફરજિયાત ન હતા.

ચોથું, કુલ પાંચ વિષયમાં પાસ થાય તો પાસ ગણાય.

પાંચમું, બધા વિષયોની પરીક્ષા એકસાથે ન આપે તો પણ ચાલે. દર છ મહિને બોર્ડની પરીક્ષા લેવાય. પરીક્ષા આપો એટલા વિષયનું પરિણામ આવે. છેલ્લું પરિણામ આપેલ તમામ પરીક્ષાનું ભેગું મળે!

આ બોર્ડમાં ભણવા માટે કોઈ શાળામાં ફરજિયાત પ્રવેશ લેવો પડે તેવું ન હતું.

કેટલી સરળતા ! કેટલાં બધા વિકલ્પો! કેટલી બધી હળવાશ ! વાંચકને માન્યામાં નહીં આવે કે કોઈ બોર્ડ આટલી સુવિધા આપતું હોય અને તે પણ ભારતમાં! એ બોર્ડમાં પાંચેક લાખ વિદ્યાર્થીઓ હાલમાં ભણી રહ્યા છે.

આ ત્રિપુટીને NIOSમાં ભણાવવાનું એક કારણ એ પણ હતું કે આ ત્રિપુટી શિખવાની (લર્નિંગ ડીસ એબીલીટી) ખામીવાળાં હતાં. બાજુના ગામની સવિતા ચોથા ધોરણમાં આવી તો પણ પોતાનું નામ નહોતી લખી શકતી. તેના પપ્પા ઉનાળે ગુલફી વેંચવા નીકળે. બાળકોને અક્ષરજ્ઞાન આપવા માટેનો આશાનો સંઘર્ષ દૂર ઊભા રહી એ જોયા કરે. એક દિવસ હિંમત કરી પૂછ્યું, ‘મારી સવિતાને ભણાવશો?’ ચોથા ધોરણથી સવિતા ‘મારી શાળા પરિવાર’ની સભ્ય બની.

જગદીશ માટે તો કહી શકાય કે એ આમીરખાનની ફિલ્મ તારે જમીન પરનો ઇશાન અવસ્થી હતો. તે વાંચે ત્યારે તેની ચોપડીના અક્ષરો એક લીટીમાં ન રહેતા. આધાપાછા થઈ જતા. બીજું ધોરણ પૂરું કર્યું ત્યાં સુધીમાં આશા તેને ગ,મ,ન,જ આ ચાર અક્ષર અને ૧ થી ૫ અંક શીખવી શકેલી. જગદીશના કાકા આ શાળામાં ગ્રામશિક્ષક હતા. ગ્રામશિક્ષક એટલે આશા તરફથી શાળામાં શિક્ષક તરીકે રખાયેલા ગામના યુવાનો. જેમનો પગાર આશા પોતાના પગારમાંથી કરતી. નિવૃત્તિ પછી તેના પેન્શનમાંથી પગાર કરે છે પણ ગ્રામશિક્ષકો આજે પણ છે. જગદીશ ત્રીજા ધોરણમાં તેના હાથમાં આવ્યો. કાકાને એમ કે હું ભત્રીજાને શીખવાડી શકીશ. પણ સફળતા ન મળી. ચોથા ધોરણમાં જે શિક્ષક પાસે ભણ્યો તે પણ શીખવી ન શક્યા. પાંચમા ધોરણમાં ફરી આશા પાસે આવ્યો ત્યાં સુધીમાં જગદીશ માર ખાઈ ખાઈ, અપમાન સહન કરી કરી સાવ જ આત્મવિશ્વાસ ખોઈ બેઠો હતો. પણ હવે એ આશા પાસે હતો. આમીરખાનનો આભાર કે તેણે એક ફિલ્મ દ્વારા શિક્ષણ જગતનું ધ્યાન શીખવાની ખામી તરફ ખેંચ્યું. બીજો આભાર મિસ ઈન્ડિયા - ડૉ. સ્વરૂપ સંપતનો કે જેણે આશાને આ ખામી વિશે વિગતે ભણાવ્યું.

શ્રેયા પણ આવા જ અનુભવો સાથે અહીં સુધી પહોંચી હતી. એ એટલી ધીમી પડી કે તેનાથી એક વર્ષ પાછળ ભણતી એની નાની બહેન તેનાથી એક ધોરણ આગળ નીકળી ગઈ. પાંચ ભાઈબહેનમાં સૌથી મોટી અને ભણવામાં ‘ઢ’ સાબિત થયેલી દીકરી પર ઘરકામ અને નાના ભાંડરડા મોટા કરવાની જવાબદારી આવી પડી. જેણે પરીકથાની સિન્ડ્રેલા ન જોઈ હોય તેઓને શ્રેયામાં સાક્ષાત સિન્ડ્રેલા જ દેખાય.

આ ત્રિપુટીની NIOSની મજાની શિક્ષણયાત્રા આવતા અંકે.

ક્રમશઃ

મોબાઈલઃ ૯૪૨૮૦૦૦૫૪૧

## ૦૬ માવતરની માવજત લેખ-૧ બાળકની 'બોડી ઇમેજ' પ્રશ્ન કે પ્રસન્નતા ?

**ડો. કૃણાલ પંચાલ**

---

( બાળઉછેરના નિષ્ણાત - ઉત્તમ માણસ એવા ડૉ.કૃણાલભાઈ પંચાલ લિખિત કટાર 'માવતરની માવજત' આ અંકથી કોડિયુંના ભાવકો-વાચકો માટે આરંભ કરીએ છીએ. વર્તમાનમાં બાળકેળવણી અને બાળઉછેર વિશે દુનિયાની યુનિવર્સિટીઓમાં વિચાર-વિમર્શ ચાલી રહ્યો છે. આ વિષયે વિશેષ જાણકારી વાચકોને મળે એ શુભહેતુ અમારો છે..- તંત્રી )

બાળકોમાં પોતાના દેખાવ અંગેની જાગૃતતા તેમના વ્યક્તિત્વને ઘડવામાં પાયાનું કામ કરે છે. માતા-પિતા અને શિક્ષકોએ હંમેશા શરીરની કાર્યક્ષમતાને મહત્ત્વ આપી તેની પ્રશંસા કરવી જોઈએ નહિ કે દેખાવની !! હવે તો તરુણાવસ્થાના ઉંમરે પહોંચતા પહેલા જ બાળક પોતાના દેખાવ બાબતે વિચારતું થઈ જાય છે. આ બાબતમાં ઘણાબધા પરિબળો બાળક પર અસર કરે છે. ખાસ કરીને સોશિયલ મીડિયામાં જોવા મળતા કેટલાક બ્યુટી આઇકોન, ઘરે માતાપિતા કે આસપાસના કોઈ વ્યક્તિની સુંદરતા અને સમૂહમાં તેમનુ વર્ચસ્વ બાળકને બોડી ઇમેજ બનાવવા તરફ દોરી જાય છે.

શરીર જાડું છે કે પાતળું ? ઊંચું છે કે નીચું ? હેર સ્ટાઇલ, કપડા, સૂઝ અને અન્ય બ્રાન્ડેડ વસ્તુઓ તરફ બાળકનું આકર્ષણ પહેલાની સરખામણીમાં અત્યારે વધ્યું હોય તેવું જોવા મળે છે. વળી આકર્ષક જાહેરાતો તેની આ માનસિકતામાં તેલ પુરવાનું કામ કરે છે. અહીં માતાપિતા કે શિક્ષકો એ વિચારવું રહ્યું કે, બાળક પોતાની બોડી ઇમેજ પ્રત્યે સભાન બને એ સમસ્યા છે કે પ્રસન્નતાનો વિષય ? જો બાળક શારીરિક રીતે નબળું હોય કે તેનો દેખાવ સાધારણ હોય તો તેની સીધી અસર તેના વ્યક્તિત્વ અને અન્ય લોકોના સંબંધો પર પડતી જોવા મળે છે. આ માટે માતાપિતા તથા શિક્ષકોએ બાળકને દેખાવ સંબંધિત કેટલીક વાસ્તવિક બાબતો તરફ અંગૂલીનિર્દેશ કરવો જ રહ્યો..!

આજના ડિજિટલ અને મીડિયાયુગમાં ૩ થી ૬ વર્ષની ઉંમરે જ બાળકો 'આદર્શ' શરીર વિશે જાગૃત થવા લાગે છે અને ૭-૮ વર્ષની ઉંમર સુધીમાં તેમની શારીરિક દેખાવની ધારણા પુખ્ત વય જેટલી જ મહત્ત્વની બની જાય છે. આ જાગૃતતા સકારાત્મક હોય તો બાળકનો આત્મવિશ્વાસ વધે છે, પરંતુ નકારાત્મક હોય તો તે ડિપ્રેશન, એન્ઝાયટી, ખાનપાનની કુટેવો અને નીચા આત્મસન્માન તરફ દોરી જાય છે.

સેલ્ફ એસ્ટીમ પ્રૉજેક્ટ-૨૦૨૩ અને ડિજિટલ વેલનેસ લેબ-૨૦૨૪ના સંશોધનોના તારણો દર્શાવે છે કે, દર ૧૦માંથી ૯ બાળકો સોશિયલ મીડિયા પર 'ટોક્સિક બ્યુટી કન્ટેન્ટ'ના સંપર્કમાં આવે છે. જેનાથી અડધા બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર તેની નકારાત્મક અસર પડે છે. ભારતમાં પણ શહેરી બાળકોમાં આ સમસ્યા વધી રહી છે. આપણે યાદ રાખવું જોઈએ કે, માતાપિતા તરીકે આપણે બાળકના શારીરિક દેખાવ વિશેની કલ્પનાને આકાર આપનારા સૌથી મોટા પ્રભાવક પરિબળ છીએ.

બાળકમાં સ્વ-દેખાવ અંગેની જાગૃતતા કેવી રીતે વિકસે છે ? તેના જોખમો શું છે અને તમે બાળકની યોગ્ય બોડી ઇમેજ વિકસાવવામાં શું મદદ કરી શકો ? આ અંગે જાણવું ખૂબ જરૂરી છે. પશ્ચિમી દેશોમાં અને આપણા મેટ્રો શહેરોમાં ૫ વર્ષની ઉંમરે જ બાળકો સમાજમાં 'પાતળું શરીર

= સારું' જેવા વિચારો ગ્રહણ કરવા લાગે છે. ૮ વર્ષ સુધીમાં ઘણા બાળકો પોતાના શરીરથી અસંતુષ્ટ થવા લાગે છે. છોકરીઓમાં પાતળા શરીરનું મહત્ત્વ વધુ હોય છે, જ્યારે છોકરાઓમાં મજબૂત શરીરનું મહત્ત્વ વધુ જોવા મળે છે. ફિલ્ટર્સ, ફિટસ્પિરેશન અને સેલિબ્રિટી ફોટા બાળકોના અવાસ્તવિક આદર્શ બને છે. ઇન્ટરનેશનલ જર્નલ ઓફ એન્વાઇરોનમેન્ટ રિસર્ચના અભ્યાસમાં જણાયું કે, સોશિયલ મીડિયા વપરાશ વધે તેમ શારીરિક અસંતોષ પણ વધે છે.

પોતાના શરીર પ્રત્યેની નકારાત્મક છબિના લીધે બાળકમાં ડિપ્રેશનનું જોખમ વધે છે, આત્મહત્યાના વિચારો આવી શકે છે. ખાનપાનની કુટેવો અને ગેરસમજના લીધે અનોરેક્સિયા, બુલિમિયા જેવા રોગોનું જોખમ ૫ ગણું વધુ થઈ જાય છે. વધુ સારું શરીર બનાવવા માટે અતિ વ્યાયામ, ડાયટ પિલ્સ કે સ્ટીરોઇડ્સનો દૂરુપયોગ નુકસાન કરે છે.

ઘરે માતાપિતા કે શાળામાં શિક્ષકે બાળકની હાજરીમાં પોતાના શરીર વિશેની વાત જેવી કે, 'હું મોટો થઈ ગયો છું' કે 'આ કપડાંમાં હું જાડી લાગું છું.' જેવી વાતો ટાળવી જોઈએ. તેના બદલે કહેવું જોઈએ કે, 'મારું શરીર મને મજબૂત અને સ્વસ્થ રાખે છે.' આપણે હંમેશા શરીરની કાર્યક્ષમતાને મહત્ત્વ આપી તેની પ્રશંસા કરવી જોઈએ નહિ કે દેખાવની !! બાળકને 'તું કેટલો સુંદર છે' ના બદલે 'તારા પગે તું કેટલી સારી રીતે દોડી શકે છે!' અથવા 'તારું શરીર તને રમવા-કૂદવા માટે મદદ કરે છે.' આવું કહેવાથી બાળક શરીરને 'ઉપયોગી' તરીકે જુએ છે નહીં કે 'સુંદર' તરીકે ! ખોરાકને વિશે સમજાવો કે, બધો ખોરાક 'ઈંધણ' છે જે શરીરને ઊર્જા આપે છે. ડાયટ કે કેલરી ગણવાની વાત ન કરવી હિતકારક છે. નાના બાળકોને શક્ય હોય ત્યાં સુધી મોબાઇલ ન આપો અથવા સ્ક્રીન ટાઇમ મર્યાદિત કરો. મોટા બાળકોને ફિલ્ટર્સ અને એડિટેડ ફોટા વિશે સમજાવો. બોડી-પોઝિટિવ કન્ટેન્ટ ફોલો કરાવવું જરૂરી બને છે.

બાળકને ખુલ્લીને પૂછવું જોઈએ કે, 'તને તારા શરીર વિશે કેવું લાગે છે?' તેમની ચિંતાને નકારવાને બદલે સમજાવો કે દરેકનું શરીર અલગ અને સુંદર છે. આપણે બાળકની શારીરિક પ્રવૃત્તિને મજા અને આનંદ સાથે જોડીએ. બાળક સમક્ષ વ્યાયામ એ 'વજન ઘટાડવા' માટે નહીં, પરંતુ 'મજબૂત અને ખુશ રહેવા' માટે છે એવું પ્રતિપાદિત કરીએ. બાળક અને પરિવાર સાથે રમો, ડાન્સ કરો કે સાયકલ ચલાવો. આવુ કરવાથી બાળકનું શારીરિક સ્વાસ્થ્ય મજબુત બનશે અને દેખાવ સંબંધિત ખોટી માન્યતાઓથી બાળક મુક્ત થશે..!

બાળકને આસપાસની જીવંત કે કાલ્પનિક વસ્તુઓની બોડી ડાયવર્સિટી બતાવો. પુસ્તકો, કાર્ટૂન કે રમકડાંમાં વિવિધ આકાર-પ્રકારના પાત્રોનો પરિચય આપી બાળકને સમજાવો કે સુંદરતા ઘણી રીતે હોય છે. બાળકને આપણા ધાર્મિક ચરિત્રો કે વ્યક્તિવિશેષના ઉદાહરણ આપીને પણ આંતરિક સુંદરતા વિષે સભાન કરી શકાય.

બાળકના શારીરિક દેખાવને જ પ્રેમ કરવાને બદલે જીવનમાં સુટેવો, મૂલ્યો અને વ્યક્તિત્વના ગુણોનું આકલન કરીને બાળકને ઉત્તમ મનુષ્ય બનાવવાની દિશામાં માર્ગદર્શન આપી શકાય. બાળકની શારીરિક દેખાવ વિશેની જાગૃતતા તેના આખા જીવનના આત્મવિશ્વાસનો પાયો છે. જો તે પોતાના દેખાવના ચક્કરમાં જ અટકી જશે તો ક્ષમતા વિકાસ માટે સમય જ નહિ રહે ! માતાપિતાની વાતો, વર્તન અને કાળજીથી બાળકને પોતાની બોડી ઈમેજ બાબતે સકારાત્મક બનાવી શકાય.

**શીખવા જેવું :** બાળક જેવું છે તેવું સ્વીકારી લઈને તેના આંતરિક ગુણોની ખીલવણી કરાવી એ જ ખરો બાળઉછેર છે..! યાદ રાખો કે, બાળક જેવું જુએ છે તેવું જ બને છે..! હવે આપણી ઉપર આધાર રાખે છે કે આપણે તેને શું બતાવીએ છીએ ?

આસિસ્ટંટ પ્રોફેસર, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,ગાંધીનગર.મો : ૯૪૨૯૨૯૭૭૩૭

## ૦૭ લોકભારતીનું સ્નેહમિલન

**મનસુખ સલ્લા**

લોકદક્ષિણામૂર્તિની સંસ્થાઓની મુખ્ય વિશેષતા એનો કુટુંબભાવ છે. એટલે હોદ્દો, જ્ઞાતિ-જાતિ, ધર્મ વગેરે બાબતો ગૌણ રહે છે. ભલે એનો એક અર્થ હોય પણ એ વ્યવધાનરૂપ નથી બનતાં. એના મૂળમાં લોકભારતીના મૂળ સ્થાપકોએ પોતાનાં તપ અને ઉદાર દૃષ્ટિથી સીંચેલું ભાવાવરણ છે. ભૂતકાળમાં મતભેદો, અભિપ્રાય આગ્રહ, નિર્ણય સંમતિના પ્રશ્નો જરૂર આવ્યા છે, પણ એને વળોટી શકાયા છે. એટલે સોહાર્દનું સૂત્ર જળવાયું છે. એટલે સ્નેહમિલન ખરા અર્થમાં સ્નેહમિલન બની રહ્યું.

લોકભારતીની સ્થાપના ૧૯૫૩માં થઈ એટલે આ ૭૨ વર્ષની યાત્રામાં વિવિધ જવાબદારી સંભાળનારા કાર્યકરોની પણ ત્રીજી પેઢી ચાલે છે. એમનાં સંતાનો પણ પચાસી વટાવી ચૂક્યાં છે એમાંથી કેટલાકને વિચાર આવ્યો કે તમામ કાર્યકરોનું સ્નેહમિલન રાખીએ. નાની મોટી મિટિંગો થઈ. સ્વરૂપ અંગે ઘણાં આયોજનો થયાં- બદલાયાં પછી કાંઈક રૂપ બંધાયું. તેમણે લોકભારતીના મૅનેજિંગ ટ્રસ્ટી અરૂણભાઈ દવેને વાત કરી. અરૂણભાઈએ ઉમળકાભેર વિચારને આવકાર્યોઃ ‘બધી જવાબદારી લોકભારતી ઉપાડશે, આવો, અહીં મોજથી લોકભારતીને માણો’ તેમ કહ્યું.

આયોજકોએ ગુજરાતની વિભાગવાર જવાબદારી સંભાળી. સંપર્કો શરૂ કર્યા. કેટલાયે કાર્યકરોના નામ આગળ સ્વર્ગસ્થ લખાય ચૂક્યું હતું. પરંતુ એમનાં સંતાનો અને એમનાંય સંતાનો લોકભારતીમાં બે દિવસ રહેવા, વિતેલા દિવસોને ફરી જીવવા, તને સાંભરે રે મને કેમ વિસરે રે...ની ભાવલીલાને માણવા માટે ઉત્સાહિત હતા. અનેક કાર્યકરો એવા આવ્યા જે ટેકા વિના ન ચાલી શકે. કાન પાસે મોં લઈ જઈને બોલો તો પણ પૂરું ન સમજે. દાંતની જગ્યાએ ચોકઠું આવી ગયું હોય. વાળે વિદાય લીધી હોય. પરંતુ લોકભારતીમાં પ્રવેશ પછી સૌ આ બધું ભૂલી ગયા. સાંયામાંયાનાં દ્રશ્યો ભાવવિભોર કરે એવા હતાં. છેલ્લા દિવસ સુધી અરૂણભાઈ અને લોકભારતીના તમામ વિભાગના કાર્યકરો અને આયોજકો દરેક પ્રકારની તૈયારી અંગે કાળજી લઈ રહ્યા હતા. હવે નવાં છાત્રાલયો સુવિધાજનક બન્યાં હોવાથી કોઈનેય નિવાસ વ્યવસ્થામાં તકલીફ પડે એમ ન હતી. વળી એટલી ઝીણવટભરી તૈયારી હતી કે આવનારને બે ત્રણ મિનિટમાં નિવાસની વિગતો મળી જાય. ૨૪-૨૫ ઑક્ટોબર બે દિવસ ઠરાવ્યા હતા. પણ ૨૩મીએ સાંજે જમનારાં ૯૦ જેટલાં હતાં. કુલ આંકડો ૩૨૫ ઉપર થયો હતો. આવનારામાં ત્રણ-ચાર વર્ષનાં બાળકો પણ ખરાં.

આવું સ્નેહમિલન પહેલી વાર ગોઠવાયું હતું. કેટલાક કાર્યકરો આઠમો દાયકો વટાવી ગયા હતા. ઘણાનો અવ્યક્ત ભાવ હતો કે છેલ્લી વખત નિરાંતે એ સૌ સાથે રહીએ. વ્યાખ્યાનો ન હતાં. ૨૪મીએ અરૂણભાઈએ સંસ્થાની વિકાસયાત્રા નિરાંતજીવે કહી. ઘણાંને એથી છેલ્લાં વર્ષોનો પરિચય મળ્યો, એથી સંતોષ પણ થયો. ૨૫મીએ એક કલાકમાં ચાર પૂર્વ કાર્યકરોએ પ્રતિભાવ પ્રગટ કર્યો. એ સિવાય મળવું, ભૂતકાળને તાજો કરવો અને પોતાના વર્ષોને વાગોળવાં એ મુખ્ય કાર્યક્રમ હતો. સવારે નાસ્તો, બપોરનું ભોજન અને સાંજનું વાળું ત્રણે વખત વૃક્ષો નીચે જ જમવાનું મળ્યું હતું એ સૌને ખૂબ ગમ્યું. રસોઈ સરસ હતી તેથી કેટલાકને સંયમ રાખવો અઘરો બન્યો હતો. ભલે ડૉક્ટરોની સલાહ જુદી હોય પણ વર્ત્યા પોતાની રીતે. દવાની ગોળીઓને બદલે એ વાતાવરણે જ સાજાં રાખ્યાં. ઘણાં તો ૩૦-૪૦ વર્ષ પછી મળ્યાં હતાં. વળી લોકભારતીમાં જેઓ

જન્મ્યાં- મોટાં થયાં તેમાંના ઘણાંના નકશા સાવ બદલાઈ ગયેલા. એકવડિયા શરીરવાળા સાડા પાંચ ફૂટ ઊંચા અને 'હવે વધતો નહીં' એમ કહેવાનું મન થાય એવી શરીર સમૃદ્ધિવાળા થઈ ગયા હતા. એ સૌ આવીને પૂછે કે 'મને ઓળખ્યો?/ઓળખી?' ત્યારે વડીલોને મૂંઝવણ થઈ જતી.

લોકભારતીની પ્રાર્થનાનું વિશિષ્ટ વાતાવરણ હોય છે. સૌએ એ અનુભવ્યું. રાત્રે ભોજન પછી સારસ્વતભવનમાં ગરબી રાસ રાખ્યા હતાં. એમાં ટીટોડો પણ આવ્યો. અનેક એવા હતા જે ઉતાવળે ન ચાલે, તે પણ ગરબીમાં જોડાયા. પછી ગીતો-જોક્સ અને બીજા કાર્યક્રમો પણ ઉમેરાયા. રાત્રે ૧૧: ૪૫ વાગ્યે કોઈને ઊંઘ નહોતી કે થાક ન હતો. પણ ભજિયાં અને આઈસ્ક્રીમના નિમંત્રણે અટક્યાં. આઈસ્ક્રીમ કોઠીનો હતો, સરસ હતો, કપ પ્રમાણમાં મોટા હતા. હસમુખભાઈ દેવમોરારિએ કહ્યું 'ફરી લઈ શકો છો' એટલે ડાયાબિટીસવાળાએ પણ બે-ત્રણ કપ સુધી ચિંતા ન કરી. એની વચ્ચે વાતો, હાસ્યસેલારા, ભૂતકાળનું સંભારણું, ન ઓળખ્યાનું ઓળખવું ચાલતું રહ્યું. રાત્રે ૧૨-૩૦ વાગ્યે વળી ઘણાને માટે સવાર પડી હતી.

આખો દિવસ સંસ્થાના જુદા જુદા વિભાગોની મુલાકાત લેવાતી રહી. ડેમ ભરાયેલો હતો એટલે નવમા દાયકાને અડેલા ઝાલાબાપુએ કૂદકો માર્યો, તે મોબાઈલમાં કેદ થયો. ડાળીઓ સાથે બાંધેલા હીંચકામાં ૮૫-૮૭ વર્ષના (ઘેર દાદા તરીકે પ્રતિષ્ઠિત એવા) નાનકાઓને ઝૂલતા જોવાનું અનેકને ગમ્યું. ૨૫મીએ સવારના મિલનમાં લોકભારતી પરિવારના નાનાં-મોટાંના ફોટા સ્ક્રીન ઉપર બતાવી પૂછવામાં આવતું કે 'ઓળખો કોણ કોણ છે?' કેટલાક ઓળખાતા કેટલાકમાં ભૂલ પડતી. એ નિમિત્તે ભાગીદારોએ ભૂતકાળમાં લટાર મારી પ્રસન્નતાની અનુભૂતિ કરી હતી.

છેલ્લે સમૂહ ફોટો લેવાયો. કોઈ જમીન પર બેઠું હતું, કોઈ ખુરશીમાં, કોઈ પગથિયે બેઠું હતું, કોઈ ઊભું હતું, સૌએ કાળજી રાખી કે 'મારો ચહેરો આવવો જોઈએ' પછી નાનાંનાનાં જૂથોમાં ફોટા લેવાતા રહ્યા. જો ભોજનનો સાદ ન હોત તો અટકે નહીં એવી સ્થિતિ હતી.

આ કાર્યક્રમ વગરનો કાર્યક્રમ હતો. ઔપચારિકતા નહીંવત હતી. અરૂણભાઈએ કહ્યું હતું 'ખર્ચની ચિંતા ન કરતા' પણ સ્વૈચ્છિક રીતે ખર્ચના અંદાજ કરતાં વધુ રકમ, આપવામાં સૌએ કૃતાર્થતા અનુભવી.

સૌએ સ્નેહમિલનનો અનુભવ કર્યો. પરસ્પર મળ્યાંની ખુશી અમાપ હતી. ભરપૂર આનંદ કર્યો. કેટલાકે કહ્યું કે, 'બે દિવસમાં ઓક્સિજનના બે બાટલા ભરીને લઈ જઈએ છીએ' એક પ્રતિભાવ નિરપવાદ સૌનો હતો, 'આવો કાર્યક્રમ ગોઠવતા રહેજો.' લોકભારતી માટે અને ભાગીદાર સૌ માટે સ્નેહમિલન ટોનિક સમું બની રહ્યું.

મો.૯૮૨૪૦૪૨૪૫૩

**દીકરી હોવાનું ગૌરવ**

સ્ત્રીનું હોવું એટલે 'મન'થી સ્વતંત્ર હોવું. સ્ત્રીનું હોવું એટલે સ્વયં સાથેના સંબંધમાં ઓતપ્રોત હોવું. સ્ત્રીનું હોવું એટલે કુદરતના શ્રેષ્ઠ સર્જન તરીકે સ્વયંને સતત ચાહતા રહેવું. સ્ત્રીનો સ્વભાવ એક જ પુરુષ સાથે બંધાઈને રહેવાનો છે, એના જ પતિ કે પ્રેમી પાસે, પિતા કે પુત્ર પાસે એ સલામતી ઝંખે એવી એની પ્રકૃતિ છે, પરંતુ જયારે જયારે એ સહી શકે એનાથી વધુ અત્યાચાર એના ઉપર ગુજારવામાં આવે ત્યારે એમાંથી જન્મેલો વિદ્રોહ સર્વનાશ સર્જે છે. સ્ત્રીનો વિદ્રોહ સમાજને બદલે છે, બદલી શકે છે, બદલાવાની ફરજ પાડી શકે છે. આપણે સલ્ફ્યુરિક એસિડ લખતી સ્ત્રીઓને ઉછેરવાની છે. આપણે એવી દીકરીઓને ઉછેરવી છે જે રિઝર્વેશન નહીં માંગે, જેને કોઈ ફાયદા નથી જોઈતા, જે સ્ત્રી હોવાના ઈશ્વરના નિર્ણયને એન્કેશ કરે. જેને પોતાના 'હોવા' પર ગૌરવ જરૂર હોય પણ અહંકાર નહીં. જેને પોતાની બુદ્ધિ અને આવડત પર જગત જીતવું છે એવી દીકરી હવે ગુજરાતી ઘરોમાં ઉછરવી જોઈએ.

- કાજલ ઓઝા વૈદ્ય

## ૦૮ સ્નેહમિલન- લોકભારતીમાં માણ્યું તેનું સ્મરણ...

**પ્રવીણભાઈ ઠક્કર**

---

૧૯૫૩માં ઋષિવર્ય નાનાભાઈ ભટ્ટ અને સારસ્વત મનુભાઈ પંચોળી દર્શક દ્વારા સ્થાપિત લોકભારતી ગ્રામવિદ્યાપીઠે અત્યાર સુધી અનેક આયામો - સિમાચિહ્નો સ્થાપિત કર્યા છે તેના મૂળમાં છે તેનાં કાર્યકરોની અખંડ નિષ્ઠા અને દૃષ્ટિ. ૭૨ વર્ષના કાલખંડમાં ૨૫૦થી વધુ પૂર્ણ સમયના કાર્યકરોએ શિક્ષણ, વિસ્તરણ, સંશોધન અને વહીવટી ક્ષેત્રે પોતાની સેવાઓ આપી છે. આ કાર્યકરો પૈકી કેટલાક પ્રસંગોપાત સંસ્થાની મુલાકાતે આવે છે. પણ તમામ કાર્યકરો સપરિવાર બે દિવસ માટે લોકભારતીના પ્રાંગણ ઉપર નિવાસ કરે, પરસ્પર ભાવસભર ગોષ્ઠિ કરે. છેલ્લાં વર્ષોમાં નવ-પલ્લવિત વિભાગોથી પરિચિત થાય તે ઉદ્દેશથી છ માસ પૂર્વે કેટલાક કાર્યકરોના સંતાનોએ પરસ્પર વિચાર-વિમર્શ કરીને આયોજન કર્યું. સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટી ડૉ.અરુણભાઈ દવે, નિયામક શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને હોદ્દેદારો સાથે બેઠક કરીને તારીખો નક્કી કરી. અંદાજે ૩૦૦ થી ૫૦૦ સંખ્યા આવી શકે તે ધારણાથી વિદ્યાર્થીઓના વેકેશન દરમિયાન દીવાળીના તહેવારો પછી તુરંત તા. ૨૪,૨૫ ઑક્ટોબરના આ મિલન યોજવાનો નિર્ણય થયો. સંસ્થાએ આ આપણો આ સહિયારો કાર્યક્રમ છે તેમ જણાવી તમામ પ્રકારની આવાસ, ભોજન, વાર્તાલાપ, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે વ્યવસ્થા માટે સહાયરૂપ થવાની ખાત્રી આપી.

સાત સભ્યોની આયોજક ટીમને ગુજરાતના પ્રદેશ પ્રમાણે સ્થિત પૂર્વ કાર્યકરો અને તેમના સંતાનોનો સંપર્ક કરવાની જવાબદારી સોંપવામાં આવી. એક વોટ્સઅપ ગૃપની રચના થઈ. ગુગલ ફોર્મ દ્વારા સંમતિ આપવાની હતી ઉપરાંત સંદેશાની આપ લે થાય તેવી વ્યવસ્થા હતી. સંયોજક ટીમની ભારે જહેમત પછી કાર્યકરોના સંતાનો સહિત કુલ ૩૨૫ સદ્સ્યોની નોંધણી થઈ ગઈ. તદ્નુસાર સૌ વડીલો તથા મિત્રો તા. ૨૪ ઑક્ટોબરના લોકભારતી પરિસર પર પહોંચી આવ્યા. સવારે ૧૧:૦૦ વાગે ઉદ્ઘાટન પ્રારંભિક બેઠકમાં શ્રી અરુણભાઈએ સૌનું ભાવસભર સ્વાગત કર્યું અને પછી જણાવ્યું કે સંસ્થાના આદ્યસ્થાપકો, વડીલો દિવંગત થયા છે ત્યારે તેઓ નિષ્કામભાવે લોકભારતીની જવાબદારી વહન કરી રહ્યા છે. તેઓ કોઈ વેતન લેતા નથી. સંસ્થાગત કામે વારંવાર પ્રવાસે જવાનું થાય ત્યારે તેનો ખર્ચ પણ પોતે ભોગવે છે. તેમણે ૧૯૫૩થી આજસુધી કાર્યરત્ત અને અનિવાર્ય સંજોગોમાં બંધ થઈ ગયેલા એની વાતો મૂકી, સાથે અત્યારે કાર્યરત ૨૨ જેટલા વિભાગોના ઈતિહાસ, ઉદ્દેશ્યો અને સામાજિક અસરોની સવિસ્તર ચર્ચા કરી હતી.

ગુજરાત સરકારે અનુસ્નાતક કેન્દ્ર, સ્નાતક નઈ તાલીમ મહાવિદ્યાલયના તમામ અધ્યાપકો નિવૃત્ત થયા પછી અનેક પ્રયાસો કરવા છતાં નવી ભરતી કરવા માટે મંજૂરી આપી નહીં. લોકસેવા મહાવિદ્યાલયમાં ગણ્યાં ગાંઠયાં અધ્યાપકો કાર્યરત છે. ત્યારે ઉચ્ચ શિક્ષણનું બીજ સાચવવા લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઇનોવેશન- સ્વનિર્ભર યુનિવર્સિટી- ખાનગી યુનિ. તરીકે સ્થાપવાની ફરજ પડી છે. રઘુવીરભાઈએ તે માટે ઘણી જહેમત ઉઠાવી છે. અહીં વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમો પેટે માત્ર રૂપિયા ૭૦,૦૦૦ની ફી છે જે પૈકી ભોજનખર્ચ પેટે રૂ. ૩૦,૦૦૦ બાદ કરતાં રૂ. ૪૦,૦૦૦ ફી ગણાય જે સમગ્ર રાજયમાં કદાચ લઘુતમ રકમ હશે. જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની વ્યવસ્થા છે. યુનિ.ના વર્ગખંડ, છાત્રાલય, કાર્યાલય, સ્ટાફ કવાટર્સ વગેરે રચનાના નિર્માણ માટે રૂ. ૩૦ કરોડની જરૂરિયાત છે. જે પૈકી રૂ. ૨૦ કરોડ પ્રાપ્ત થઈ ગયા છે. આ માટે પૂ. મોરારિબાપુએ પણ રામકથા દ્વારા ઘણી મદદ કરી છે.

સંસ્થાના સંશોધન વિભાગમાં બે કાર્યકરો ૨૦૧૧માં નિવૃત્ત થયા. સરકારે નવી ભરતી કરવા માટે અસ્વીકાર કર્યો. સંશોધન માટે દર વર્ષે રૂ. ૮ થી ૧૦ લાખ જોઈએ. ટ્રસ્ટ પાસે કોઈ જોગવાઈ નહોતી. ત્યારે વૈજ્ઞાનિક અરુણભાઈને પ્રતીતિ થઈ કે આ પ્રજાલક્ષી કામ ચાલુ રહેવું જોઈએ. તેમણે એગ્રોસેલના દીપેશભાઈ શ્રોફને વાત કરી. તેમણે થોડી રકમ આપવાની મંજૂરી આપી. ડૉ.સી.પી. સિંઘસાહેબ અને સાથી મિત્રોના અદમ્ય પુરુષાર્થને પરિણામે સંસ્થા લોક-૧ પછી લોક-૭૯ની રાષ્ટ્રને ભેટ આપી શકી છે. પ્રોટીન જેવા પોષણમૂલ્યની દૃષ્ટિએ તેનું આગવું યોગદાન છે. હવે સંસ્થાને સોયાબીનના સંશોધન કેન્દ્ર તરીકેની માન્યતા પણ પ્રાપ્ત થઈ ગઈ છે.

લોકભારતી ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા, મણારની વિવિધ આર્થિક આવશ્યકતાઓ પરિપૂર્ણ કરવા તેમના સતત પ્રયાસોથી રૂ. ૯૨ કરોડ જેટલી રકમ એકત્ર કરી શક્યા છે. તેઓ રાતદિવસ સતત સંસ્થાને સમર્પિત છે તેનું આ પરિણામ છે. લોકભારતી સૌની સંસ્થા છે ત્યારે તેમણે અપીલ કરી હતી કે પૂર્વ કાર્યકરો અને તેમના સંતાનો પોતાની પાસે જે કંઈ અનુભવ, આવડત કે કૌશલ્ય હોય તે સંસ્થાને આપે.

બપોરે ૩ થી ૬ દરમિયાન કેટલાક કાર્યકરો સંસ્થાના વિવિધ વિભાગો પુસ્તકાલય, સર્વોદય પ્રકાશન વિભાગ, વિજ્ઞાન કેન્દ્ર, ગોશાળા, સંશોધન, પાણી સંગ્રહ યોજના વગેરેની મુલાકાતે ગયા હતા. કેટલાક પરસ્પર મળ્યા હતા. રાત્રે ૭ કલાકે સૌએ સાયં પ્રાર્થનાના પવિત્ર વાતાવરણની અનુભૂતિ કરી હતી. રાત્રે ૮:૩૦ થી ૧૧:૦૦ સારસ્વતભવનમાં આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગરબી, નૃત્ય, ટીટોડો, ગીત, જોક્સ વગેરેની પ્રસ્તુતિ થઈ હતી. કોઠીનો આઈસ્ક્રીમ અને કુંભણિયા ભજિયાંના આસ્વાદથી સૌ પ્રસન્નતાની અનુભૂતિ કરી હતી. આનંદ શું કહેવાય એ તો પરિવારના કંઠમાં જ્યારે ગીત અને પગમાં નૃત્ય આવે ત્યારે જ મજાની અનુભૂતિ થઈ આવે છે.

તા. ૨૫/૧૦ના સવારે પ્રભાતફેરીમાં કેટલાક મિત્રો સામેલ થયા હતા. સવારે ૧૦:૩૦ વાગે સમાપન કાર્યક્રમમાં ચાર કાર્યકરો વિઠ્ઠલભાઈ વાછાણી, યોગેશભાઈ ભટ્ટ, પ્રવીણભાઈ ઠક્કર અને મનસુખભાઈ સલ્લાજીએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા એનો સાર અહીં ટપકાવું છું - વડીલો ઉદ્ગારે છે કેઃ

'અમારામાં લોકભારતી ધબકે છે. લોકભારતીએ અમારું જીવન કંડાર્યું છે. જીવન જીવવાનો મારગ દેખાડ્યો છે. અહીંના દાદાઓના આશીર્વાદ પામીને અમને સાર્થકતાની અનુભૂતિ થઈ છે. જીવનમાં જે કંઈ પામ્યા એ દક્ષિણામૂર્તિદેવની કૃપા અને માતા લોકભારતીને કારણે પામ્યા છે.'

આ કાર્યક્રમના આયોજન, નિવાસ, ભોજન અને સાંસ્કૃતિક કાર્યક્રમના સ્વરૂપ અંગે સંતોષ અને આભારની લાગણી વ્યક્ત કર્યા હતા.

પ્રતિભાવ સાર :

૧. લોકભારતીના જે પૂર્વકાર્યકરોએ સમર્પિતભાવે કામ કર્યું છે તે બધાના પરિવારજનો અત્યારે સુખ, શાંતિ અને આનંદથી જીવન વ્યતીત કરી રહ્યા છે.

૨. પૂર્વ કાર્યકરો લોકભારતીને જ્યાં આવશ્યકતા હોય ત્યાં અવશ્ય સહાયરૂપ થાય છે.

૩. લોકભારતીના તમામ કાર્યકરોની તેમના સંતાનોના નામ અને સંપર્ક સહિતની એક પુસ્તિકા પ્રવીણભાઈ ઠક્કર તૈયાર કરી રહ્યા છે. જે અંગે રસ ધરાવતા મિત્રો તેમનો સંપર્ક કરી શકે છે. મો. ૯૪૨૬૪૬૧૦૯૦.

૪. સંસ્થાનું સામયિક કોડિયું - દક્ષિણામૂર્તિદેવની કૃપાથી નાનાદાદાએ આરંભ કરેલ મેગેઝિન આરંભકાળથી- ૭૮ વર્ષથી પ્રગટ થઈ રહ્યું છે. આજે કોડિયુંને તંત્રીઃ અરુણભાઈ દવે અને સહતંત્રીઃ ડૉ.દિનુભાઈ ચુડાસમા ખૂબ સરસ સંભાળે છે. કોડિયુંમાં પ્રકાશિત સાહિત્ય, કળા, દર્શન, કેળવણી, જીવન-વિષયક લેખો વાંચીને આનંદ મળે છે. આપ સૌ પણ કોડિયુંનું લવાજમ ભરો એવી વિનંતી કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમના ખર્ચ પેટે કાર્યકરોએ પોતાનો ઉચિત આર્થિક સહયોગ આપ્યો હતો.

સંપર્કઃ ૯૪૨૬૪૬૧૦૯૦

## ૦૯ લોખંડીપુરુષ સરદારના છેલ્લા દિવસો કેવા હતાં ?

**રમેશ તન્ના**

---

સરદાર પટેલનું મૃત્યુ થયું ત્યારે તેઓ નાયબ વડાપ્રધાન હતા. નવી દિલ્હીમાં મહાત્મા ગાંધી (રાજઘાટ), જવાહરલાલ નેહરૂ (શાંતિવન), લાલબહાદુર શાસ્ત્રી (વિજયઘાટ), ઈન્દિરા ગાંધી(શક્તિ સ્થળ),રાજીવ ગાંધી (વીરભૂમિ), ચૌધરી ચરણસિંગ (કિશાનઘાટ), જગજીવન રામ (સમતા સ્થળ), નરસિંહા રાવ (એકતા સ્થળ), અમર શહીદો (અમર જ્યોતિ), ચંદ્રશેખર (જનનાયક સ્થળ) વગેરેની સમાધિ છે, પરંતુ સરદાર પટેલની સમાધિ નથી. આવું કેમ ? કારણ કે સરદારનું મૃત્યુ નવી દિલ્હી નહીં, પરંતુ મુંબઈમાં થયું હતું. કેમ મુંબઈમાં ? તેમનું મૃત્યુ થયું ત્યારે તો તેઓ નાયબ વડાપ્રધાન હતા. તેઓ દિલ્હીમાં હોવા જોઈતા હતા, મુંબઈમાં કેમ હતા ? તેનું કારણ નવી દિલ્હીની આબોહવા હતી. ('આબોહવા' શબ્દ બન્ને અર્થમાં વાંચવા વિનંતી છે.) નવેમ્બર, ૧૯૫૦માં સરદારની તબિયત નબળી પડતી હતી. ડૉક્ટરોને એવું લાગેલું કે ડિસેમ્બરમાં દિલ્હીની ઠંડીમાં તેમને રાખવા તેના કરતાં મુંબઈની મધ્યમસરની આબોહવામાં લઈ જવા વધારે સારું છે. ૧૨મી ડિસેમ્બરે સરદાર પટેલને મુંબઈ લઈ જવાનું ઠરાવાયું હતું.

એક બાજુ નવેમ્બર મહિનામાં સરદાર અને નેહરૂના સંબંધો વધુ વણસે એવા બનાવો બનતા હતા. વડાપ્રધાન નેહરૂએ એવું નક્કી કર્યું હતું કે જેમ વિદેશનીતિ માટેની કમિટિ છે, એવી જ દેશી રાજ્યો માટેની એક કેબિનેટ કમિટિ રચવી. સરદારને એવું લાગતું હતું કે રજવાડાને લગતી બાબતોની છણાવટ માટે નેહરૂ આવી સમિતિ રચીને પોતાની સત્તામાં કાપ મૂકવાનું વિચારી રહ્યા છે, ખાસ તો સરદારના નિર્ણયો પર શંકા કરવામાં આવે તે બાબત સરદાર માટે આઘાતજનક હતી.

આ ઉપરાંત સચિવોની મોટા પાયે ફેરબદલી કરવાની નેહરૂની રીતમાં સરદારના વફાદાર સચિવો (શંકર અને મેનન)ની તેમને ચિંતા થતી હતી. એક બાજુ માંદું શરીર અને બીજી બાજુ જવાહરલાલ નેહરૂની આવી હરકતો. 'લોખંડીપુરૂષ' સરદાર વલ્લભભાઈ પટેલ ખૂબ થાકી ગયા હતા. ઓક્ટોબર (૧૯૫૦)ની અધવચ્ચે વલ્લભભાઈએ રાજાજીને કહ્યું હતું કે, 'જ્યાં સુધી બાપુ જીવતા હતા, ત્યાં સુધી હું જવાહરનો વિરોધ કરતો રહ્યો છું અને લડતો રહ્યો છું, પણ હવે મેં આ બધું છોડી દીધું છે.'

મહાત્મા ગાંધીની અંતિમ ઈચ્છા એવી હતી કે વલ્લભભાઈ અને નેહરૂ સાથે મળીને કામ કરે. સરદાર કોઈ પણ સ્થિતિમાં મહાત્માની વાત માનતા. (તેમની જ વાત માનીને સરદારે કાચી સેકન્ડમાં ભારતનું વડાપ્રધાન પદ જતું કર્યું હતું.) એ પછી તો તેઓ નેહરૂની ખુલ્લી ટીકા પણ નહોતા કરતા. હા, જ્યારે સરદારને લાગતું કે નેહરૂ દેશને કાયમી નુકસાન પહોંચાડી રહ્યા છે, ત્યારે તેઓ ચૂપ ન રહી શકતા. નેહરૂ આપખુદ અને અહંકારી છે તેવા ઉદ્ગાર સરદારે આવા સંજોગોમાં જ વ્યક્ત કરેલાં.

સરદાર અતિશય થાકેલા અને બિમાર હતા તો પણ ૧૪મી નવેમ્બરે જવાહરલાલના જન્મદિવસે તેમને પોતાના હસ્તાક્ષરમાં પત્ર લખ્યો હતો. ૨૩મી નવેમ્બરે જવાહરલાલ નેહરૂ વલ્લભભાઈને તેમના નિવાસસ્થાને મળવા આવે ત્યારે નિખાલસ વલ્લભભાઈએ તેમને સ્પષ્ટ કહ્યું હતું કે, 'મને થોડી શક્તિ આવે ત્યારે મારે તમારી જોડે એકાંતમાં વાત કરવી છે. મને એવું લાગે છે કે તમને મારામાં વિશ્વાસ

ઘટતો જાય છે.' આ સાંભળીને નેહરૂ હસ્યા હતા અને જવાબમાં તેમણે કહ્યું હતું કે, 'મને હવે મારામાંથી જ વિશ્વાસ ઘટતો જાય છે.'

છેલ્લા દિવસોમાં વલ્લભભાઈની તબિયત અચાનક લથડી હતી. સચિવ શંકરના ધ્યાનમાં આવ્યું હતું કે તેઓ બેધ્યાન થઈ જતા હતા અને ભૂલી પણ જતા હતા. મણિબહેને નોંધ્યું હતું કે તેઓ ધીમેથી બોલતા અને ઓછું સાંભળી શકતા. તેમની ઊંઘ અજંપાભરેલી થઈ ગઈ હતી. તેમની નાડી ઝડપથી ચાલતી. આંતરડાં તો પહેલેથી જ નબળાં હતાં, હવે હૃદય પણ નબળું થવા લાગ્યું હતું. થોડો શ્રમ લેવાય તો પણ તેઓ થાકી જતા. સવારે ગાડીમાં ફરવા જતા તે પણ તેમણે બંધ કર્યું હતું. પ્રવચનો પણ બંધ કર્યાં હતાં. ૨૧મી નવેમ્બરે મણિબહેને વલ્લભભાઈની પથારી પર લોહીના ડાઘ જોયા. એ પછી રાત અને દિવસ માટે અલગ-અલગ નર્સની વ્યવસ્થા થઈ. કોઈ કોઈ રાત્રે સરદારને ઓક્સિજન પર રાખવા પડતા હતા. આવા દિવસોમાં પણ રાજેન્દ્ર પ્રસાદ, રાજાજી, નેહરૂ, આઝાદ અને અન્ય લોકો તેમની સલાહ લેવા કે કોઈ બાબતે મત જાણવા આવતા.

પાંચમી ડિસેમ્બરે વલ્લભભાઈને લાગ્યું કે હવે અંત નજીક છે. તે રાત્રે તેઓ કવિ નઝીરની પંક્તિઓ ગણગણતા હતા.

'હે બહારે બાગ દુનિયા ચંદ રોજ,
દેખ લો ઈસકા તમાશા ચંદ રોજ,
જિંદગી કા હૈ ભરોસા ચંદ રોજ.'

આ ઉપરાંત તેઓ 'મંગલ મંદિર ખોલો દયામય, મંગલ મંદિર ખોલો...' કે પછી 'મારી નાડ તમારે હાથ, હરિ સંભાળજો...' જેવાં ભજનો ગાતા. વર્ષોના વર્ષો સુધી સરદારે ગાંધીજીની સામુદાયિક પ્રાર્થનાઓમાં ભજનો સાંભળ્યાં હતાં. 'આશ્રમ ભજનાવલિ'નાં ભજનો વાંચ્યા હતાં. યરવડા જેલમાં ગાંધીજી અને મહાદેવભાઈ સાથે તેઓ સંસ્કૃત શીખતા અને ગીતાના કેટલાક શ્લોકો તેમને કંઠસ્થ થઈ ગયા હતા. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો તો તેમને મોઢે થઈ ગયા હતાં. આ બધું છેલ્લા દિવસોમાં યાદ આવ્યું અને પથારીમાં સૂતાં સૂતાં તેઓ શ્લોકો અને ભજનોનું રટણ કરતા. તેમની સારવાર માટે મુંબઈથી ડૉક્ટર નાથુભાઈ અને ડૉક્ટર ગિલ્ડર આવી પહોંચ્યા હતા. ડૉક્ટર જે ઈન્જેક્શન આપતા તેનાથી તેમનો પેટનો દુઃખાવો વધી જતો. સરદાર કહેતા કે એ ઈન્જેક્શન મને ન આપશો. ડૉક્ટર સલાહ આપી એટલે તેમને દિલ્હીથી મુંબઈ લઈ જવાનું નક્કી કરાયું.

૧૧મી ડિસેમ્બરે રાત્રે નેહરૂ આવ્યા. સરદારે ફરી યાદ કરાવીને તેમને કહ્યું કે આપણે એકલા બેસીને દિલ ખોલીને વાત કરવી છે. નેહરૂએ જવાબમાં કહ્યું કે પહેલાં તમે સાજા થઈ જાવ. ૧૨મી ડિસેમ્બરે ભારતીય હવાઈ દળના એક ડાકોટા વિમાનમાં સરદારને મુંબઈ લઈ જવામાં આવ્યા. મણિબહેન અને મુંબઈના બંને ડૉક્ટરો તેમની સાથે ગયા. વિલિંગ્ડન હવાઈમથકે નેહરૂ, રાજેન્દ્ર બાબુ, રાજાજી, એન.વી. ગાડગીલ, ઘનશ્યામ બિરલા, વી.પી. મેનન વગેરે મહાનુભાવો તેમને વિદાય આપવા આવ્યા હતા. સરદારે સ્મિત કરીને, હાથ જોડીને સૌની વિદાય લીધી.

મુંબઈમાં હવાઈ મથકે સાડા ચાર કલાકની મુસાફરી પછી તેઓ પહોંચ્યા ત્યારે થાકી ગયા હતા. તેમને સત્કારવા માટે બાળાસાહેબ ખેર અને મોરારજી દેસાઈ સહિત ઘણા મહાનુભાવો આવ્યા હતા, પરંતુ તેઓ સત્કાર ઝીલી શક્યા નહોતા. તેમને ત્યાંથી બિરલા હાઉસમાં લઈ જવાયા અને ઓક્સિજન પર રાખવામાં આવ્યા.

પ્રતિદિન દર્દ વધતું હતું.

૧૫મી ડિસેમ્બર, ૧૯૫૦ના રોજ સવારે ત્રણ વાગે તેમને હૃદયરોગનો હુમલો આવ્યો. સરદાર બેભાન થઈ ગયા. ચારેક કલાક પછી થોડું ઘણું ભાન આવ્યું. એ પછી તેમણે પાણી માગ્યું. મણિબહેને ગંગાજળમાં મધ નાખીને ચમચીથી પાણી પાયું. સરદાર બોલ્યા 'આ તો ગળ્યું લાગે છે' એ પછી તેઓ ફરીથી બેભાન થઈ ગયા. લગભગ અઢી

કલાક પછી સવારના નવ કલાકને સાડત્રીસ મિનિટે તેમણે દેહ છોડ્યો. એ વખતે તેમની સાથે દીકરી મણિબહેન ઉપરાંત પુત્ર ડાહ્યાભાઈ, પુત્રવધૂ ભાનુમતિબહેન અને પૌત્ર બિપિનભાઈ પણ હાજર હતા. બિરલા કુટુંબના સભ્યો પણ હતા. સરદારે પોતે જ ૧૯૪૦માં કાતેલા સૂતરમાંથી વણાવેલો એક ખાદીનો રેજો મણિબહેને સાચવી રાખ્યો હતો. તે ઓઢાડીને સરદારનો પાર્થિવ દેહ બપોરે એક વાગે બિરલા હાઉસના વરંડામાં લોકોના દર્શનાર્થે મૂકવામાં આવ્યો હતો.

સરદારના અગ્નિસંસ્કાર ચોપાટી ઉપર કરવા કે સોનાપુરના સ્મશાનમાં કરવા એ અંગે થોડા મતભેદ હતા. જો કે અંતે મણિબહેન અને ડાહ્યાભાઈની ઈચ્છા પ્રમાણે સોનાપુર સ્મશાન ઘાટમાં જ તેમના અગ્નિસંસ્કાર થયા હતા. સરદારના ભાઈ વિઠ્ઠલભાઈ અને સરદાર પટેલની પત્ની ઝવેરબાના અંતિમ સંસ્કાર પણ અહીં જ કરવામાં આવ્યા હતા.

પંચમહાભૂતમાં ભળી જનાર સરદાર પટેલની કોઈ સમાધિ નથી. તેમના અંતિમ સંસ્કારમાં દિલ્હીથી રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ, વડાપ્રધાન નેહરૂ અને રાજાજી મુંબઈ આવ્યા હતા. નેહરૂએ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદને કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન બંને પાટનગરમાં ગેરહાજર રહે તે સારું નહીં, માટે તમે મુંબઈ જવાનું રહેવા દો. જો કે વડાપ્રધાનની આ વાતનો અનાદર કરીને રાષ્ટ્રપતિશ્રી ધરાર સરદારની અંતિમયાત્રા માટે મુંબઈ આવ્યા હતા. આળા સ્વભાવના અને સરદારની પ્રતિભાથી સતત દ્વેષ અનુભવતા જવાહરલાલ નેહરૂ ઈચ્છતા હતા કે રાષ્ટ્રપતિ ન આવે, પરંતુ રાષ્ટ્રપતિએ તેમની વાત ન માનીને એક ઉચિત નિર્ણય કર્યો હતો.

સરદારની સ્મશાનયાત્રામાં લાખો લોકો જોડાયા હતા. રાજેન્દ્ર બાબુએ એ વખતે કહ્યું હતું કે, 'સરદારની કાયાને અગ્નિ ગ્રસી જાય છે, પણ પૃથ્વિ પરનો કોઈ અગ્નિ તેમની કીર્તિને ગ્રસી શકે તેમ નથી.'

રાજાજીએ કહ્યું હતું કે, 'આપણને એમના જેવા કોઈ જોવા નહીં મળે.'

જવાહરે સભાગૃહમાં, ૧૫મી નવેમ્બરે અને એ પછી ૩૧મી ડિસેમ્બરે આકાશવાણી પર સરદારનાં ઢગલા મોઢે વખાણ કર્યા હતા. અલબત્ત, જે લોકો ઈતિહાસને જાણે છે, તે લોકોને માલૂમ જ છે કે તેમાં વિધિવિધાન વધારે હતા અને હૃદયભાવ ઓછો હતો. કમનસીબે કોંગ્રેસે, જવાહરલાલ નેહરૂથી શરૂ કરીને તમામ કોંગ્રેસી નેતાઓએ સરદારને, તેમના કાર્યને, તેમની રાષ્ટ્રભક્તિને, ઘસરકા પડે તેવું ખૂબ વર્તન કર્યું. એ ઘણી દુઃખદ વાત છે. સરદાર હયાત હતા ત્યારે પણ તેમને અન્યાય થયો અને તેમના મૃત્યુ પછી પણ એ અન્યાય ચાલતો રહ્યો. આવુ કદાપિ ન થવું જોઈએ.

સરદાર ખરેખર સરદાર હતા. કેવા હતા સરદાર ? મહાત્મા ગાંધીના પૌત્ર રાજમોહન ગાંધીએ તેમના વિશે લખેલાં કેટલાંક વિશેષણો સાથે આ લેખ પૂરો કરું...

'જવાહરલાલ જેવા આળા સ્વભાવના અને તોછડા મિત્રના વફાદાર સાથી, સરકારના સુકાની અને રાજાઓના રાજેશ્વર, ભારતના પ્રહરી, ઐક્યવિધાયક અને સંરક્ષક, નેહરૂની સાથોસાથ અંગ્રેજી સલ્તનતના વારસદાર, સ્વાધીનતા અગાઉ મહાત્માનું સ્થાન લઈને કોંગ્રેસની નીતિના ઘડવૈયા, અહમદનગરના જેલખાનામાં અજંપાથી આંટા મારતો સિંહ, 'ભારત છોડો' આંદોલનના અવિશ્રાંત સંયોજક, કોંગ્રેસ પક્ષ અને મુખ્યપ્રધાનોના કડક સ્વામી. બારડોલીના ઓજસ્વી સેનાપતિ, ગાંધીજીના અડીખમ સહાયક, જિંદગીની શરૂઆતમાં વિઠ્ઠલભાઈ માટે અને પાછળથી જવાહરલાલ માટે જગા કરી આપનાર, અમદાવાદ વકીલમંડળના સખત ચહેરાવાળા, છેલ્લી ફેશનનાં વસ્ત્રોમાં સજ્જ અને તોછડા વિજેતા, હંમેશાં મહત્વાકાંક્ષા ધરાવનાર, લંડનમાં મોટી ઉંમરે ભણનાર અને મોજશોખમાં ક્ષણ પણ ન બગાડનાર વકીલાતના વિદ્યાર્થી.'

મો. ૯૮૨૪૦૩૪૪૭૫

## ૧૦ રાસ રમાડે ગિરિધારી

**પ્રશાંત મહેતા**

આ સમગ્ર અસ્તિત્વ એક પરમેશ્વરની લીલા છે - કૃષ્ણની રાસલીલા છે, જે નિરંતર ચાલ્યા કરે છે. આપણે હતા તેના પહેલાથી આ લીલા ચાલુ છે અત્યારે પણ ચાલુ છે અને આપણે નહી હોઈએ ત્યારે પણ આ રાસલીલા અહર્નિશ ચાલુ જ રહેશે. સૃષ્ટિ સર્જાણી તેના પહેલાથી આ લીલા ચાલુ છે અને સૃષ્ટિના અંત પછી પણ આ ચાલુ જ રહેવાની છે. આ અનંત ચાલતી રાસલીલાનો આપણે પણ એક નાનકડો ભાગ જ છીએ ને !

કૃષ્ણએ જ આપણને શીખવ્યું છે કે સમગ્રતાથી જીવો. જ્યારે જે પરિસ્થિતિ આવે તેને સહજ સ્વીકારી લ્યો અને અખંડ તન્મયતાથી તેમાં રમમાણ બનો. કૃષ્ણ વ્રજમાં ગોપ-ગોપીઓ સંગ ગાયો ચરાવી, માખણ ચોર્યું, બાળલીલા કરી તો એવી કરી કે આજે પણ બાળકને લોકો 'કાનુડો' કહે છે. પ્રેમ કર્યો તો એવો કર્યો કે આજે પણ પ્રેમનું નામ લ્યો એટલે કૃષ્ણ જ પહેલા યાદ આવે. સમજણ બતાવવાનો સમય આવ્યો તો યુદ્ધ કેમ કરી અટકે તે માટેના બધા જ પ્રયત્નો કર્યા અને લાગ્યું કે હવે છૂટકો જ નથી તો એવું યુદ્ધ પણ કરી બતાવ્યું.

જ્ઞાનની વાત આવી તો દુનિયાને આજ સુધી જેની જરૂર પડે તે 'ભગવદ્‌ગીતા' જેવું ઉત્તમ જ્ઞાન યુદ્ધ મેદાનમાં આપ્યું. કૃષ્ણ એટલે જ પૂર્ણ પુરુષોત્તમ કહેવાયા કારણ કે તે અખંડપણે જીવ્યા હતા. જે સમયે જેવી જરૂર હતી એવું પાત્ર ભજવી દીધું. નહિતર ચૌદ ભુવનનો નાથ સારથી બને ! એક બાજુ અર્જુનના સારથી બની રથ હંકારે, બીજી બાજુ કૃષ્ણ એમ કહે કે આ આખું જગત હું જ છું એમ હુંકાર કરે. પણ તે 'હુંપણું' અખંડતાનું 'હુંપણું' હતું. તેથી એમ બોલી શક્યા.

કૃષ્ણની રાસલીલા બધા માટે સરખી જ છે. કારણ કે આ રાસલીલામાં સુખ, દુઃખ, આનંદ, ઉલ્લાસ, ઉદાસી, પ્રેમ, નફરત, ધૃણા, લાગણી, રોષ, હતાશા ચાલ્યા જ કરે છે.

નરસિંહ મહેતાને કૃષ્ણએ રાસલીલા બતાવી હતી અને જે તન્મયતાથી નરસિંહે રાસલીલા જોઈ હતી. એ જ તન્મયતાથી આપણે પણ જો આ રાસલીલા જોઈ શકીએ તો ગજબનો ચમત્કાર થઈ શકે તેમ છે.

વહેલી સવારે પક્ષીઓના કલરવ થતાં આપણી આંખ ખુલે અને સામે અનંત અને અર્વણનીય આકાશ આંખ સામે દશ્યમાન થાય. નિત્ય ક્રમ પતાવીને ઓફિસ જવા માટે જેવા ઘરેથી નિકળીએ છીએ. જિંદગી હાથીની જેમ મદમસ્ત બનીને ચાલતી હોય છે. રસ્તામાં શેરીમાંથી પસાર થતાં કોઈક સવારમાં શેરી સાફ કરતું હોય છે કોઈ દૂધ દેવા આવે છે કોઈ હાથમાં પુષ્પ કે બિલીપત્ર લઈને મંદીર જાય છે. કોઈ દુકાન ખોલતા હોય છે. કૂતરા શેરીઓમાં વહેલી સવારની મજા માણતા દોડતા હોય છે. ગાયો વાસી શિરામણ માટે ઘરની બહાર રાહ જોતી ઊભી હોય છે. આકાશમાં પક્ષીઓનો કલરવ મંડાણો હોય છે. વાદળાઓ આમથી તેમ દોડતા હોય છે. ખિસકોલીઓ એક ઝાડથી બીજા ઝાડ પર દોડાદોડી કરતી હોય છે. કીડીઓ હારબદ્ધ કોઈક જગ્યાએ જઈ રહી હોય છે. કોઈક ઘર પાસે ઈશ્વર પ્રત્યેના પ્રેમરસને લીધે સરસ મજાના ભજન વાગતા હોય છે તો કોઈક જગ્યાએ મનુષ્ય પ્રત્યેના સાંસારિક પ્રેમને લીધે ફિલ્મી ગીતો વાગતા હોય છે. કોઈક પશુઓને પીવા માટે મુકેલી ટાંકીઓ ભરતા હોય છે. બાળકો વહેલી સવારના ટ્યૂશનમાંથી કિલ્લોલ કરતા દફતર ખભે નાખી દોડતા હોય છે. છાપાવાળા સાઈકલ લઈને છાપા સરસ સ્ટાઈલથી ઘર ઘરમાં નાખતા હોય છે.

જેવા સોસાયટીની બહાર નિકળો એટલે જિંદગી રફતાર પકડે છે. બાઈક, સ્કુટર, ત્રણ પૈડાવાળા વાહનો, ફોર વ્હીલ, ટ્રક, બસ ધમધમાટી બોલાવતી જાતી હોય છે.

બાળકોને શાળાએ  મુકવા નિકળતા વાલીઓ, રિક્ષાઓ જતી હોય છે, શાકભાજીની ગાડીઓ, નોકરી કે ધંધે જવાવાળા બાઈક, બસ, સાઈકલ પર લક્ષ્યવેધી અર્જુનની જેમ ભાગતા હોય છે. સવારમાં બધાને ઉતાવળ હોય છે. દરેકને કોઈને કોઈ જગ્યાએ પહોંચવાની ઉતાવળ હોય છે. હાલાકી તેઓમાંથી થોડાક જ આજ સુધી ત્યાં પહોંચી શકયા હોય છે બાકીના હજી દોડે રાખે છે. કોઈને મકાન લેવું છે, કોઈને સંતાનો ભણાવવા છે કોઈકને પોતાના લગ્ન કરવા છે, કોઈકને દીકરા-દીકરીના લગ્ન કરાવા છે. દરેક દોડે છે. સવારમાં દરેક એક આશા સાથે દોડે છે આ જ એ દિવસ આવશે જયાં મારે પહોંચવું છે. અને દોડ ચાલુ રાખે છે. રોડના કિનારે એક પાગલ બેસે છે. સવારમાં કોઈ નાસ્તો આપી જાય તો નાસ્તો કરે છે. નાસ્તો પણ પોતાને ગમતો આપે તો જ કરે નહિતર ફેકી દે છે. તેને કોઈ જગ્યાએ જવાનું નથી તેને કંઈ પામવું નથી, તે દરરોજ ત્યાં જ હોય છે. તે કોઈ દિવસ દોડતો નથી. કયારેક એવા વિચાર આવે છે જિંદગી દોડવાથી મળે છે કે કોઈ એક જગ્યાએ બેસી જવાથી મળે છે ?

બસ સ્ટેન્ડ પર આવીએ છીએ તો જોવા મળે છે દરેક પોત પોતાનામાં મશગુલ છે. કોઈ બસની રાહ જુએ છે તો કોઈ કોઈની રાહ જુએ છે. બાળકોનો કલબલાટ, મોટેરાઓનો રઘવાટ, બસની ઘરઘરાટી, પાણીવાળાનો શોરગુલ ચાલુ હોય છે. બસમાં બેસીએ છીએ તો દરેક પોત-પોતાના વિચારોમાં પ્રવૃત્તિઓમાં, મોબાઈલમાં લીન જોવા મળે છે. બસની પાછળની સીટમાં બેસીએ તો આગળની બધી સીટમાં એકલા માથા જ બેઠા હોય તેવું લાગે છે. દરેક માથા દેખાવે અલગ અલગ છે નાના માથા, મોટા માથા, કાળા માથા, ધોળા માથા, અલગ અલગ કલરના માથા પણ દરેકનો આકાર એક સરખો છે પણ દરેકના મગજમાં ચાલતા વિચાર કેવા અલગ અલગ હોય છે. જન્મથી લઈને આજ સુધી અત્યારે તે જે બસમાં બેઠા છે ત્યાં સુધીમાં એની સાથે જે જે બન્યુ છે તેના આધારે તેના વિચારો ઘડાયા છે અનુભવો થયા છે. અને તેના આધારે તેઓની માનસિકતા બની છે. કોઈ ગુસ્સેલ છે, કોઈ શાંત છે, કોઈ વાસનાથી પીડિત છે, કોઈ પરમશાંતિ અનુભવે છે, કોઈ રઘવાટમાં છે. દરેક પોતાના પાછલા અનુભવોના આધારે અને તેની સાથે થયેલા વર્તનના આધારે તેઓ તેવા બન્યાં છે. કોઈકની આંખમાં ડુમો છે કારણે કે સ્વજનનું મૃત્યુ થયું છે ત્યાં જવા નિકળ્યા છે. કોઈકને હરખની હેલી ચાલે છે કારણ કે આજે તેનું ગમતું  પાત્ર તેની સાથે બાજુમાં બેઠું છે તે એને સતત અડકવાની કોશીશ કરે છે જાણી ખાતરી કરતા હોય કે આ સાચું જ છે ને. કોઈકને પરીક્ષાની ચિંતા છે. કોઈકને આનંદ છે સ્વજનને જઈને મળીશ, કોઈકને અધિરાઈ છે કયારે બસમાંથી ઉતરીશ. આમાં પણ એક જણ નિશ્ચિત છે તે છે કંડકટર કારણ કે તેને મંઝિલ સુધી પહોંચવામાં રસ નથી, તેને મંઝિલ જોઈ લીધી છે, અનેકવાર કહોને કે દરરોજ. તેને તો મુસાફરીનો જ આનંદ લેવાનો છે. તે બધા મુસાફરો સાથે વાતે વળગે છે. દરરોજ આવતા મુસાફરો સાથે અડધો અડધો માવો ખાય છે, અલક મલકની વાતો કરે છે. ત્યારે એવું લાગે છે કે  કયાંક પહોંચવાના ધખારા છોડી દઈએ તો મુસાફરીનો આનંદ લઈ શકાય તેમ છે.

દરેક તેમાંથી પસાર થાય છે. બસમાં બેઠેલા દરેકે દરેક તેમાંથી પસાર થયેલા હોય છે પરંતુ તેમાંથી પસાર થતી વખતે તેઓ શું અનુભવે છે અને તે અનુભવમાંથી શું પકડે છે અને તેને જીવનમાં કેવી રીતે અમલમાં મુકે છે તે કૃષ્ણ નકકી કરે છે. ઘણા એક અનુભવમાંથી જ ઘણુ બધુ શીખી લે છે તો ઘણાને આવા પુષ્કળ અનુભવ કરાવો તો ય તે તેમાંથી બોધ લેતા નથી. તેનું કારણ કૃષ્ણ છે. કૃષ્ણ જેને જે ઘડીએ મુર્ખ બનાવે તે મુર્ખ બને છે અને જે ઘડી એ બુદ્ધિમાન બનાવે છે ત્યારે તે બુદ્ધિમાન બને છે.

આપણે પણ કૃષ્ણના રસ્તે ચાલીએ અને એની રાસલીલામાં જે પાત્ર ભજવવાનું આવે તે પ્રામાણિકપૂર્વક ૧૦૦ ટકા ભાગીદારી સાથે ભજવીએ તો મુક્તિ મેળવવા માટે કોઈ અલગથી પ્રયત્ન નહી કરવા પડે. અખંડ જીવનસાધનાથી મુક્તિ આપણા ચરણોની દાસી બનીને સામેથી આવશે.

કૃષ્ણાર્પણ

અસ્તુ.

મો. ૯૮૭૯૪૦૭૫૮૨

## ૧૧ શું હું તમારી સાથે ખાઈ શકું ?

**અજ્ઞાત**

(આજે દુનિયામાં સંવેદનહીન લોકો પણ વધતાં જાય છે તો સમસંવેદનશીલ લોકો પણ હયાત છે. જગતમાં આંખમાં આંસુઓનો માનવીય ભેજ રાખી જીવનાર માણસો માનવતાનું ધરુવાડિયું કહી શકાય. જગતમાં માનવીય ધરુવાડિયાં અધિક થતાં રહે...તો જીવનમાં સુખ,શાંતિ,ખુશીઓનો સૂરજ ઊગે એવું બને..બની શકે છે. અહીં આપેલી સત્યકથા આપણને ઢંઢોળી જાય છે કે? )

---

'શું હું તમારી સાથે ખાઈ શકું?'

બેઘર નાની છોકરીએ કરોડપતિને પૂછ્યું: અને તેના જવાબે બધાના આંખોમાં આંસુ ધસી આવ્યા. છોકરીનો અવાજ મધુર ને અનુકંપા ભર્યો હતો, છતાં એટલો મજબૂત કે આખું રેસ્ટોરાં શાંત થઈ ગયું. ભોજનની થાળી ઉપર બેસેલ શેઠનો જવાબ સાંભળવા સૌ એને જોઈ રહ્યા.. મોંઘી ભોજનની ડીશમાંથી પહેલો કોળિયો લેવા સૂટમાં સજ્જ એક માણસ સ્થિર થઈ ગયો. દીકરીના અવાજમાં રહેલી લાચારીની અનુભૂતિએ એ માણસની સંવેદના જાગી ગઈ, એની આંખ સજળ બની... માનવતા ઉજાગર થઈ ગઈ. ધીમેધીમે તેણે એક નાની, મેલીઘેલી છોકરી, ભૂખરા વાળ, પેટમાં ખૂબ ભૂખ,આંખોમાં આશા ભરેલી છોકરી તરફ પોતાનું મોં ફેરવ્યું.

કોઈએ વિચાર્યું નહોતું કે એ સરળ પ્રશ્ન બે જિંદગી બદલી નાખશે.

હોચિ મિન્હ સિટીની ઑક્ટોબરની બપોર હતી. ફ્રેન્ચ-વિયેતનામી રેસ્ટોરાંમાં, પ્રસિદ્ધ રિયલ એસ્ટેટ માલિક શ્રી લામ એકલા જમતા હતા. સાઠ વર્ષની આસપાસની ઉંમર, ચાંદીના વાળ, હાથમાં રોલેક્સ ઘડિયાળ અને એવો સ્વભાવ કે જે તેમના પ્રતિસ્પર્ધીઓને પણ ભયભીત કરી દેતો. તેઓ બે બાબતો માટે જાણીતા હતા; વ્યાપારિક ચાતુર્ય ને લાગણી શૂન્યતા.

અચાનક અવાજ આવ્યો. વેઈટરનો નહીં, પણ એક ૯-૧૦ વર્ષની નિર્બળ, ઉઘાડા પગે ફાટેલાં કપડામાં આવેલી છોકરીનો. સ્ટાફ તેને બહાર કાઢવા દોડ્યો, પણ લામે હાથ ઊંચો કરીને અટકાવ્યા.

'તારું નામ શું છે?' તેમણે શાંતિથી પૂછ્યું.

'મારું નામ એન છે,' તેણીએ ગભરાટથી કહ્યું. 'હું ભૂખી છું, બે દિવસથી કંઈ ખાધું નથી.'

લામે ખાલી ખુરશી તરફ ઇશારો કર્યો. આખું રેસ્ટોરાં સ્તબ્ધ રહી ગયું. છોકરી ધીમેધીમે બેસી ગઈ.

લામે વેઈટરને કહ્યું: 'એને મારી જેવી જ ડિશ બનાવી આપો અને એક ગરમ દૂધનો ગ્લાસ પણ.'

ડીશ આવતા એન ખાવા લાગી, ભૂખ એના પર હાવી થઈ ગઈ. લામ શાંતિથી એને જોતાં રહ્યા.

'તારા માતાપિતા ક્યાં છે?' તેમણે પૂછ્યું.

દીકરી: 'પપ્પાનું બાંધકામમાં અકસ્માતે મોત થયું. મમ્મી બે વર્ષથી ગુમ છે. હું દાદી સાથે પુલ નીચે રહેતી હતી, પણ ગયા અઠવાડિયે એ પણ ચાલ્યા ગયા.'

દીકરીની વાત સાંભળી લામની આંખો સ્થિર રહી, પણ ગ્લાસ પકડી રાખેલી આંગળીઓ સખત થઈ ગઈ.

કોઈને ખબર નહોતી કે લામ પોતે પણ ક્યારેક એ જ રસ્તાઓ પર ભૂખ્યા સુતા હતા. એ પણ એક વખત એન જેવો જ અનાથ હતો. પણ કદી હિંમત કરીને કોઈને 'શું હું તમારા સાથે ખાઈ શકું?' પૂછી શક્યો નહોતો.

પણ એ દિવસે, એ અવાજે એમના દિલના બારણાં ખોલી દીધાં.

લામે ધીમેથી પૂછ્યું: 'શું તું મારી સાથે દીકરી તરીકે રહેવા ઇચ્છે છે?'

એને આશ્ચર્યથી આંખો મોટી કરીને કહ્યું: 'શું તમે આ

સાચું કહો છો? હું તમારી દીકરી બની તમારી સાથે રહી શકું છું?'

મિ.લામઃ 'હું એકલો છું, સંતાનો નથી, તને ખાવાનું મળશે, રહેવાનું, શાળા, સુરક્ષા. પણ તારે પરિશ્રમી, જાગૃત ને સારા વર્તનવાળી દીકરી બનવું પડશે.'

રેસ્ટોરાંમાં ચકચાર મચી ગઈ. પણ લામ મજાક નહોતા કરતાં.

એનના હોઠ કંપ્યા એ બોલી : 'હા તમારી દીકરી બનવું મને ખૂબ ગમશે.'

લામની વિલામાં જીવન દીકરી એન માટે સ્વપ્ન જેવું હતું. પહેલીવાર એને ટૂથબ્રશ, ગરમ પાણીનો શાવર ને શુદ્ધ દૂધ મળ્યું.

શરૂઆતમાં એ ડરી જતી, ક્યારેક બેડની નીચે સૂઈ જતી અને ખિસ્સામાં રોટલી છુપાવતી.

એક રાત્રે એન રોટલી ચોરતાં પકડાઈ. એ રડી પડી : 'માફ કરજો હું ફરી કદી ભૂખી ન રહું એ માટે જ તો રોટલી લીધી હતી.'

લામ એનની બાજુમાં ઘૂંટણિયે બેઠાને કહ્યુંઃ 'તું ફરી કદી ભૂખી નહીં રહે, હું વચન આપું છું બેટા,'

એટલાથી બધું બદલાઈ ગયું વર્ષો વીત્યા એન સુંદર, હોશિયાર યુવતી બની.

વિદેશમાં સ્કોલરશિપ મેળવીને જવાના પહેલા એણે લામને પૂછ્યુંઃ 'તમે કોણ હતા આ બધાથી પહેલાં?'

લામે સ્મિત કર્યુંઃ 'તારો જેવો જ અનાથ બાળક, એકલો બાળક,કોઈ નહોતું મારું આ દુનિયામાં...'

લામે પોતાનું બાળપણ જણાવ્યું : ગરીબી, એકલતા, અવગણના. ખૂબ અડગ રહી જીવનમાં મહેનત કરતો રહ્યો. મને કદી બીજી તક મળી નહીં પણ મેં નક્કી કર્યું હતું કે જો કદી મારી જેમ કોઈ બાળક મળ્યો તો હું એને અવગણીશ નહીં.'

વાત સાંભળી એન રડી પડી, લામ માટે પોતાના માટે, અને એ તમામ બાળકો માટે કે જેઓ હજુ રાહ જોઈ રહ્યા હતા.

કેટલાક વર્ષો પછી, એન લંડનમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી બનીને ગ્રેજ્યુએટ થઈ. એણે ભાષણમાં કહ્યુંઃ

'મારી વાર્તાની શરૂઆત ક્લાસરૂમમાં નહીં પણ રસ્તાઓ પર થઈ હતી. એક પ્રશ્નથી 'હું તમારી સાથે જમી શકું? અને એક માણસે હા કહી.'

ઘરે પાછી આવીને લામ સાથે વાત કરીને જાહેરાત કરી : 'Can I Eat With You?' હું ફાઉન્ડેશન બનાવી રહી છું, જે બેઘર બાળકોને ભોજન, આશરો અને શિક્ષણ આપશે. પ્રથમ દાન મારા પિતા સમાન, શ્રી લામ, તેમની સંપત્તિમાંથી ૩૦% આપશે.''

સમગ્ર દેશ ચકિત થઈ ગયો. દાન, સહયોગ, સ્વયંસેવકો બધું વરસવા લાગ્યું.

અને આ બધું શરૂ થયું કારણ કે એક નાની છોકરીએ પૂછ્યું હતુંઃ 'શું હું તમારા સાથે ખાઈ શકું?'

દર વર્ષે, ૧૫ ઑક્ટોબરે, એન અને લામ એ જ રેસ્ટોરાંની બહાર રસ્તા પર બેસે છે અને ત્યાં આવનાર દરેક બાળકને ભોજન આપે છે.. મફતમાં, કોઈ પ્રશ્ન વગર.

કારણ કે ક્યારેક, એક ભોજન સાથે વહેંચવાથી આખી દુનિયા બદલાઈ શકે છે.

પ્રિય દોસ્ત!
ડુંગરાઓની વચાળે આવી પહોંચ.
સાથે તારી જાત સિવાય
કોઈનેય લાવીશ નહીં.
સમાજને પાછળ મૂકતો આવજે
પ્રકૃતિની સમીપે પહોંચીને
તારી
રોજની રમતગતમ
ભવ્ય બની રહેશે !
સાવ સહજ રીતે
નવીનવી રચના કરનારાં
વાદળોને નીરખતો રહેજે
અને
તારા જીવનમાં પણ
એમ જ થતું રહે તેમ કરજે !

સુઝાન પોલિસ સટ્ઝ

## ૧૨ અપંગના ઓજશ

**ડો. સંજય તલસાણીયા**

---

વ્યકિતની આવડત, કુશળતા કે હોશિયારી તેની અપંગતા કે ખોડખાપણની ઓશિયાળી નથી હોતી. જે વ્યકિત પાસે આવડત, કુશળતા અને હૈયે હામ હોય તો તે કોઈપણ જગ્યાએ ખીલી ઉઠે છે, ઊગી જાય છે. આવી વ્યકિત અન્ય માટે પ્રેરણા કે પથદર્શક બની શકે છે. માટે જ ભારતમાં જ નહીં વિશ્વમાં ૩ તારીખ, ત્રણ ડિસેમ્બર 'વિશ્વ વિકલાંગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે સંયુકત રાષ્ટ્ર સંઘ (યુનો) દ્વારા ૧૯૮૧ નાં વર્ષને 'અપંગ માનવ વર્ષ' જાહેર કર્યું, ત્યારથી 'વિશ્વ અપંગ દિન' ઉજવાય છે. પોતે અપંગ હોવા છતાં દેશ અને દુનિયામાં એવાં ઘણાં વ્યકિતઓ થયા અને છે કે જેઓ સામાન્ય માનવીને વિસ્મય પમાડે એવું જીવન જીવ્યા, નવી શોધ અને સાહિત્યની રચના કરી છે જેનો ટૂંકો પરિચય મેળવીએ:

**સુરદાસ :**

જન્મજાત અંધ હોવા છતાં સુરદાસે બાળકૃષ્ણનું જે વર્ણન કર્યું છે હિન્દી સાહિત્યમાં એવું વર્ણન અન્યત્ર દુર્લભ છે. તેમનું મૂળનામ બિલ્વમંગળ હતું. પિતા રામદાસ વિદ્વાન હતાં. કૃષ્ણ ભકિતમાં તલ્લીન સુરદાસે હિન્દી સાહિત્યની બેનમૂન રચના આપી અમર બની ગયા જેમ કે... 'સબસે ઉંચી પ્રેમ સગાઈ', 'મો સમ કોન કુટિલ-ખલ કામી', 'મૈયા મોરી મૈં નહીં માખન ખાયો' વગેરે અમર રચનાઓ આપી છે.

**સુખલાલ :**

સૌરાષ્ટ્ર- સુરેન્દ્રનગર જિલ્લાના લીમલી ગામમાં ૧૮૮૦ માં સુખલાલનો જન્મ થયો. શીતળાના રોગથી આંખો ગુમાવી તેમનાં ચર્મચક્ષુ બંધ થયા પણ અંતરચક્ષુ ખૂલ્યા તેથી તેઓ ભારતના મહાન ફિલસૂફ બની શકયાં. તેમનું 'દર્શન અને ચિંતન' પુસ્તક સાહિત્ય અકાદમી દ્વારા પુરષ્કૃત પુસ્તક છે.

**ભીમભોઈ :**

ઓરિસ્સાના આદિવાસી ખોડ જાતિમાં જન્મેલ ભીમભોઈની કિશોરાવસ્થામાં શીતળાએ આંખો છીનવી લીધી. કિશોર અંતર્મુખ બન્યો. બુધ્ધિ ચેતના જાગૃત થઈ. તેની બુધ્ધિ એક પછી એક શિખર સર કરતી ગઈ. સંત કહેવાયા. તેઓએ મૂર્તિપૂજાનો સખત વિરોધ કર્યો. તેમને અક્ષરજ્ઞાન મળ્યું ન હતું પરંતુ મહિમા ગોસાઈ સાથે અનેકવાર સત્સંગ અને પર્યટન દ્વારા તેમને આત્મબોધ પ્રાપ્ત થયો. એ આત્મબોધ ભજનો, સ્તુતિઓ અને લોકસ્તુતિરૂપે મળ્યો. જીવનકાળ દરમિયાન અંતઃસ્ફૂરણાથી અને શીઘ્રકાવ્યશકિતથી એણે હજારો રચના કરી, તેમનાં અનુયાયિઓએ તે લખી લીધી. તેઓ સંતકવિ તરીકે પ્રસિધ્ધ થયા. અભણ, અનક્ષર, અંધ આદિવાસી હોવા છતાં તેમની આ પ્રતિભાને વંદન હજો.

**હોમર :**

અઢી હજાર વર્ષ પૂર્વ ગ્રીસ દેશમાં જન્મજાત પ્રજ્ઞાચક્ષુ હોમર જન્મ્યાં. પોતાની આગવી પ્રતિભાના આધારે ગ્રીસ દેશનાં મહાન કવિ બની શકયાં. આપણે ત્યાં રામલીલા, નાટક મંડળીઓ આવતી. તેમાં શૂરવીરતાના ગીતો ગવાતા. ગ્રીસ દેશમાં પણ આ પ્રમાણેની મંડળીઓ હતી. હોમરે તેમાં નવા શબ્દો ભેળવ્યા, નવા પાત્રો, કહાની ભેળવી હોમર સુંદર કવિતા, ગાથાઓ બનાવી લોકોને સંભળાવતો. ધનવાનો તેમને એ સંભળાવવા બોલાવતા અને તેને જમવાનું અને કપડાં મળી રહેતાં. આપણે ત્યાં જે સ્થાન-માન રામાયણ અને મહાભારતનું છે ત્યાં તેમની રચનાને એ જ સ્થાન અને માન છે.

**મિલ્ટન :**

અંધ હોવા છતાં પોતાની કવિતાઓ થકી સાબિત કરી દીધું કે મનની આંખ તનની આંખો કરતાં વધુ તેજસ્વી હોય છે. તેઓ બોલતા અને તેમની દીકરીઓ તેમની રચના કાગળ પર લખી લેતી. ઈંગ્લેન્ડનો સૌથી મહાન સાહિત્યકાર શેક્સપિયર ગણાય છે અને સૌથી મહાકવિ ગણાય છે જહોન મિલ્ટન 'પેરેડાઇઝ લોસ્ટ' (ગુમાવેલું સ્વર્ગ) 'કવિતા પેરેડાઇઝ રસગેઈન્ડ' (ફરીથી પ્રાપ્ત કરેલું સ્વર્ગ) આ ઉપરાંત જગતના ઈતિહાસમાં કદાચ એકના એક અંધ વિદેશ પ્રધાન છે.

**બ્રેઈલ :**

ઓગણીસમી સદીના આરંભ-દિવસોમાં ફ્રાન્સે બે લોકોને જગત - ઈતિહાસમાં અમર કરી દીધાં. એક હતો સૈનિકમાંથી શહેનશાહ બનેલો નેપોલિયન અને અંધજનોનો 'બ્રહ્મા' બની ગયેલો બ્રેઈલ. અંધ હોવા છતાં વિશ્વનાં કરોડો અંધજનો માટે આશીર્વાદ રૂપ બની ગયો. પેરિસ નગરથી ૪૭ કિ.મી. થી કૂપે નામના ગામમાં ચોથી જાન્યુઆરી ૧૮૦૯ માં જન્મ્યાં. નાનપણમાં અતિ દેખાવડા હતાં, ચબરાક અને કુનેહ - બુધ્ધિવાળા હતાં. પિતાનો વ્યવસાય ઘોડા પર લાદવાનો હતો. ત્રણ વર્ષની વયે સાંધવાનો સોયો આંખમાં વાગી ગયો અને આંખનું હીર હણાઈ ગયું. હિંમત ન હાર્યા, તેઓ ભાઈબહેન સાથે ભણવા જવા લાગ્યા. શિક્ષક જે કંઈ બોલે-કહે તે તેની મસ્તકની પાટીમાં ચોટી જતું. પરીક્ષામાં અન્ય વિદ્યાર્થીઓ ગલ્લા-તલ્લા કરે પરંતુ લૂઈ બેધડક સાચા જવાબ આપતો. તેને કોઈ દોરીને ચાલે તે ન ગમ્યું અને તે નેતરની સોટીથી ચાલવા લાગ્યો. પેરિસમાં જ એક અંધશાળા હતી તેથી ત્યાં ભણવા ગયો. પોતાની અસાધારણ બુધ્ધિ પ્રતિભાથી શિક્ષકોનો પ્રીતિપાત્ર બની ગયો હતો. તેણે કથિત લિપિ શોધી કાઢવાની મથામણ કરી. તેણે કુલ ૬૩ આકૃતિમાં તમામ અક્ષરો અને સંજ્ઞાઓનો સમાવેશ કરી દીધો. આ કામ તેણે માત્ર ૧૫ વર્ષની ઉંમરમાં કર્યું.

**હેલન કેલર :**

અપંગજનોમાં સૌથી અદ્‌ભૂત નારી એટલે હેલન કેલર. ત્રિવિધ અપંગતા (અંધ, બહેરા, મૂંગા) હોવા છતાં મહત્ત્વની ત્રણ જ્ઞાનેન્દ્રીય ન છતાં હેલન કેલરે જગતના લાખો અપંગજનોને હિંમતથી જીવવાની પ્રેરણા આપી. અભ્યાસ અને ઉદ્યોગ માટે સગવડો મેળવી આપી. તેમજ એમને માટે કેટલાય કલ્યાણકારી કાયદા કરાવ્યા.

તેમનો જન્મ ૧૮૮૦ ની ૨૭ મી જૂને અમેરિકાના અલાબમાં રાજયમાં ટસ્કમ્બીઆમાં થયો હતો. તેઓ જન્મવેળા દેખાવડા અને તંદુરસ્ત હતાં. પરંતુ ૧૯ મહિનાની ઉંમરે ત્રણ ઈન્દ્રિયો ગુમાવી. મગજમાં ગાંઠ થઈ તેને પરિણામે ત્રેવડી આફત આવી પડી. હેલનની તમામ સફળતાનો યશ તેની કુશળ શિક્ષિકા મિસ સલીવાનને ફાળે જાય છે. અંધ હોવા છતાં તેઓ લેટિન, જર્મની અને ફ્રેંચ ભાષા શીખી લીધી હતી. એ જ દિવસોમાં તેમણે 'ધી સ્ટોરી ઓફ માય લાઈફ' પુસ્તક લખ્યું. એ પછીતો તેમણે 'મીડ સ્ટીમ', 'માય લેટર લાઈફ', 'આઉટ ઓફ ધ ડાર્ક' વગેરે પુસ્તકો લખ્યાં. સૌથી મહત્ત્વનું પુસ્તક તો 'માય ટીચર' છે. 'ધ સ્ટોરી ઓફ માય લાઈફ' પછી તેનો વિશ્વ વિખ્યાત બની ગયાં. આગળ ભણી તેઓ ડૉકટરેટ થયાં.

દોસ્તો, આ તો થઈ વિશ્વ ફલક ઉપર ખૂબ જ પ્રસિધ્ધ વ્યકિતઓની વાત, પરંતુ આપણી આજુબાજુ પણ એવી ઘણી વ્યકિતઓ છે કે જે અપંગ હોવા છતાં તેઓની પ્રતિભા, કુશળતા, પ્રગતિ બેનમૂન છે, અદ્‌ભૂત છે, તેને દાદ દેવી ઘટે. અપંગ વ્યકિતઓ પણ સામાન્ય માનવી જેમ તન, મન અને હૃદય ધરાવે છે. તેમણે પણ લાગણી, સંવેદના કે ઊર્મિતંત્ર હોય છે. આવી કોઈપણ વ્યકિત સાથે આપણે ટીખળ કે મજાક ન કરીએ, તેની લાગણીને ઠેશ ન પહોંચાડીએ, આદરપૂર્વક વર્તન કરીએ એ જરૂરી છે.

આવો આપણે સહુ આપણા સંતાનો અને વિદ્યાર્થીઓને આ સંસ્કાર આપીએ

મો.૭૯૯૦૫૦૯૨૯૩

## ૧૩ ઈજનેર ગાંધી - ઈમારત અને ઈંટો

**સંકલન : સોનલ પરીખ**

---

મહેન્દ્ર મેઘાણી માત્ર એક નામ નહોતા, ફક્ત એક વ્યક્તિ નહોતા. એમને માટે 'વૈચારિક અભિયાન' શબ્દો પણ ટૂંકા પડે. તેમણે મહાત્મા ગાંધી માટે પુષ્કળ લખ્યું છે. એક લેખમાં એમણે ગાંધીજીને ઈજનેર કહ્યા છે અને એમણે ચણેલી સત્યાગ્રહની ઈમારત અને એને મજબૂત બનાવનાર ઈંટો એટલે કે સત્યાગ્રહી સૈનિકોની વાત ખૂબ સુંદર રીતે મૂકી છે.

જોઈએ એ લેખનો અંશ – હવે પછીનું લખાણ મહેન્દ્ર મેઘાણીનું છેઃ

ગાંધીજી એક અનન્ય ઈજનેર હતા. સામુદાયિક સત્યાગ્રહની જે ભવ્ય ઈમારત એમણે ચણી, તેમાં ઈંટો સમાન હતા એમના મૂંગા, નિઃસ્વાર્થ, નિરાભિમાની કાર્યકરો. એકલા આશ્રમના રહેતા અને તાલીમ પામેલા કાર્યકરો નહીં, આશ્રમની બહાર રહીનેય આશ્રમની જીવનપદ્ધતિમાં ઘડાયેલાં સ્ત્રીપુરુષો અને બાળકો. બાહ્ય રીતે જોતાં આ કાર્યકર્તાઓમાં ઊડીને આંખે વળગે એવું કશું ન હતું. મોટે ભાગે એ બધા સીધા-સાદા લોકો હતા. એમનામાં કેટલીક વિચિત્રતાઓ અને ઊણપો પણ હતાં. એમનામાં કેટલાક અનેક પ્રકારની પ્રતિભા ધરાવનાર પણ હતા. ગાંધીજી એમની શક્તિઓને પારખી ઉપયોગમાં લેતા ખરા, પણ માત્ર એ કારણે જ તેઓ તેમણે મૂલ્યવાન ગણતા ન હતા. ગાંધીજી તેમની કિંમત આંકતા તેમનામાં રહેલા હિંમત અને શ્રદ્ધાને કારણે, વિશેષ તો એમનામાં રહેલા સૈનિકસહજ આજ્ઞાપાલન દાખવીને ધ્યેયને કાજે પોતાનું બલિદાન આપવાની તેમની શક્તિને કારણે જ ગાંધીજી તેમની કિંમત આંકતા હતા. આખી રચનાના હાર્દ સમાન આ સાથીઓ જ્યારે બૌદ્ધિક સંશયનો ભોગ બની પાછા પડતાં ત્યારે ગાંધીજી એમને ફરી ફરી ઉપયોગમાં લેતા. આવા કાર્યકર્તાઓ ખોળવામાં અને એમને ઘડવામાં પોતાના સમય અને ધ્યાન આપવામાં ગાંધીજી જરા પણ અચકાતા નહીં. તેમની અંદર રહેલા ઉત્તમને બહાર લાવવા માટે ગાંધીજી પોતાનું શ્રેષ્ઠ અર્પણ કરતા.

'ગાંધીજીના નિકટના વર્તુળમાં ઘનશ્યામદાસ બિરલા જેવા ચકોર વેપારી, જવાહરલાલ જેવા ક્રાંતિકારી, રાજગોપાલાચારી જેવા સૂક્ષ્મ બુદ્ધિવાદી, રાજેન્દ્રબાબુ જેવા દેશભક્ત, મૌલાના આઝાદ જેવા ધર્મોપદેશક અને સરદાર વલ્લભભાઈ જેવા લોખંડી પુરુષનો સમાવેશ થતો હતો. લોકોને નવાઈ લગતી કે વિવિધ પ્રકારનાં આટલાં બધાં વ્યક્તિત્વોનાં ત્યાગ, વફાદારી અને ભક્તિ ગાંધીજી મેળવી શકતા હતા ને જાળવી શકતા હતા તથા તેમણે પોતાના પ્રેમના બંદીવાન બનાવી શકતા હતા તેની પાછળ કઈ શક્તિ રહેલી હશે? પરસ્પરવિરોધી એવાં હિતો અને પ્રકૃતિઓના આટલા વિશાળ શંભુમેળા વચ્ચે સુમેળ અને એકરાગ સાધીને અહિંસાની તાકાતનું નિર્માણ તેઓ કેવી રીતે કરી શકતા હશે? પોતપોતાના ક્ષેત્રમાં જે જાતે ધુરંધર હતા એવાં આ મહાનુભાવોનાં ચિત્ત અને હૃદય પર તેમણે અજબ પ્રકારનો પ્રભાવ અને કાબૂ જમાવ્યો તેનું રહસ્ય શું હશે? એવી તે શી વસ્તુ તેમની પાસે હતી કે આ બધાએ તેમને પોતા પૈકી સર્વશ્રેષ્ઠ ગણ્યા? એનું રહસ્ય હતું તેમની ઊંડી સહાનુભૂતિમાં, તેમના ઝીણવટભર્યા વિવેક તથા તેમની સ્વાભાવિક મીઠાશ અને કુનેહમાં. ક્રાંતિકારીઓને પોતાના કરતાં પણ વધારે કૃતનિશ્ચયી અને હિંમતવાન ક્રાંતિકારીનાં દર્શન એમનામાં થયાં.

પોતાનાં સાધનો વિષે ગાંધીજી કદી ફરિયાદ કરતાં નહીં. મનુષ્યસ્વભાવ જેવો હોય તેવો સ્વીકારી લઈને તેઓ ચાલતા. ગાંધીજી પોતાની જાતને અનેક દુર્બળતાઓથી ભરેલા માનવી તરીકે જોતાં. એટલે બીજાના દોષનું દર્શન

કરવામાં તેઓ મંદ હતા, પણ પોતાની નબળાઈઓ વિષે અત્યંત અસહિષ્ણુ હતા. જે કપરા માર્ગે ચાલીને તેમણે પોતાના પર કાબૂ મેળવ્યો હતો તેનું સ્મરણ તેમણે બીજાની ઊણપો પ્રત્યે સહિષ્ણુ બનાવતું.

પોતે જેને માટે તૈયાર ન હોય તેવો કોઈપણ ભોગ આપવાનું બીજાઓને તે કદી કહેતા નહીં. સામા માણસમાં રહેલા સર્વોચ્ચ અંશને બહાર લાવવા અને તેનો વિકાસ સાધવા માટે એ નિરંતર મથતા રહેતા. ભલાઈને અસરકારક બનાવતા અને સામા માણસની લાગણી દુભવ્યા વિના તેને સત્ય સાંભળાવવાની અને તેના આનંદપૂર્વકના સહકાર સાથે તેની પર 'આધ્યાત્મિક શસ્ત્રક્રિયા' કરવાની કલા તેમણે વરેલી હતી.

પ્રતિસ્પર્ધીને માત કરવાને નહીં, પણ સત્યની ખોજમાં વિરોધીને પણ પોતાનો ભેરુ બનાવવાને તેઓ તાકતા હતા. તેની તાકાતનો નાશ કરવાને બદલે તેનું પરિવર્તન કરતા, તેને વિકસાવતા. પોતાના વલણમાં રહેલો દોષ વિરોધી પોતે જોઈ શકે એમાં મદદરૂપ થઈ તેને પોતાનો બનાવી દેતા. પરિણામે વિરોધીનું મન ટક્કર લેનારું મટી ગ્રહણશીલ બનતું. છેવટ જતાં જીત કે હર કોઈની રહેતી નહીં. સત્યની જ શોધ અને સત્યના જ વિજયનો રોમાંચ તથા આનંદ બંને પક્ષ એકસરખી રીતે અનુભવતા.

ગાંધીજી બાંધછોડ કરતા, છૂટછાટ મૂકતા, સુમેળ બેસાડવા મથતા, પણ પોતાના પાયાના સિદ્ધાંતોની બાબતમાં અચલ રહેતા. લોકોની લાગણી ન દુભાય તેમ કડવાંમાં કડવાં સત્યો એમને મોઢામોઢ સાંભળાવતા. પોતે કડક આત્મસંયમ પાળતા છતાં બીજાના કાજી કદી બનતા નહીં. તેમની ઝીણી નજરમાંથી કશી બાબત છટકી શકતી નહીં, છતાં તેઓ બીજાનો ન્યાય તોળવા ક્યારેય બેસતા નહીં. તેમના પર પ્રેમ રાખનારને આત્મસંયમ કેળવવા માટે સહકારની જરૂર પડે તો અવશ્ય આપતા, પણ બીજાના જીવનમાં દખલ દેતા નહીં.

ગાંધીજી સાદાઈમાં માનતા, પણ ફૂવડપણામાં નહીં. ભૌતિકવાદને વખોડતા, પણ કરોડો લોકોને પાયાની ભૌતિક સુવિધાઓ પૂરી પાડવા માટે તેમણે બીજા કોઈના કરતાં વધારે જહેમત ઉઠાવેલી હતી. સત્યને વળગી રહેવા માટે ગમે તેટલાં કષ્ટ સહન કરવાની લોકોની તૈયારી હોવી જોઈએ એમ તેઓ માનતા, પણ કેવળ કષ્ટ સહન કરવા ખાતર કષ્ટ સહન કરવાનો સંપ્રદાય તેમણે બનાવ્યો ન હતો. તેમણે મન સત્ય કોઈ સિદ્ધાંત નહીં, સદૈવ વિકાસશીલ તત્ત્વબોધ હતો. સત્યની અવિરત સાધનમાંથી જ તેમને વિચારની સ્પષ્ટતા, વિગતો પરનો કાબૂ તથા લગભગ છઠ્ઠી ઈન્દ્રિય જેવી વિચક્ષણ પ્રકારણ સૂઝ પણ લાધતી હતી.

લૉરેન્સ હાઉસમેને કહ્યું છે તેમ ગાંધીજી એટલા બધા સાદા ને નિખાલસ હતા, એટલે નેકદિલ હતા, એટલો વિશ્વાસ બધા પર મૂકીને ચાલતા કે તેમના વિરોધીઓ અને મિત્રો સુદ્ધાં ગૂંચવણભરી પરિસ્થિતિમાં મુકાઈ જતા. કોઈ તેમના પર ખોટો પ્રભાવ પાડવાનો પ્રયાસ કરતું તો ગાંધીજીની વેધક દૃષ્ટિ તરત તે પામી જતી અને પોતાની શંકા વિનોદપૂર્ણ પણ સાફ શબ્દોમાં તેઓ દર્શાવતા જ.

**દુર્લભ રત્ન**

વિનોબાએ ગાંધીજીને પત્રમાં લખેલું: 'ઈશ્વર મારી પાસેથી સેવા લેશે કે? આ દુનિયામાં તમારા આશીર્વાદ વિના બધું શૂન્ય છે. આપના મહાયજ્ઞની આહુતિ બની જવાની યોગ્યતા ઈશ્વર પાસે આ સેવકને અપાવજો.' જવાબમાં ગાંધીજીએ લખ્યું:

'વિનોબા, તમારો પ્રેમ અને ચારિત્ર મોહમાં ડૂબાડી દે છે. તમારી ભકિત અને શ્રદ્ધા આંખમાં હર્ષના આંસુ આણે છે. હું તેને લાયક હોઉં કે ન હોઉં, પણ તમને તો તે ફળશે જ. તમે મોટી સેવાનું નિમિત્ત બનશો તમને ઈશ્વર દીર્ઘાયુષી બનાવો અને તમારો ઉપયોગ હિંદની ઉન્નતિને સારુ થાઓ.'

વિનોબાનું નૂર કળી ગયેલા ગાંધીજીએ ઈ.સ.૧૯૧૭માં દીનબંધુ એ.ને વાતવાતમાં વિનોબા વિશે કહ્યું હતું: 'આશ્રમના દુર્લભ રત્નોમાંના આ એક છે. તેઓ આશ્રમને પોતાના પુણ્યથી સીંચવા આવ્યા છે.'

## ૧૪ જીવન અને મરણ

**ડો. બી. એમ. શેલડિયા**

---

કબીરે એક પદ લખ્યું કે ચાલું ઘંટીને જોઈને હું બહુ જ ગભરાઈ ગયો. કારણ કે આ ચાલું ઘંટીમાં બે પડ વચ્ચે જે દાણા દબાઈ ગયા, તે લોટ થઈ ગયા. અને કબીરે કહ્યું, મને એવું લાગ્યું, આ સમગ્ર જગત એક ચાલું ઘંટી/ચક્કી છે, જેની અંદર બધાં જ દળાઈ રહ્યા છે.

કમાલ  કબીરથી વિપરિત વાતો કહ્યા કરતો હતો. હકીકતે પુત્ર પિતાથી વિપરીત વાતો કહ્યા કરે છે અને એ પુત્રથી પણ શું, જે પિતાથી થોડો-ઘણો વિપરીત ન હોય! તેમાં મીઠું જ નથી, તેમાં પ્રાણ જ નથી. કમાલ કબીરનો પુત્ર હતો, એટલા માટે જાણકાર તો હતો જ. કબીરે જ તેનું નામ પાડ્યું હતું કમાલ. તે કબીરની વિરુદ્ધમાં પદ લખ્યાં કરતો હતો.

તેથી કબીરે જ્યારે આ પદ લખ્યું કે ઘંટીમાં બે પડ વચ્ચે મે કોઈને બચતાં જોયાં નથી, તેથી કમાલે એક પદ લખ્યું, આ તો યોગ્ય છે, પરંતુ જેમણે ઘંટીનો વચ્ચેનો ખીલો/ધરીનો સહારો પકડી લીધો, તે બચી ગયાં. બાકીના સહુ પીસાઈ ગયાં.

હવે આ બિચારા અર્જુને, જો કમાલની આ પંક્તિ વાંચી હોત - નહીં વાંચી હોય, કારણ કે કમાલ તો બહુ જ પાછળથી જન્મ્યા હતા. તો અર્જુન ગભરાઈ જાત કે મામલો શું છે ! તમારા જ મુખમાં ! અમે તો વિચારતાં હતા, તમે વચ્ચેનો ખીલો/ધરી છો, જેના સહારે બચી જઈશું. પણ તમારી સામે જ મરણ આવે છે ! તેથી જેને પોતાના માન્યા હતા, જેને સહારે વિચારતા હતાં, મૃત્યુ સાથે લડી લઈશું, જેને સહારે હંમેશા વિચારેલું મૃત્યુ સાથે લડી લઈશું. જેને સહારે હંમેશા વિચાર્યું હતું કે કોઈ ભય નથી, બચાવનાર છે, તેની સામે જ મૃત્યુ થઈ રહ્યું છે. જેને રક્ષક સમજ્યા હતા, તે જ ભક્ષક દેખાય છે. તો આપણે સમજી શકીએ છીએ કે અર્જુનની ગભરામણ કેવી રહી હશે.

તે ગભરામણ સ્વાભાવિક છે. પરંતુ સ્વાભાવિક એટલા માટે છે કે પરમાત્માનું જે રૂપ આપણે બનાવ્યું છે, તે આપણી મનોનુકૂલ આકાંક્ષાથી બનાવ્યું છે. તે પરમાત્માનું રૂપ નથી, આપણી વાસનાઓનું જ રૂપ છે.

મૃત્યુ પણ પરમાત્મામાં જ ઘટિત થાય છે અને જીવન પણ તેમાં જ ઘટિત થાય છે. તે માતા પણ છે અને તે મૃત્યુ પણ છે. એટલા માટે માતા કાલીની પ્રતિમા બહુ જ સાર્થક છે. તેનામાંથી જ બધું નીકળે છે અને તેનામાં જ બધું લીન થાય છે. બધી જ નદીઓ સાગરમાં જાય છે અને બધી જ નદીઓ સાગરમાંથી જ જન્મે છે. પછી સૂર્યના કિરણોથી ઉપર વાદળમાં ચડે છે, પછી વાદળોના સહારે પહાડો પર, પછી ગંગોત્રી પર વરસે છે. અને પછી સાગરની તરફ દોડે છે. જીવન પરમાત્મામાંથી જ ઉદ્ભવે છે અને પરમાત્મામાં જ વિલીન થાય છે.

જે નદી પોતાને સાગરમાં પડતી જોતી હશે, તે ગભરાઈ જતી હશે. મટી રહી છે, નદી તરીકેનું સ્વરૂપ ખોઈ રહી છે, સાગર મૃત્યુ છે. પરંતુ નદીને ખબર નથી કે સાગર મોત પણ છે અને ગર્ભ પણ છે. કારણ કે કાલે તાજી થઈને, નવી બનીને, યુવાન થઈને, વાસી થઈ ગયેલ છે, ગંદી થઈ ગયેલ છે, ઘરડી થઈ ગયેલ છે, ફરી જન્મશે. બધી જ ગંદકી સાગરમાં છોડી દેશે. પાછી તાજી, પાછી શુધ્ધ, , પાછી બાષ્પીભૂત થશે. પાછી ગંગોત્રી પર, પાછી ફરી યાત્રા શરૂ થશે. આ વર્તુળ છે.

સાગર નદીનું મૃત્યુ પણ છે અને સાથોસાથ જન્મ પણ છે. પરમાત્મા સૃષ્ટિ/સર્જન પણ છે અને પ્રલય/વિનાશ પણ છે, ત્યાં હોવું પણ છે અને ન હોવું પણ છે.

સંપર્કઃ૯૪૨૮૧૯૧૩૧૧

## ૧૫ ધર્મનિષ્ઠ વ્યક્તિ એટલે કેવી ?

**અજિત ઠોસર**

'ભગવદ્ગીતા'માં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, ચાર પ્રકારના પવિત્ર લોકો તેમની ભક્તિમાં લીન થાય છે- સંતપ્ત, જિજ્ઞાસુ, સંસારી સંપત્તિના પિપાસુ અને જેઓ જ્ઞાનમાં સ્થિત છે. આ ચાર લોકો એકબીજાથી બિલકુલ ભિન્ન છે પરંતુ તેમની ઈચ્છા એક છે કે તેમણે ભગવાનના આશ્રયમાં આવવું છે. આ ચાર વ્યક્તિઓ ભગવાનના શરણે આવવા તૈયાર છે, પરંતુ તેમ થવાના હેતુ અલગ અલગ છે. ભગવાન દરેક વ્યક્તિને તેમની શરણમાં લેવા તૈયાર હોય છે, શરત એટલી કે વ્યક્તિ જાતે આમ થવા તૈયાર હોવો જોઈએ, જે મોટાભાગના કિસ્સાઓમાં થાય છે.

પ્રથમ પ્રકારની વ્યક્તિ એટલે સંતપ્ત વ્યક્તિ જે તેના જીવનમાં અનેક તકલીફો અનુભવે છે. આ વ્યક્તિને તેમની તકલીફોને કાબુ કરવા માટે કોઈ ઉપાય મળતો નથી અથવા ઉપાય કરવાથી જોઈએ તેવી અસર થતી નથી. આવા સંજોગોમાં વ્યક્તિ પાસે એક જ ઉપાય રહે છે કે ભગવાનના શરણ્યે જવું અને પોતાને સમર્પિત કરવું કારણકે તેમની પાસે તેમની કોઈ પણ તકલીફનો ચોક્કસ ઉપાય ન હોય. ભગવાને આપણા જીવનની ગતિવિધિ નક્કી કરેલ હોય છે. એટલે સ્વાભાવિક છે કે ક્યારે ઉપાયની જરૂર પડશે તેના વિષે તેમને જ્ઞાન હોય છે. આ વ્યક્તિઓ અન્ય કોઈ સમયે ભગવાનને યાદ કરતા નથી અથવા કરવાની જરૂર નથી એવી માનસિકતા ધરાવે છે. જયારે તેઓને ખ્યાલ આવે છે કે સંસારી આધાર તેમની રક્ષા કરવા માટે સમર્થ નથી ત્યારે તેઓ રક્ષણ માટે ભગવાન તરફ વળે છે. એક ઉદાહરણ મહાભારતમાં દ્રૌપદીનું પાત્ર અહી બંધબેસતું છે. ભરી સભામાં પાંડવો દ્રૌપદીને હારી જાય છે પરંતુ હૃદયના ખૂણે એક વિશ્વાસ હતો કે તેમના પતિ તેમનું રક્ષણ કરશે , પરંતુ જયારે તેમને ખબર પડે છે કે તેમના પતિ દુર્યોધનના દાસ થયા છે ત્યારે દ્રૌપદી ભગવાન શ્રીકૃષ્ણ પાસે રક્ષણ માંગે છે. જયારે દ્રૌપદીને ખાતરી થાય છે સભાના મોભીઓનો પણ આધાર નથી, તે ક્ષણે તે ભગવાનને યાદ કરે છે. આ સમય એવો હતો જયારે તેમને પોતાના પર પણ વિશ્વાસ ન હતો, ત્યારે ભગવાનના શરણે જવું યોગ્ય છે એમ સમજીને શરણે ગયા અને શેષ ઈતિહાસ આપણને ખબર છે.

બીજી વ્યક્તિ છે જિજ્ઞાસુ, અથવા જ્ઞાન મેળવવા કુતૂહલવૃત્તિવાળી વ્યક્તિ હોય છે. આ વ્યક્તિઓએ સાંભળ્યું હોય કે ભગવાનના શરણે જવાથી સર્વે કાર્યો નિર્વિઘ્ન સંપન્ન થાય છે અને ભગવાન વ્યક્તિને અમાપ સમૃદ્ધિ આપે છે. આ વ્યક્તિઓને જિજ્ઞાસા હોય છે કે ખરેખર ગ્રંથોમાં કે ઉપનિષદોમાં જે લખાયું છે તે ૧૦૦% સત્ય છે કે નહિ. આ વ્યક્તિઓ તેમની કુતૂહલવૃત્તિના કારણે ગ્રંથોમાં કરેલ વિધાનોની પૂર્તતા કરવા હેતુ ભગવાનના શરણે જાય છે. આ વ્યક્તિઓએ સાંભળ્યું હોય કે ભગવાનના શરણે જવાથી આધ્યાત્મિક આનંદ મળે છે અને જીવન સફળ થયાનો અનુભવ થાય છે. આવી વ્યક્તિ આપણી આસપાસ અનેક સ્વરૂપે જોવા મળે છે. ઘણી વાર આવી વૃત્તિ તેમને ક્ષોભનીય પરિસ્થિતિમાં મૂકે છે. વ્યક્તિ આવા વિચિત્ર અખતરા કરે છે તે યોગ્ય નથી, પરંતુ આ વ્યક્તિઓની માનસિકતાને કોણ સમજાવે, અને કદાચ કોઈ સમજણ પાડે તો પણ આ વ્યક્તિ તેના મનનું જ કરશે. તાત્પર્ય કે આવી વ્યક્તિઓ તેમની જિજ્ઞાસા ન સંતોષાય ત્યાં સુધી વિવિધ પ્રયોગો કરતા રહે છે.

ત્રીજી વ્યક્તિ એટલે સંસારી સંપત્તિના પિપાસુ. આ વ્યક્તિઓ ભગવાનના શરણે પોતાની ઈચ્છાઓ ફલિત થાય તે હેતુ જાય છે. એટલે એમ કહીએ કે આ વ્યક્તિઓ સ્વાર્થી વૃત્તિની હોય છે, તેઓ ભગવાન સાથે તેમની વાત મનાવવા સોદાબાજી કરે છે જે અયોગ્ય છે. આ વ્યક્તિઓને માત્ર સાંસારિક સુખ પ્રાપ્ત થાય તે હેતુ તેઓ ભગવાનના શરણે જાય છે બાકી આધ્યાત્મિકતા કે એવી કોઈ ભાવના હોતી નથી. આ વ્યક્તિઓ એટલે વિદ્યાર્થીઓનો વર્ગ કહીએ તો ચાલશે, કારણકે આ વ્યક્તિઓ સમગ્ર વર્ષ દરમ્યાન કોઈપણ દેવતાના સ્થાને જતાં નથી, કોઈ તેમને કહે કે સમયાંતરે જવું જોઈએ તો તેઓ તે વ્યક્તિના સૂચનને વખોડી કાઢે છે. પરંતુ પરીક્ષાની મૌસમ આવે એટલે આ બધી પ્રજા દેવતા સ્થાને ભીડ કરે છે અને તેમને અચાનક તેમના ઇષ્ટ દેવતા યાદ આવે છે. આ વ્યક્તિઓ ભગવાનના શરણે જતાં નથી પરંતુ ભગવાન પાસે તેમની પ્રાર્થનાના બદલામાં પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તેવા આશીર્વાદની માંગણી કરે છે, જે અયોગ્ય છે. અંગ્રેજીમાં કહેવાય છે god helps those who help themselves. વ્યક્તિ જો એક પગલું સફળતાની દિશમાં મુકશે તો ભગવાન ૧૦ પગલાં ભરશે, પરંતુ શરત છે કે વ્યક્તિએ આરંભ કરવો પડશે.

ચોથી વ્યક્તિ એટલે જે ખરેખર જ્ઞાની છે. આ વ્યક્તિઓ ભગવાનની શરણાગતિ કોઈ વિકલ્પ તરીકે ઈચ્છતા નથી, પરંતુ સ્વ-અનુભૂતિ માટે ઈચ્છે છે. આ વ્યક્તિઓ જાણે છે અને માને છે કે આપણી આસપાસ દિવ્યશક્તિ છે જે આપણને રોજબરોજના જીવનમાં જરૂરી પ્રોત્સાહન આપે છે, જરૂરી માર્ગદર્શન આપે છે, જરૂરી તકો આપે છે. આ વ્યક્તિઓ મનની ચોખ્ખી હોય છે, મનમાં કોઈ નકારાત્મકતા નહિ, કોઈ દાવપેચ નથી, કોઈ રાગ, દ્વેષ, ઘૃણા જેવી ભાવના નહિ, ફક્ત ભગવાન પ્રતિ નિખાલસ પ્રેમ અને વિશ્વાસ. આવી વ્યક્તિ મળવી આજના સમયમાં દુર્લભ છે. ભગવાન કહે છે કે આવી વ્યક્તિને ભગવાન પ્રતિ સાચી ભક્તિ હોય છે શ્રદ્ધા હોય છે. આ વ્યક્તિ તેમના જીવનમાં કદી ભગવાન સાથે કોઈ પણ પ્રકારનો સોદો કરતા નથી. હવે વ્યક્તિને ભગવાન દ્વારા નિર્મિત આ વિશ્વમાં કેટલો ભરોસો છે તેના પર નિર્ભર છે કે આ બધી વાતોમાં આસ્થા રાખવી કે ફગાવી દેવી. ભગવાનને આવી વ્યક્તિ પ્રિય છે કારણકે આ વ્યક્તિને પોતાના જ્ઞાનનો અહંકાર નથી. પરંતુ જ્ઞાન થકી એટલી સમજ છે કે ભગવાનને શરણાગત થવું એટલે મોક્ષ તરફ પ્રયાણ કરવું, જે દરેક વ્યક્તિ ઈચ્છે છે. આપણા શાસ્ત્રોમાં લખાયું છે કે વ્યક્તિને મોક્ષ મળવું દુર્લભ છે કારણકે તે વ્યક્તિને કર્મને આધીન છે. શ્રીકૃષ્ણ કહે છે કે આ ચતુર્થ પ્રકારના લોકો છે, કે જે ભગવાનની ભક્તિમાં લીન થાય છે. આપણે ચોથી શ્રેણીના વ્યક્તિ જેવા રહીશું તો મોક્ષ તરફ પ્રયાણ કરીશું અને જીવનનો આનંદ પણ માણીશું, કારણકે ચોથી શ્રેણીની વ્યક્તિના મનમાં કોઈ પણ પ્રકારની નકારાત્મકતા નથી. જીવનમાં કૈંક મેળવવું છે પરંતુ તેના માટે કોઈ છળકપટ કરવું, મેલી મુરાદો નથી, જીવનનું સુખ મેળવવાની લોભી વૃત્તિ નથી. આવી નિસ્વાર્થ વ્યક્તિ જયારે ભગવાનના શરણે જાય છે ત્યારે ભગવાન આ વ્યક્તિને નિશ્ચિત તેની મહેનતનું ફળ આપે છે. આવી વ્યક્તિને આપણા શાસ્ત્રો ધર્મનિષ્ઠ વ્યક્તિ તરીકે ઓળખે છે.

મો.૯૯૨૪૭૯૬૫૫૫

હે પરમ દૃઢ પરમેશ્વર !
તું મને દૃઢ બનાવ.
બધાં પ્રાણીઓ મને મિત્રભાવે જુએ;
હું બધાં પ્રાણીઓને મિત્રભાવે જોઉં;
અમે બધાં
પરસ્પર એકબીજાંને મિત્રભાવે જોઈએ.
- વેદ

## ૧૬ સંસ્થા સમાચાર (નવેમ્બર, ૨૦૨૫)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- અનુભવી વાર્તા લેખકોની ઉપસ્થિતિ અને માર્ગદર્શનમાં તા.૦૧ અને ૦૨ એમ બે દિવસીય આવાસી વાર્તાલેખન શિબિર લોકભારતીના ભાવાવરણમાં યોજાઈ ગઈ. શ્રી કિરીટભાઈ દૂધાત, શ્રી બિંદુબહેન ભટ્ટ, શ્રી મહેન્દ્રસિંહ પરમાર, શ્રી સંજયભાઈ ચૌધરી, શ્રી શક્તિસિંહ પરમાર, શ્રી રામ મોરી, શ્રી વિશાલભાઈ ભાદાણી સહિતના ગુજરાતભરમાંથી લગભગ સોળેક લેખકો તેમાં જોડાયા અને પોતપોતાની વાર્તાઓ રજૂ કરી ને તેના પર વિવેચનાત્મક ચર્ચાઓ કરી. શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા અને શ્રી કિશોરભાઈ હીરાણીએ સૌનો સહયોગ લઈને સરસ વ્યવસ્થા ગોઠવી. શ્રી અરુણભાઈ દવે સતત હાજર રહ્યા ને પ્રેરણા પૂરી પાડી.
- તા.૦૫ના રોજ લોકસેવા મહાવિદ્યાલય વર્ષ ૨૦૨૫-૨૬ની અભ્યાસક્રમ અને સહઅભ્યાસક પ્રવૃત્તિઓ -કાર્યક્રમોમાં ટુકડી મુજબ કાર્યકરોની કામગીરી સંદર્ભે એક મિટિંગ ગોઠવવામાં આવી.
- તા.૦૬થી સેમેસ્ટર-૩ અને ૫ની આંતરિક અને યુનિવર્સિટી સંચાલિત પરીક્ષાઓ યોજવામાં આવી.
- તા.૦૬થી લોકભારતીના બધા શૈક્ષણિક વિભાગોમાં દિવાળીની રજાઓ પછીના પુનઃ આગમનથી લોકભારતી પરિસર ફરીથી ગુંજતું થયું.
- અમદાવાદની અચલા ફાઉન્ડેશન સંસ્થાના સ્થાપક અને જાણીતા કેળવણીકાર શ્રી મફતલાલભાઈ પટેલ અને તેમના સાથીદારો શ્રી દધીચિભાઈ ઠાકર, શ્રી જયેશભાઈ રાવલ અને શ્રી હિતેશભાઈ પંડ્યા તેમ જ લોકભારતીના શુભેચ્છક એવા શ્રી નલિનભાઈ પંડિત તા.૦૮ના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- રાજકોટથી શ્રી ધનસુખભાઈ ઠકરાર-દંપતી તા.૧૦ના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- તા.૧૨મીના રોજ પીડીલાઇટ ઈન્ડસ્ટ્રીઝના ઉચ્ચ અધિકારીશ્રીઓની એક ટીમ શ્રી લવીનાબહેન ફર્નાન્ડીઝના નેતૃત્વમાં લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગઈ. સંસ્થાની પ્રવૃત્તિઓ, સ્વચ્છતા-સુઘડતાથી સૌ પ્રભાવિત થયા.
- તા.૧૨ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ આયોજિત સ્વાવલંબન યાત્રા સંદર્ભે લોકસેવાના પ્રથમવર્ષના વિદ્યાર્થીઓ સાથે સંમેલન યોજવામાં આવ્યું. જેમાં ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થિની કુ. ધ્રુવીબેન ભીંગરાડિયાએ સ્વાવલંબન વિશે અસરકારક રજૂઆત કરી અને સમાજકાર્ય વિભાગના પ્રાધ્યાપક શ્રી રવિભાઈ પંચોલીએ સ્વાવલંબન યાત્રાની ભૂમિકા સરદારસાહેબ સાથે લોકભારતીના સ્થાપક શ્રી મનુભાઈ પંચોળી, શ્રી વિજયાબેન પંચોલી અને શ્રી કૃષ્ણકુમારસિંહજી સાથે ભાવનગર રાજ્યની ઐતિહાસિક અર્પણ ઘટનાને વર્ણવી.
- તા. ૧૨ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત 'સ્વાવલંબન યાત્રા' અન્વયે વિદ્યાપીઠના અધ્યાપક શ્રી રવિભાઈ પંચોળીએ વિદ્યાર્થીઓ સાથે સંમેલનમાં વાત કરી.
- પ્રથમ વર્ષ બીઆરએસના વિદ્યાર્થીઓનો ઘઉં શ્રમ દોઢ દિવસ માટે તા.૧૪થી તા.૧૫ દરમિયાન

યોજાયો. જેમાં વિદ્યાર્થીઓએ વાવેતર પદ્ધતિ, બિયારણ, ક્યારા, પાળા બનાવવા વગેરે કાર્યનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો.

- તા.૧૭મીના રોજ શ્રી અરુણભાઈ દવે ગોશાળા સાથે સંકળાયેલા કાર્યકરોને લઈને શ્રી ગોપાલભાઈની અમદાવાદ મુકામેની બંસી ગોશાળાની અભ્યાસપૂર્ણ મુલાકાતે જઈ આવ્યા.
- તા. ૧૭ના રોજ શ્રી પ્રદીપભાઈ ક્યાડા આત્મા પ્રોજેકટ-ભાવનગર દ્વારા આયોજિત રિવ્યુ મિટિંગમાં ભાગ લેવા માટે ભાવનગર જઈ આવ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા નવેમ્બર માસ દરમિયાન ચણા, ઘઉં, ગ્રબર વિડર અને કિચન ગાર્ડનના અગ્ર હરોળ નિદર્શન ૨૦૦ ખેડૂતોને આપવામાં આવ્યું.
- તા. ૧૯ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પીએમ કિસાન સન્માન નિધિના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કેમ્પર પર યોજવામાં આવ્યું. જેમાં ૧૪૨ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- તા.૨૦ના રોજ શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ રાજકોટ મુકામે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિની વ્યવસ્થાપક મંડળની બેઠકમાં ભાગ લેવા જઈ આવ્યા.
- તા.૨૦ના રોજ ભાવનગર યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગ આયોજિત 'વિકસિત ભારત યુવા કનેક્ટ' કાર્યક્રમમાં એસ.વાય.ના ૧૦ બહેનો જઈ આવ્યા.
- તા.૨૧ના રોજ યુનિવર્સિટી સંચાલિત સેમ-૧ની પરીક્ષાનો પ્રારંભ થયો.
- તા.૨૧ના રોજ સત્રારંભ વક્તવ્ય આપતા શ્રી અરુણભાઈ દવેએ સંસ્થા સુવિધા, જાળવણી, સુઘડતા અને સ્વચ્છતા તથા વિદ્યાર્થી જીવનમાં મોબાઇલ અને તમાકુના વ્યસનનો વ્યાપ ચિંતાજનક રીતે વધી રહ્યો છે તે બાબતે બહુ સમજાવટપૂર્વક અને કારકિર્દી ઘડતરના વૈકલ્પિક કાર્યક્રમો વિશે સમજ આપી.
- તા.૨૧ અને ૨૨ એમ બે દિવસ શ્રી અરુણભાઈ દવેએ લોકસેવા મહાવિદ્યાલય, લોકભારતી અધ્યાપનમંદિર અને લો.ભા.યુનિ. એમ ત્રણેય વિભાગોમાં ક્રમશઃ સત્રારંભની શુભેચ્છાઓ અને સ્વચ્છતા-સુઘડતા-વ્યસન મુક્તિ અંગે વિભાગીય સંમેલનમાં સહિયારું અભિયાન છેડવા સૌને હાકલ કરી.
- તા.૨૨ના શનિ સમેલનમાં શ્રી રામચંદ્રભાઈ પંચોલીએ લોકસેવાના એસ.વાય. અને ટી.વાય.ના વિદ્યાર્થીઓને સારો માણસ બનવા માટેની પ્રેરણા આપી.
- લોકભારતીના શુભેચ્છક એવા શ્રી મિલનભાઈ મહેતા અને હૈદરાબાદ સ્થિત શ્રી અમિતાભ ભટનાગર કે જેઓ આઈટી નિષ્ણાત છે અને હવે ગાયો માટે સચિંત થયા છે અને ગાયોના આર્થિક સ્વાવલંબન બાબતે બધે ફરે છે, સમજાવે છે, તેઓ લોકભારતી ગોશાળાની મુલાકાતે આવી ગયા.
- તા.૨૫ના રોજ શ્રી અમિતાભ ભટનાગરનો વિદ્યાર્થી સમૂહ સમક્ષ Block Chain Technology અને Crypto Currency અંગેનો એક રસપ્રદ સંવાદ યોજાઈ ગયો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર દ્વારા નવેમ્બર મહિનામાં જે તાલીમી પ્રવૃત્તિઓ થઈ હતી તેમાં- તલાટી કમ મંત્રી પાયાનો વર્ગ ૮૩ સૌ તાલીમાર્થીઓ સારસ્વત ભવનમાં વાર્તા - વાંચન સંગોષ્ઠિમાં સૌ તાલીમાર્થીઓ જોડાયા. શ્રી હિતેશભાઈ પંડયા નાયબ ચીટનીશ જિલ્લા પંચાયત ભાવનગર તાલીમાર્થીઓ સમક્ષ રેકર્ડ વર્ગીકરણ જાળવણી આર.ટી.આઈ.માહિતી અધિકાર કાયદો અધિનિયમ ૨૦૦૫ તથા કલમો ઉપર રસપ્રદ ચર્ચા કરી.શ્રીયાકૂબભાઈ કોઠારીયા-ગ્રામસભા સંદર્ભે પ્રેક્ટિકલ ગ્રામસભા યોજી ગયા.શ્રી નિગમભાઈ શુક્લા તાલીમાર્થીઓ સમક્ષ ખેત સુધારણા કૃષિ વિષયક આધુનીકરણ અને કે.વી.કે.ની જરૂરિયાત અને તેના ફંક્શન વિષે માહિતી આપી.તા ૧૮ના રોજ સમાપન

કાર્યક્રમમાં શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ શુભેચ્છા પાઠવી તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરેલ.

- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા ૨૫ના રોજ તલાટી કમ મંત્રી પાયાનો તાલીમ વર્ગ ૮૪માં મહિલા તલાટી કમ મંત્રીનો ત્રણ મહિના માટેનો પૂર્વ સેવા તાલીમ વર્ગ શ્રી અરુણભાઈ દવેની ઉપસ્થિતમાં શરૂ થયો.
- તા.૨૬થી ૨૯ દરમિયાન લોકસેવાના તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે નાયબ ખેતી નિયામક ભાવનગર આયોજિત યુવા સંસ્થાકીય તાલીમ વર્ગનું આયોજન કરેલું જેમાં કૃષિ વિષયના નિષ્ણાંતો દ્વારા ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.
- ઉત્થાન સંસ્થા ભાવનગર દ્વારા કોસ્ટલ એરિયા અને આદિવાસી એરિયાની બહેનો સાથેનો એક વર્કશોપ લોકભારતી મુકામે તા.૨૮ના રોજ યોજાઈ ગયો.

**આંબલા સમાચાર**

- તા.૦૨ના રોજ સંસ્થાના મદદનીશ શિક્ષક શ્રી સુરેશભાઈ પટેલની દીકરી શ્રી દ્દષ્ટિબહેનને ડૉકટરની પદવી મળી એ ખુશીમાં તેમને અભિનંદન આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૦૯ના રોજ પાલિતાણા હાઇસ્કૂલના આચાર્ય શ્રી ઘનશ્યામભાઈ રાઠોડે પ્રાર્થનાના અનુસંધાને ‘જીવનમાં વાંચનનું મહત્ત્વ’ વિષે વક્તવ્ય આપેલ.
- તા. ૧૦ના રોજ સાયન્સ સીટી ખાતે રોબોટિક અને ઑટોમેટિકની તાલીમમાં ગણિત-વિજ્ઞાન શિક્ષક શ્રી નરેન્દ્રભાઈ મકવાણા જઈ આવ્યા.
- તા.૧૧ના રોજ શ્રી બાલાભાઈ ડાયાભાઈ ડાંગરની ૧૬મી પુણ્યતિથિ નિમિત્તે રંઘોળા મુકામે યોજાયેલ “ગિજુભાઈ બધેકાની બાળકેળવણી કથા”માં સંસ્થાની વિદ્યાર્થિની બહેનો જઈ આવેલ.
- તા.૧૧ અને ૧૨ના રોજ સંસ્થામાં વાંચનશિબિર યોજાઈ ગઈ. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન શ્રી રામચંદ્રભાઈ પંચોળી તથા ગૂજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપક શ્રી રવીન્દ્રભાઈ પંચોળીના હસ્તે દીપ-પ્રાગટયથી થયું. પુસ્તકાલયની જવાબદારી સંભાળતા કૈલાસબહેનએ બે હજાર જેટલા પુસ્તકોનું પ્રદર્શન ગોઠવેલું. સંસ્થાના દરેક કાર્યકર આ શિબિરમાં જોડાયા હતા.
- તા.૧૧ના રોજ પૂ.નાનાભાઈ ભટ્ટ જન્મદિવસ નિમિતે પ્રાર્થનાના અનુસંધાને પ્રાસંગિક વાતો થઈ.
- તા.૧૫ના રોજ ક્રાઈમ વિભાગના પી.આઈ.જાડેજાસાહેબ તથા તેમના સ્ટાફ સંસ્થા મુલાકાતે આવી વિદ્યાર્થીઓને સાઈબર ક્રાઈમથી થતાં ગુનાઓ વિષે માહિતી આપી ગયા.
- તા.૧૮ના રોજ વિદ્યાર્થીઓ તથા કાર્યકરોનું સમૂહભોજન રસોડા વ્યવસ્થાપક શ્રી મહર્ષિભાઈની ખૂબ સરસ વ્યવસ્થા અંતર્ગત યોજાયું.
- તા.૨૦ના રોજ જી.સી.ઈ.આર.ટી.-ગાંધીનગર અને ભાવનગર જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા સિહોર, વલ્લભીપુર અને ઉમરાળા તાલુકાનો બાળ-વૈજ્ઞાનિક પ્રદર્શનમાં શ્રી નરેન્દ્રભાઈ મકવાણાના માર્ગદર્શનથી વિદ્યાર્થીઓ સિહોર મુકામે ભાગ લઈ આવ્યા.
- તા.૨૩ના રોજ એન.સી.સી. દિવસ નિમિતે ૩ નેવલ એન.સી.સી.ના કેડેટ્સ તરફથી વૃક્ષારોપણ અને તથા ગ્રામસફાઈ કરીને કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી.
- તા.૩૦ના રોજ ભાવનગરના ડૉ.રિધ્ધિબેન સંસ્થા મુલાકાતે આવેલ અને વિદ્યાર્થીઓને આયુર્વેદ વિષે માહિતી આપી, તાળી યોગ તથા એરોબિક યોગ કરાવી તેનું મહત્ત્વ સમજાવ્યું.
- તા.૩૦ના રોજ વિદ્યાર્થીઓની આમસભા યોજાઈ ગઈ.

**મણાર સમાચાર**

- દિવાળી વેકેશન પૂરું થતાં દ્વિતીય સત્રનો રાબેતા મુજબનો પ્રારંભ થયો. તા. ૭ના રોજ શ્રી મેહુલભાઈ ભટ્ટ સાથે બેઠક યોજાઈ ગઈ.

- સરકારશ્રી તરફથી મળેલ સાયકલોનું ધો. ૯ની બહેનોને વિતરણ કરવામાં આવ્યું.
- તા. ૦૯ના રોજ શ્રી મનહરભાઈ ઠાકર લેખિત પુસ્તકોના વિમોચન કાર્યક્રમમાં આચાર્યશ્રી ડાંગરભાઈ, શ્રી કંચનબેન અને શ્રી ભાવેશભાઈ જાંબુચા સરદાર નગર ગુરુકુળ ભાવનગર જઈ આવ્યા.
- પીડીલાઈટમાંથી શ્રી લવીનાબહેન અને અન્ય કાર્યકરો સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા. ૧૧ના રોજ એન.સી.સી કેડેટ્સ પરેડ યોજાઈ ગઈ.
- નવેમ્બર માસ દરમિયાન ધોરણ- ૧૦ અને ધોરણ- ૧૨ ના બોર્ડની પરીક્ષાના આવેદનપત્રો ભરાયા.
- ધો. ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ જી.સી.આર.ટી આયોજિત વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શનમાં રાજપરા મુકામે ભાગ લેવા જઈ આવ્યા.
- તા.૨૨ રોજ શ્રી લાલુદાન ગઢવી, શ્રી રઘુભાઈ (તબલાવાદક અને ઢોલક વાદક) અને વિદ્યાર્થીઓએ લોક ડાયરાની રમઝટ જમાવી.
- તા. ૨૭ ના રોજ શ્રી કંચનબહેનની દિવગંત દીકરીના જન્મદિવસ નિમિત્તે વિદ્યાર્થીના વિકાસ અર્થે તેમના તરફથી ૫૦૦૧/- રૂપિયાનું અનુદાન મળ્યું. આચાર્યશ્રી તરફથી તેમનું અને તેમના પુત્રનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. શ્રી નીતિનભાઈ પંચોળીની પ્રેરક ઉપસ્થિત રહી. દરરોજની સાંજની પ્રાર્થનામાં ગાંધીવિચાર, પૂજ્ય નાનાદાદા, અને મનુદાદાના પ્રેરક પ્રસંગો તેમજ ઘડતર અને ચણતરની વાતો કરી તેમજ દેશાભિમાનની વાત નીતિનદાદાએ વિગતે કરી.
- તા. ૨૦-૧૧-૨૦૨૫ થી તા. ૧૦-૧૨-૨૦૨૫ સુધી બી.આર.એસ કૉલેજ દુમિયાણીથી ચાર તાલીમાર્થી બહેનો ઈન્ટર્નશિપ માટે આવી ગયા.
- તા. ૨૦ના રોજ ભાઈઓના નવા છાત્રાલયનું ભૂમિપૂજન શાસ્ત્રોક્ત વિધિપૂર્વક કરવામાં આવ્યું.
- તા. ૨૦થી ચાલુ થયેલી વિવિધ સ્પર્ધામાં લોકશાળા મણારના ખેલાડી - વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું. કુલ મળીને ૯૨૦૦૦/- જેટલી રકમ જીતીને શાળાનું અને સંસ્થાનું નામ રોશન કર્યું
- મહુવામાં જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ૧૦ યુવા ખેલાડીઓએ ભાગ લઈ તળાજા તાલુકાનું પ્રતિનિધિત્વ કરેલ તેમાં સિલ્વર, ગોલ્ડ, અને બ્રોન્ઝ મેડલ જીત્યા તેમજ તા. ૧૬ના રોજ કુસ્તીમાં બહેનો કુલ ચાર મેડલ જીતી ખેલ મહાકુંભમાં કરાટે જુડો સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી શાળાનું અને સંસ્થાનું નામ રોશન કર્યું.
- તળાજા તાલુકાના એસ.વી.એસ કક્ષાના કલા ઉત્સવમાં શાસ્ત્રીય સંગીત, ગાયન, વાદન અને ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી પ્રસંશા પ્રાપ્ત કરીને રોકડ ઇનામો મેળવ્યાં.
- સંસ્થામાં ચાલતાં ગૃહઉદ્યોગ વિભાગમાં ગુલાબ, લીમડો વગેરેનો ઉપયોગ કરી ન્હાવાના સાબુ બનાવતા બહેનોને શીખવવામાં આવ્યું.
- શિયાળો શરૂ થતા જ પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ચાલતાં ગૃહઉદ્યોગ વિભાગમાં ચીકી બનાવવાની સિઝન પૂરબહારમાં ખીલી છે, અનેક બહેનો આ દ્વારા રોજગારી મેળવી રહી છે અને લોકોને શુધ્ધ વસ્તુઓમાંથી બનતી પેદાશ મળી રહી છે.આ માટે એડવાન્સમાં ઓર્ડર બૂક થતા રહે છે.

**માઈધાર સમાચાર**

- તા. ૪ અને ૫ના રોજ શ્રી સર્વોદય સહકારી પ્રકાશન સંઘ અને લોકવિદ્યાલય માઈધારના સંયુક્ત ઉપક્રમે વાચન શિબિર યોજાઈ. કાર્યક્રમના પ્રારંભે શ્રી જગદીશભાઈ બોરીચાએ શિબિરની ભૂમિકા રજૂ કરી અને વાચનનું માનવ જીવનમાં મહત્ત્વ સમજાવ્યું. પ્રથમ દિવસે પ્રથમ બેઠકમાં શ્રી જિતુભાઈ ચુડાસમાએ ઝવેરચંદ મેઘાણીની વાર્તાઓનું રસપૂર્વક રસપાન કરાવ્યું. બપોર બાદ શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ 'એક સૈનિક' નામની પ્રેરક વાર્તા રજૂ કરી અને વાચનનું મૂલ્ય સમજાવ્યું. બીજા દિવસે સવારે ડૉ. દિનુભાઈ ચુડાસમાએ કેવી રીતે લખવું, વાચનરસ કેળવવાની રીતો, પુસ્તકોની પસંદગીના ધોરણો, પુસ્તકોનું જીવનમાં

મહત્ત્વ વગેરે વિશે રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો. બપોર પછી શ્રી ભાવનાબેન પાઠક દ્વારા આઈ. કે. વીજળીવાળા, ઝુલે વર્ન, ધ્રુવ ભટ્ટ, મનુભાઈ પંચોળી 'દર્શક' અને નાનાભાઈ ભટ્ટ જેવા ખ્યાતનામ સાહિત્યકારોના પુસ્તકો પર ચર્ચા કરી. તેમની વાચનયાત્રાની વિગતે વાતો કરી. શિબિર દરમિયાન ૧૮ વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો ખૂબ સુંદર રીતે વ્યક્ત કર્યા અને સાથી કાર્યકરોએ પણ સંતોષ તથા આનંદ વ્યક્ત કર્યો. સમગ્ર શિબિરના સંયોજક તરીકે શ્રી નાથીબહેન ભમ્મર અને શ્રી પાયલબહેન દેસાઈની મહત્ત્વપૂર્ણ કામગીરી રહી. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી પાતુભાઈ આહીર અને શ્રી નિર્મળભાઈ પરમાર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું.

- તા.૧૩મીના રોજ પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના ઉચ્ચ અધિકારીશ્રીઓની એક ટીમ કેન્દ્ર મુલાકાતે આવી ગઈ.
- તા.૧૩ નવેમ્બરનાં રોજ પાલિતાણા એસ.વી.એસ. કક્ષાનાં વિજ્ઞાન મેળામાં લોકકલ્યાણ વિદ્યાલયના વિદ્યાર્થીઓ અલગ અલગ વિભાગ મુજબ પાંચ મૉડલ લઈને વિજ્ઞાનમેળામાં જોડાયા.

● તા.૧૪ના રોજ બી.આર.સી.ભવન પાલીતાણા દ્વારા બ્લોકકક્ષાનું ગણિત, વિજ્ઞાન, પર્યાવરણ પ્રદર્શન-૨૦૨૫ પંડિત સુખલાલજી લોકવિદ્યાલય આવિષ્કાર કેન્દ્ર-માઈધાર ખાતે યોજાયું. આ પ્રદર્શનમાં પાલીતાણામાં સમાવિષ્ટ પ્રાથમિક શાળાઓએ ભાગ લીધો હતો. વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે સ્ટેમ થીમ પર જુદા જુદા ૫ વિભાગોમાં ધો. ૬થી ૮ના ૧૦૦ બાળવૈજ્ઞાનિકો અને ૫૦ માર્ગદર્શક શિક્ષક દ્વારા ૫૦ કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થી અને શિક્ષકોએ આ પ્રદર્શન નિહાળ્યું હતું. આ પ્રદર્શનમાં શ્રી અરૂણભાઈ દવે, શ્રી ભાવનાબેન પાઠક, ડાયેટ ભાવનગર વ્યાખ્યાતા અને પાલીતાણાના લાયઝન ઓફિસરશ્રી મુકેશભાઈ ધારૈયા, પાલીતાણાના કેળવણી નિરીક્ષક શ્રી બલભદ્રસિંહ ઝાલા, ભાવનગર જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના સભ્ય શ્રી ધનજીભાઈ બાલધિયા તથા સમગ્ર શિક્ષા પાલીતાણાનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો. પ્રદર્શનમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ઇનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક શ્રી નીલેશભાઈ ગઢવીએ કર્યું હતું. સમગ્ર પ્રદર્શનનું આયોજન પાલીતાણાના બી.આર.સી સંયોજક શ્રી ઘનશ્યામભાઈ મોભ અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે થયેલ હતું.

- તા. ૧૮ અને ૧૯ના રોજ શ્રી ભરતભાઈ દવેએ પ્રાર્થનાના અનુસંધાને વિદ્યાર્થીઓને દેશમાં બનેલ 'આતંકવાદી ઘટનાઓ અને સાચી કેળવણીમાં તેના ઉકેલ' અંગે સમજણ આપી હતી. તેમજ 'જ્યોત સદાય જલે' પુસ્તકનો રસાસ્વાદ કરાવ્યો હતો. તા. ૨૦ના રોજ 'શિયાળાની ઋતુમાં ખાનપાન અને આરોગ્યની કાળજી' વિષય ઉપર સરસ સમજૂતી આપી હતી.
- તા. ૨૨ના રોજ ડૉ. ભરતભાઈ મિસ્ત્રી પરિવાર સાથે માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.
- તા. ૨૩ના રોજ પારુલ યુનિવર્સિટી દ્વારા ભાવનગર ખાતે યોજાયેલ શ્રેષ્ઠશાળા સન્માનિત કાર્યક્રમમાં કાર્યકરો જઈ આવ્યા.
- તા. ૨૫ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયનાં વિદ્યાર્થીઓનું વાલીમિલન યોજાયું.
- તા. ૨૬ અને ૨૭ના રોજ લોકભારતીથી અહિંસાની કેળવણી પ્રોજક્ટના સંયોજક શ્રી દિનુભાઈ ચુડાસમા પ્રોજેકટની ૧૦ શાળાઓની મુલાકાતે જઈ જરૂરી સૂચનો કર્યા. તેમણે શ્રી પાતુભાઈ, શ્રી એભલભાઈ ભાલિયા, શ્રી ભાવનાબહેન પાઠક અને શ્રી અરુણભાઈ દવે સાથે પણ આ પ્રોજેક્ટ અંતર્ગત વિચાર-વિમર્શ કર્યો હતો.
- આ મહિના દરમિયાન શ્રી અરુણભાઈ દવે મકાન રીનોવેશન કામગીરીના માર્ગદર્શન માટે બે વખત આવી ગયા.

પંડિત સુખલાલજી લોકવિદ્યાલય-માઈધાર ખાતે યોજાઈ ગયો પાલીતાણા બ્લોક કક્ષાનો વિજ્ઞાનમેળો.









ગ્રામદક્ષિણામૂર્તિ-મણાર ખાતે ભાઈઓના છાત્રાલયનું થયેલું ભૂમિપૂજન





પૂજ્ય બાપુના હસ્તે શ્રી દિનુભાઈ ચુડાસમાના પુસ્તકનું બ્રહ્માર્પણ






TO.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-